بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# અહલે સુન્નત વ જમાઅત

ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

# માસિક બરકાતે ખ્વાજા

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૧-જૂન-૨૦૦૭**

જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર

**હિજરી સન : ૧૪૨૮**

વર્ષ : ૦૪, અંક : ૦૬, સળંગ અંક : ૪૨


برکاتِ خواجہ

## ચાંદસે ઉન્કે ચેહેરે પર.....

અઝ : હુજ્જતુલ ઈસ્લામ હઝરત હામિદ રઝા رحمۃ اللہ علیہ

ચાંદસે ઉન્કે ચેહેરે પર ગેસૂએ મુશ્કે ફામ દો
દિન હૈ ખિલા હુવા મગર વક્તે સહરો શામ દો

આરિઝે નૂરે બારસે બિખરી હૂઈ હટી જો ઝુલ્ફ
એક અંધેરી રાતમેં નિકલે મહે તમામ દો

ખૈર સે દિન ખુદા વો લાએ દોનોં હરમ હમેં દિખાએં
ઝમ ઝમ વ બીરે ફાતિમા કે પઈં ચલકે જામ દો

હાથોંસે ચાર ચાર કે હમ કો મિલેંગે ચાર જામ
દસ્તે હસન હુસૈનસે ઔર મિલેંગે જામ દો

નામે ખુદા હૈ હાથમેં નામે નબી હૈ ઝાતમેં
મોહરે ગુલામ હૈ પળી લિખ્ખે હુએ હૈં નામ દો

નામે હબીબ કી અદા જાગતે સોતે હો અદા
નામે મુહમ્મદી બને જિસ્મ કો યે નિઝામ દો

અબ તો મદીને લે બુલા ગુંબદે સબ્ઝ દે દિખા
'હામિદ' વ 'મુસ્તફા રઝા' હિંદમેં હૈં ગુલામ દો

**રુબાઈ**

અલ્લાહ કી સર તા બક઼દમ શાન હૈં યહ
ઈન સા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ
કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં
ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈ યહ

—આ'લા હઝરત رحمۃ اللہ علیہ


★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)


**નોંધ** ગ્રાહક નંબર ________ આપનું લવાજમ તા. ________ થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) જૂન-૨૦૦૭

**વર્ષ : ૦૪** **અંક : ૦૬** **સળંગ અંક : ૪૨**



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મુસ્લિમ યુવાન યુવતીઓ તથા મા બાપોને ઈસ્લામી સંદેશ !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૦૫. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૧૬ |
| ૦૬. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૧૯ |
| ૦૭. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ<br>એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૧ |
| ૦૮. | **મિશનરી શિક્ષણનું બેક ગ્રાઉન્ડ અને નાપાક યોજનાઓ** | **કાર્યાલય** | ૨૩ |
| ૦૯. | **દેવબંદી ધર્મની અસલિયત** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૨૯ |
| ૧૦. | નબીﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૩૩ |
| ૧૧. | હાફિઝે મિલ્લતના ઈશ્કની ફતહે મુબીન | **કાર્યાલય** | ૩૪ |
| ૧૨. | **શું શરીઅત અને તરીકત અલગ અલગ છે ?!** | **રજૂ.** સૈયદ મુહમ્મદ ઈરફાનઅલી અબ્બાસ–દયાદરા<br>*(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશ્રફિયહ, મુબારકપુર)* | ૩૫ |
| ૧૩. | **ધાર્મિક પત્રકારત્વની કરૂણ દાસ્તાન !** | **લેખક** : ખૂશ્તર નૂરાની–*તંત્રી : ઉર્દૂ માસિક 'જામે નૂર' દિલ્હી*<br>**અઝ** : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી | ૩૯ |
| ૧૪. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૪૪ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૧૬. | સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર | **કાર્યાલય** | ૪૮ |

# મુસ્લિમ યુવાન યુવતીઓ તથા મા બાપોને ઈસ્લામી સંદેશ !

તંત્રી લેખ....

હે મારા નવયુવાન ભાઈઓ તથા બહેનો ! તથા હે મારા વડીલ બંધુઓ ! અલ્લાહે મને તમને સૌને આંખો આપી છે, અક્કલ આપી છે એ એનું એહસાન છે. તો આપણે એ આંખો તથા દિમાગ તથા બુદ્ધિને કામે લગાડી આપણી ભલાઈ માટે પ્રયત્નો કરવા જોઈએ. આજે કોઈ પણ દૈનિક અખ્બાર ઉઠાવો તો તેમાં કમસે કમ ત્રણ ચાર સમાચારો તમને કુમળી કિશોરીઓ પર કે કોઈની પત્ની પર કે નાદાન બાળકીઓ પર બળાત્કારના વાંચવા મળશે, છેડતી થતાં લડાઈઓ, ખૂન થવાના તથા હોસ્પિટલમાં નવજાત શિશુ ત્યજી ભાગી જવાના કે ઉકરડામાંથી નવ જન્મેલ બાળક મળવાના સમાચારો દિવસે દિવસે વધી રહ્યા છે, વળી લગ્નની લાલચે ચાર વરસ સુધી બળાત્કાર કર્યો, લગ્નની લાલચે સગીર બાળાને ઉઠાવી ગયા, હોટલના રૂમમાં સામુહિક બળાત્કાર પછી ખૂન !!..... વગેરે બનાવો હવે જાણે રોજનીશી બની ગયા છે.

## કુકર્મો થવાના સબબો શું છે ?

અમારો પ્રશ્ન એ છે કે આ કુકર્મો કરનારા નરાધમો પુરૂષના રૂપમાં શૈતાન તો છે જ, જરૂર તેઓ ખૂબ જ મહાન મુજરિમ છે, પણ શું દરેક કેસમાં ફક્ત એ પુરૂષોનો જ એકલો વાંક છે કે પછી સ્ત્રીઓનો પણ એમાં કોઈ વાંક છે ?! આજે નગ્નતા દર્શાવતા પોશાકો, અંગ પ્રદર્શન કરતા ભડકાવનારા ડ્રેસો પહેરવાની ફેશન તથા 'બોય ફ્રેન્ડ' બનાવવાની જે યૂરોપી ગંદી પદ્ધતિ આપણા સમાજમાં ઘુસી રહી છે એનાં પરિણામો શું ઉપર દર્શાવ્યાં તે થઈ શકે છે કે નહીં ? અથવા રાજીખુશીથી ઝિનાકારી થશે કે નહીં ?! બળાત્કારો થવાના સમાચારો ત્યારે જ બને છે જ્યારે બંને પક્ષની રઝામંદી નથી હોતી, નહીં તો પશ્ચિમી સંસ્કૃતિના કુછંદે ચાલીને ન જાણે કેટલો વ્યભિચાર સમાજમાં ફલી ફૂલી રહ્યો છે, અને શરમ તથા હયા અને ઈસ્લામી હુકમો તથા કાનૂનોનું સરેઆમ ઉલ્લંઘન થતું આપણે સૌ જોઈ રહ્યા છીએ, છતાં આપણે ચૂપ છીએ ! ન કોઈ એને રોકવાની તજવીઝ થાય છે, ન કોઈ પ્લાન ન કોઈ યોજના ! સૌ આંખ આડા કાન કરીને ચાલી રહ્યા છે, બલ્કે કેટલાક 'દય્યૂષ' જેમ કહી રહ્યા છે કે, "હવે એ તો ચાલે ! સમય જ એવો છે પછી આપણે શું કરવાના ?" આ બોલી મુસલમાનની હરગિઝ ન હોવી જોઈએ.

**રૂહમેં સોઝ નહીં કલ્બમેં એહસાસ નહીં–કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસ નહીં**

**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ–યહ મુસલમાં હૈ જિન્હે દેખકે શરમાએ યહૂદ !**

પશ્ચિમી, યૂરોપી તથા અમેરિકી યહૂદી–નસ્રાની સંસ્કૃતિ તો સદીઓથી બેહયાઈનો પ્રચાર કરી રહેલ છે, પહેલાં નાટકઘરો હતાં પછી સીનેમા ઘરો થયાં અને ફિલ્મો થકી બેહયાઈનો પ્રચાર થતો રહ્યો. પણ આપણા પૂર્વજોમાં ભલે ઈલ્મ ઓછો હતો છતાં ખુદાનો ખૌફ હતો, એક મુસલમાન હોવા વિશે

દિલો દિમાગમાં ખુમારી હતી, ગુનાહોથી નફરત હતી, દીનની ભરપૂર મહોબ્બત દિલોમાં હતી જેથી સીનેમા ઘરો પર જતાં સમાજની શરમ તથા ખુદાનો ખૌફ બંનેવ અનુભવતા અને કોઈક જુજ લોકો જતા હતા તો તેઓ પણ દિલમાં ઈસ્લામનો કાનૂન તોડયાનો રંજ તથા ખુદાનો ખૌફ મેહસૂસ કરતા હતા, ઔરતોને તો ભાગ્યે જ જવા દેતા ! પણ એ ટોકીઝો તથા સીનેમા ઘરોમાં દર્શાવાતી પૂરાણી ફિલ્મો કરતાંય અતિ શરમજનક તથા હયાસોઝ દશ્યો દર્શાવતા ટી.વી.ને આપણી પેઢીએ ખુશી ખુશી ઘરમાં લાવી કાઢયું અને શરમ હયાનો જનાઝો જ કાઢી નાખ્યો ! આજે મુસ્લિમોએ પોતાની ઓળખ જ ખોઈ નાખી છે, એક મુસ્લિમ તરીકેના સર્વ એહસાસો ખતમ થઈ ચૂક્યા છે. ઈલ્લા માશા અલ્લાહ !

## ટી.વી.ને રહબર બનાવવાનું પરિણામ !

આજે આપણે ટી.વી.ને આપણો ગુરૂ, આપણો ઉસ્તાદ, આપણો રહબર સમજી લીધો છે, જે એના પર આવે તેવા વિચારો, તેવાં વર્તનો, તેવા ડ્રેસો ફટાફટ અપનાવવામાં લોકો ફખ્ર અનુભવે છે. જ્યારે કે એક મુસલમાન માટે એ શરમજનક વાત છે કે કુર્આન, હદીષ તથા ઉલમાના કથનો તથા આદેશોને ત્યજીને યૂરોપી બેહયા સંસ્કૃતિ તથા ઈસ્લામના દુશ્મનોના ફેલાવેલા હયાસોઝ ડ્રેસો પહેરી મુસ્લિમ યુવાનો, ખાતૂનો ફિલ્મી હિરો–હિરોઈનો જેમ છાકટાં બનીને સ્વચ્છંદી આઝાદીભર્યુ જીવન જીવવા લાગે. આપણા રેહબર ટી.વી કે તેના પર આવતાં હિરો–હિરોઈનો નથી, બલ્કે આપણુ રહબર કુર્આન છે, આપણા આઈડિયલ અલ્લાહના પ્યારા હબીબ નબી કરીમ ﷺ છે, આપણા આઈડિયલ સહાબાએ કિરામ છે, આપણી બહેનો માટે આઈડિયલ હઝરત ફાતેમાઝહરા رضی اللہ عنہاની જાત છે, આપણા માટે બુઝુર્ગોને દીન તથા ઈસ્લામની નેક ખાતૂનો જે થઈ ગઈ તે સહી રાહ પામવા માટે દીવાદાંડી સમાન છે, તેમના જ માર્ગે ચાલવામાં બંને જહાનમાં ઈજ્જત તથા સલામતી છે. આજે ક્ષણિક આનંદથી લલચાઈને કાફિરો જેમ મુસ્લિમ યુવાનો–યુવતીઓ તે નાલાયકોના માર્ગે ચાલી નીકળ્યાં છે જેમને ન કોઈ ધરમ છે ન કોઈ શરમ છે ! તેઓ તો બિભત્સ કાર્યો કરીને પૈસા કમાઈ રહ્યાં છે અને જગતના લોકોને મૂર્ખ બનાવી રહેલ છે. જ્યારે કે માણસની અસલ દૌલત તો તેનું ચારિત્ર છે, તેનું દીન ઈમાન છે. પણ આ બધું ક્યારે સમજાશે જ્યારે કે દીનનો ઈલ્મ શીખવામાં આવે, તેને દિલમાં ઉતારવામાં આવે.

## ઈલ્મે દીનની અધધ ફઝીલત !

ઈલ્મે દીનની ફઝીલત તો સમજો ! અલ્લામા ઈસ્માઈલ હક્કીએ (કુર્આનની તફસીરની મશ્હૂર તથા મક્‌બૂલ કિતાબ રૂહુલ બયાનમાં) એક હદીષ નકલ કરી છે, નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે એવા લોકોને જોવા ઈચ્છે જેને જહન્નમથી મુક્તિનો પરવાનો મળી ચૂક્યો હોય તો તે ઈસ્લામી ઈલ્મોના તલબા (વિદ્યાર્થીઓ)ને જોઈ લે."** વધુમાં આવ્યું છે કે :–

"જે તાલિબે ઈલ્મ કોઈ આલિમના દરવાજા પર આવજા કરે છે તેના **દરેક કદમના બદલે અલ્લાહ તઆલા એક સાલની ઈબાદત** લખે છે, અને **દરેક ડગલાના બદલામાં તેના માટે જન્નતમાં એક શહેર બાંધે છે.** તે તાલિબે ઈલ્મ જમીન પર ચાલે છે અને **જમીન તેના માટે મગફેરતની દુઆ કરે છે** અને તે સવાર સાંજ એ હાલતમાં હોય છે કે તેની બખ્શિશ થઈ ચૂકેલી હોય છે." *(રૂહુલ બયાન, ભાગ–૧, પેજ–૧૦૩)*

આવી તો અગણિત ફઝીલતો ઈલ્મે દીનની કુર્આન–હદીષમાં દર્શાવવામાં આવેલી છે. તો આ ફઝીલતોનો સબબ શો છે ? એ જ છે કે અલ્લાહ વ રસૂલ તરફથી જે આદેશો આવેલા છે તે સમગ્ર માનવજાતની ભલાઈ માટેના છે અને એ આદેશો કોઈ ટેમ્પરરી નથી બલ્કે કયામત સુધીના લોકો માટેના છે જેથી જો આપણે આપણી ભલાઈ ચાહતા હોઈએ તો એ આદેશો કયા છે તેનો અભ્યાસ કરવો જોઈએ તથા બાળકોને પણ એ આદેશો શીખવાડવા જોઈએ, નહીં તો કયામતમાં આપણી પણ સખત પકડ થશે.

## તમારી ઔલાદ તમારા માટે જહન્નમમાં જવાનો સબબ થશે !

કુર્આનનો આદેશ છે કે, "હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં બીવી બચ્ચાંઓને જહન્નમથી બચાવો ! *(કુર્આન)*

હદીષે પાકમાં છે કે, કયામતના દિવસે એક શખ્સ રજૂ થશે જેની પાસે નેકીઓના પહાડ હશે. તેની ઔલાદમાંથી તેનો પુત્ર ઉભો થશે અને અલ્લાહની બારગાહમાં ફરિયાદ કરશે કે, હે રબ ! આ શખ્સે અમારો હક્ક માર્યો છે ! તો તે શખ્સ કહેશે કે, મેં તેમના સર્વ હક્કો અદા કર્યા છે, તેમને રહેવાની, જમવાની, સર્વ સાધન સામગ્રી, સર્વ સગવડો પૂરી પાડી છે. તો તે પુત્ર કહેશે કે, "એણે અમને ઈલ્મે દીનથી વંચિત રાખ્યાં અને અમને હરામ માલ ખવડાવ્યો છે !" તો એના હક્કના બદલાની નેકીઓ પેલા નેકીઓના પહાડોમાંથી તે પુત્રને આપવામાં આવશે. એ જ પ્રમાણે તેની પત્ની તથા અન્ય ઔલાદ પણ બારગાહે રબમાં ફરિયાદ કરશે અને તેની નેકીઓના પહાડો ખત્મ થતાં તેમના ગુનાહો તે શખ્સના માથે નાખવામાં આવશે. અંતે તેના માટે જહન્નમનો ફેંસલો સંભળાવવામાં આવશે. અને ફરિશ્તા એલાન કરશે કે ફલાણાના પુત્ર ફલાણાને ઘરવાળાંઓનો હક્ક અદા ન કરવાના કારણે, ઈલ્મે દીનથી તેઓને વંચિત રાખવાના કારણે જહન્નમમાં ફેંકવામાં આવે છે !

## બાળકો આમ જ કુછંદે નથી જતાં !

જો તમે તમારાં બાળકોને તા'લીમ આપી હોત કે, "માંના કદમો નીચે જન્નત છે." તમે શીખવાડયું હોત કે, "બાપ જન્નતની ચોખટ છે." તો બાળકો કુછંદે ચઢી કોઈ આવારા સાથે ભાગી જઈને ગૃહ ત્યાગ કરતાં પહેલાં હજારવાર વિચાર કરત.

જો તમે બાળકોને આ હદીષની તા'લીમ આપી હોત કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે **લોકોમાં કોણ મહોબ્બતનું અધિક હક્કદાર** છે ?! તો આપે ત્રણ વાર ફર્માવ્યું, માં ! અને ચોથી વારના પ્રશ્નમાં જણાવ્યું કે "બાપ !"

સારાંશ કે માં સૌથી વધુ મહોબ્બતની હક્કદાર છે પછી બાપ અને ત્યાર પછી અન્ય લોકો આવે છે. તો આવી તા'લીમ બાળકોને મળી હોય તો માં બાપને દુઃખી કરીને કોઈ અન્યની મહોબ્બતમાં ન પડત, ન તમારી આબરૂને ઠેકાણે પાડી દેત !

જો તમે તેમને શીખવાડયું હોત કે પર સ્ત્રી તરફ નજર કરવી હરામ છે ! હદીષમાં છે કે, **"જે જુએ અને જેના તરફ જોવામાં આવે બંનેવ પર અલ્લાહની લઅનત છે."** પણ તમે તો જાતે જ ઘરમાં રંગીન ટી.વી. લાવીને મૂક્યું અને એના પ્રોગ્રામોમાં પર સ્ત્રી, પર પુરૂષોના

બેહયાઈભર્યાં નગ્ન નાચ, નખરાં તથા વ્યભિચાર તરફ દોરી જતા ડ્રામાઓ સતત નદીના પાણીના વહેણની જેમ ચાલુ જ રહે છે જેથી ઉપરોક્ત હદીષ હેઠળ ઘર તથા ઘરવાળાંઓ પણ સતત લઅનત વરસતી જ રહે છે ! અને નવયુવાનો યુવતીઓમાં વાસનાની ભૂખ જાગૃત થતી રહે છે તે જયારે કાબૂ બહાર જાય છે તો લફરાં ઉભાં થાય છે જેનાથી સમાજમાં ઝઘડા તથા બદ્‌નામી તથા આફતો ઉભી થાય છે.

એવા પણ બનાવો બન્યા છે કે ઘરના ગંદા માહોલને કારણે નાદાન છોકરી આવારા છોકરાઓ સાથે હોટલોમાં જાય છે, એ બદ્‌માશો તેણી સાથે વ્યભિચાર કરી તેની C.D. બનાવીને વેચતા હોય છે. એવા જ એક બનાવમાં બ્લૂ ફિલ્મ જોવા ગયેલો પિતા પોતાની જ પુત્રીની બ્લૂ ફિલ્મ જોઈને ચોંકી ઉઠયો હતો ! હવે તેની શી હાલત થઈ હશે તે તમે કલ્પી શકો છો ! પછી તેણે પોલીસ કાર્યવાહી કરી હતી.

## વ્યભિચાર સંબંધે ઈસ્લામી આદેશો !

કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે કે, **"અને ઝિનાની નજીક ન જાવ, યક઼ીનન ! તે બેહયાઈ (નિર્લજ્જતા) છે અને ઘણો જ બુરો માર્ગ છે."** *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત–૩૨)*

બીજે ઠેકાણે રબે ફર્માવ્યું, **"મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે (હરામ ન જૂએ) અને પોતાની શર્મગાહોની રક્ષા કરે."** *(સૂરએ અલ્ ફુર્કાન, આયત–૬૮, ૬૯)*

એક રિવાયતમાં છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ ઉપર સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે કે, "નાના મોટા, જાહેર છુપા કોઈપણ ગુનાહની નજીક ન જાવ." *(કુર્આન)*

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ ચુંબન, બુરી નજરથી જોવું અને સ્પર્શવું છે. જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "હાથ ઝિના કરે છે, પગ ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે."

રબ તઆલાનું ફર્માન છે કે, "જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે." *(કુર્આન)*

'અષામ'ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢું ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે."

## શિર્ક પછી સૌથી મહાન ગુનો કયો ?!

સરકારે દો જહાં ﷺએ ફર્માવ્યું કે, "શિર્ક પછી અલ્લાહની નજીક એ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ગુપ્તાંગને એવી સ્ત્રીના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી, એટલે કે જાઈઝ કાયદેસરની પત્ની નથી."

## વ્યભિચારીના ભયાનક અઝાબો

"વ્યભિચારી પુરૂષ તથા સ્ત્રીને કયામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે તેમના ચહેરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે." *(હદીષ)*

હે વ્યભિચારીઓ ! આજે પર્દા પાછળ કુકર્મો કરી મોઢાં કાળાં કરી લો ! કાલે કયામતના દિવસે આખી મખ્લૂક સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળશે ત્યારે ખબર પડશે ! હદીષોમાં આવ્યું છે કે :–

સાતેવ આસ્માન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃદ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે અને કિયામતના દિવસે ઝિનાકાર મર્દ અને ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ થશે.

જે શખ્સ પરાઈ સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.

મેઅરાજની રાત્રે હુઝૂર ﷺએ જોયું કે એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહ્યા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, **આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા,** તેની આ સજા તેમને મળી રહી છે.

હે પ્યારા નવયુવાન ભાઈઓ તથા બહેનો ! તમને તે કલ્માનો વાસ્તો કે જેના પર ઈમાન લાવ્યા વિના જહન્નમથી નજાત અશક્ય છે, જ્યારે તમે કલ્મો પઢયો છે, મુસલમાન છો તો પછી શા માટે ઈસ્લામના દુશ્મનોના તરીકા અપનાવી બેહયાઈમાં પડી જહન્નમમાં જવાનો માર્ગ મોકળો કરી રહ્યાં છો ! જાણો છો **જહન્નમનો હલકામાં હલકો અઝાબ** કેવો હશે ? **"આગના જોડા પહેરાવવામાં આવશે જેનાથી ખોપડી ઉકળતા તેલની જેમ ખદબદી ઉઠશે !"** છે આ અઝાબ વેઠવાની તમારામાં હિંમત ?! અને યકીનન ! નથી જ ! તો પછી ક્ષણિક આંનદ ખાતર શા માટે તમારા ખાનદાનનું તમારી કૌમનું તથા ગૈરો સમક્ષ ઈસ્લામનું નામ બદનામ કરી રહ્યાં છો ?! સમજો અને ગુનાહોથી તૌબા કરી લો અને ઈજ્જતદાર ઈસ્લામી જિંદગીને અપનાવી લો.

## માં બાપો ધ્યાન કરશે કે ઔલાદના હાલ શા છે ?!

હે આજની મોડર્ન યુવતીઓનાં માં બાપો ! તથા ભાઈઓ ! તથા પતિઓ ! આ તમારી પ્યારી દીકરી, બહેન તથા પત્નીએ માંસલ હાથો દેખાય એવો તથા શરીરનાં ઉત્તેજક અંગો જાહેર થાય તેવો સ્લીવ લેસ, ટોપ લેસ ડ્રેસ પહેર્યો છે, આ ટી શર્ટ પહેર્યુ છે અને ઓઢણીને તિલાંજલી આપી રાખી છે, આ ઊંચો ડ્રેસ, આ ફીટ પેન્ટ અને આ શૈતાનને લોભાવનારી ચાલે બજારોમાં તે ઘૂમી રહી છે તો શું તમને એ દેખાતું નથી કે તેણી શા માટે એવાં કપડાં પહેરે છે તથા નખરાં કરે છે ? આખી દુનિયાનું નિરીક્ષણ કરી રહ્યા છો, સેંકડો લોકોની ખામીઓ કાઢી તેમની ફિકર ચિંતામાં દુબળા થઈ રહ્યા છો, તો તમારી ઔલાદ કયા માર્ગે જઈ રહી છે એ તમને નથી દેખાતું ?! સાંભળી લો ! હદીષે પાકમાં છે કે, "દરેક પુરૂષ તેના ઘરનો હાકિમ છે અને દરેક હાકિમને તેના હાથ નીચેનાં વિશે સવાલ થશે." શું જવાબ આપશો રબની બારગાહમાં ?!

સારાંશ એ કે મૂળ તા'લીમ જે આપવાની ફર્ઝ છે, જે વાજિબ છે તે દીનની તા'લીમ છે, ગુનાહોથી ઔલાદ બચે અને ઈસ્લામના માર્ગે ચાલે અને જહન્નમથી બચી જન્નતની રાહે કદમ મૂકે એ જ મહત્વની

તા'લીમ છે બાકીની દુનિયવી તા'લીમ જે છે તે ગૌણ છે, તે નહીં આપો તો કિયામતમાં પકડ થશે નહીં, કે તમે તમારી પુત્રીને કે પુત્રને વકીલ કે ડોકટર કે એેંજીનીયર કેમ ન બનાવ્યાં ? પણ દીની તા'લીમ ન શીખવાડી, ગુનાહોથી બચવાનો પ્રબંધ ન કર્યો તો તેની શિક્ષા પોતે પણ ભોગવવી પડશે. માટે બાળકોને શરીઅતના વર્તુળમાં રહે એ રીતે દુનિયવી શિક્ષણ પણ આપો, પણ એવી રીતનું શિક્ષણ ન આપો કે તેઓ દીનનાં બાગી બની જાય, નહીં તો એ રાજ્યમાં કે દેશમાં કે વર્લ્ડમાં ફસ્ટ નંબર લાવે અને જગતભરના મેડલો મેળવે, છતાં દીનથી બગાવત, શરીઅતના નિયમોની અવગણના તેને ચોક્કસ જહન્નમમાં ખેંચી જશે.

એ દુનિયાવી શિક્ષણ શું કામનું ? એ જગતભરમાં નામના તથા વાહ વાહ શા કામની ? આ પૈસાનો વરસતો ધોધ શા કામનો ? કે આ સર્વ મેળવનાર તમારી પુત્રી અલ્લાહના રસૂલ ﷺની પ્યારી પ્યારી સુન્નત મુબારક દાઢીને નફરતની નજરથી જુએ ! દાઢીવાળા સાથે શાદી કરવાને નાનમ સમજે ! જો એ તેણી સુન્નતને હલકી સમજે છે તો એમાં ઈમાનનો પ્રશ્ન આવીને ખડો છે ! ઈસ્લામી પર્દાથી તેણીને નફરત હોય તો તેણીની ડોકટરની ડિગ્રી કે એણે મેળવેલા ગોલ્ડ મેડલો ધૂળમાં ગયા બરાબર છે ! કેમ કે ઈસ્લામી રીત ભાત, ઈસ્લામી જિંદગીથી તેણીને નફરત છે તો પછી એ નામની મુસલમાન રહી ! એનો અંજામ જહન્નમ સિવાય કાંઈ જ નથી. એ જ પ્રમાણે તમારો પુત્ર પણ **C.A.** બને કે **M.D.** બને પણ ઈસ્લામી નિયમોની કદર એનામાં નથી તો તમારે ખુશ થવાને બદલે માથે હાથ મૂકવાનો સમય છે ! મારી નજરો સમક્ષનો દાખલો છે કે **U.K.**ની એક મોડર્ન સુંદર છોકરીને નમાઝ માટે કહેવામાં આવ્યું તો તેણીએ કહ્યું કે, ''હું તો નમાઝ નથી પઢતી કેમ કે મારી નાક બગડી જાય તો !'' આવી ઔલાદ દુનિયામાં લાખ તરક્કી કરે પણ શું કામની ?! જરા ઠંડા દિલે વિચારો ! આવું શાથી થયું ?!

## ઈસ્લામી બહેનોને પ્યારભરી વિનંતિ !

હે મારી ઈસ્લામી બહેનો ! સ્વભાવિક છે કે ટૂંકા, પારદર્શક તથા ચુસ્ત ડ્રેસો પર પુરૂષોને આંજી દેવા તથા આકર્ષવા માટે જ પહેરાતા હોય છે. પણ જો તમે મુસલમાન છો તો સમજી લો કે તમારા પ્યારા રસૂલ ﷺએ ફર્માવ્યું કે,

''જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેણી પ્રતિ આકર્ષાય તો તે ઝાનિયા (વ્યભિચારીણી, બદ્ચલન) છે.'' તથા ફર્માવ્યું કે, ''જે સ્ત્રી અત્તર (ખુશ્બુ) લગાડીને કોઈ મેહફિલેથી પસાર થાય છે તે તેણી ઝાનિયા (બદ્ચલન) છે.'' *(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, મિશ્કાત, પેજ-૯૬)*

વિચારો ! આવું કોણ કહે છે ? શું તમે પસંદ કરો છો કે રસૂલુલ્લાહ ﷺના શબ્દોમાં તમે 'બદચલન', 'વ્યભિચારીણી' હોઉ ?! જો નહીં, તો મારી બહેનો ! ફુલ બાંયવાળાં, ખુલતાં, નીચાં, અપારદર્શક એવાં કપડાં પહેરો કે જે શરીરને ઢાંકે. ભવાં તથા વાળો કાપનારી સ્ત્રીઓ પર અલ્લાહની લઅનત વરસે છે તથા વાળોને પણ ખુલ્લા કરી પર પુરૂષોને ન દેખાડો, નહીં તો એ વાળો તમારા માટે અઝાબનો સબબ બની જશે. જેમ કે, ''મેઅરાજની રાત્રે હુઝૂરે અકરમ ﷺએ વાળોથી લટકેલી સ્ત્રીઓને જોઈ જેમનાં દિમાગો હાંડલીઓની જેમ ઉકળી રહ્યાં હતાં ! જિબ્રઈલે કહ્યું, **આ તે બેપર્દા સ્ત્રીઓ છે જે ગૈરો સમક્ષ પોતાના વાળોનું પ્રદર્શન કરાવતી હતી.''** *(હિજાઝ જદીદ, ફેબ્રુઆરી-૧૯૯૨)* કમસે કમ

એટલુ તો કરો કે માથા પર એક વાળ ન દેખાય તેવી મોટી અપારદર્શક ઓઢણીઓ ઓઢો જે માથુ તથા નીચેનું શરીર છુપાવી શકે. કેવળ હાથ રૂમાલ જેવા ફેશનેબલ સ્કાર્ફ ન બાંધો. અને સંપૂર્ણ પર્દો કરો તો એમાં તમારી જ ઈજ્જત છે.

અને હે મારાં દીની ભાઈ બહેનો ! હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું કે સુંદર પરાયી સ્ત્રીને વાસનાભરી નજરે જોનારની આંખોને કિયામતના દિવસે સીસા વડે ભરી દેવામાં આવશે.'' *(હિદાયહ, ભાગ–૪, પેજ–૪૪૨)*

**જ્યારે પર સ્ત્રીને જોવાની આ સજા છે કે ગરમ ગરમ પીગળેલું સીસુ આંખમાં નાંખવામાં આવશે તો ખૂદ તે સ્ત્રીનો શો અઝાબ હશે કે જે પોતે શરીરને પ્રદર્શનમાં મૂકે ?!**

આજે ટી.વી.ના પ્રોગ્રામોમાં, ક્રિકેટ મેચમાં બેહયા, અર્ધનગ્ન સ્ત્રી પ્રેક્ષકોની હાજરી તથા એડવર્ટાઈઝના હયાસોઝ સીનો, મોડેલોના પ્રદર્શનો અને ટેનીસ તથા અન્ય રમતો રમતી સુંદરીઓ પોતાનાં અંગોને જાહેર કરી રહી હોય છે અને ઘરનાં સર્વ યુવાન, યુવતીઓ, વડીલો સ્તબ્ધ બનીને સૌ જોઈ રહ્યા હોય છે ! તો વળી ક્યાંક શાદીના પ્રસંગે બેન્ડ બાજા, પાર્ટીમાં મ્યૂઝિક તથા ડાન્સની ધૂમ, અને યહૂદ તથા ક્રિશ્ચનની નકલ કરતા સ્ટેજ પર દુલ્હા દુલ્હનના થતા ડ્રામા તથા સ્ત્રી પુરૂષોની ભેળસેળવાળો આ માહોલ શું તમને જરાય ડંખતો નથી ?! **તમારા અંદરનો મુસલમાન તમને સહેજ પ્રશ્ન નથી કરતો ? આટલી બધી મુર્દા દિલી તમારામાં છવાઈ ગઈ છે ?! આ ક્યાંની મુસલમાની છે ?!** હે ભાઈઓ તથા બહેનો ! હે વડીલો ! તમારી શરમ ક્યાં ગઈ ?! તૌબા કરો ! તૌબા કરો ! અને પલટી આવો ઈસ્લામની રાહ પર ! નહીં તો, ન તો આ જિંદગીમાં ચૈન મળશે ન તો આખેરતમાં ચૈન પામશો.

## આવા હતા બુઝુર્ગો ! જ્યારે આપણે ?!

એક બુઝુર્ગનો વાક્યો છે કે તેમની નજર એક સુંદર સ્ત્રી પર પડી તો તેમનો કદમ તેના તરફ જવા માટે ઉઠયો. તરત જ ખુદાનો ડર તેમનામાં છવાઈ ગયો અને તેમણે તે પગને જ કાપી નાખ્યો અને રબની બારગાહમાં તૌબા કરી કે જે પગ જહન્નમ તરફ લઈ જાય તે શા કામનો ! *(મુકાશફતુલ કુલૂબ)* આજે આપણુ અંગે અંગે, રવે રવું જહન્નમ તરફ પ્રમાણ કરી રહ્યું છે અને આપણને એહસાસ પણ નથી થતો !

હે વડીલો ! હે માં બાપો ! તમારી ઘણી જ મોટી જિમ્મેદારી છે કે તમે ઔલાદને નેક માર્ગે, ઈજ્જતના માર્ગે જીવતાં શીખવાડો ! એ ક્યારે બનશે જ્યારે કે તમો પોતે પણ એ માર્ગે ચાલો ! તમે ખૂદ નેક બનો, ઘરના માહોલને ઈસ્લામી માહોલ બનાવો, નમાઝોની પાબંદી અને અલ્લાહ વ રસૂલની નારાજગી થાય તેવાં કામો, તેવા પ્રોગ્રામોને ઘરમાંથી દૂર કરો, કુર્આન શરીફની તિલાવત, તેના તર્જુમા તથા તફસીરનું સમૂહમાં વાંચન, દીની કિતાબોનું વાંચન, દીની ચર્ચાઓને ઘરમાં સ્થાન આપો તો આપો આપ ઘરનો માહોલ સુધરી જશે. માં બાપની આદતોની બાળકો પર અચૂક અસર પડે છે અને માં બાપની આદતોની અસર ગર્ભમાંના બાળક પર પણ પડે છે. શું તમને ખબર નથી ?

ગૌષ પાક સરકારે બગદાદ رضی اللہ عنہની બિસ્મિલ્લાહખ્વાની થઈ તો ઉસ્તાદે કહ્યું, પઢો !

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ ! તો આપે બિસ્મિલ્લાહ સાથે ૧૭ પારા પૂરા પઢી કાઢયા ! આપનાં વાલિદા ૧૭ પારાનાં હાફિઝા હતાં જે સતત પઢયા કરતાં હતાં તો એની અસર એ થઈ કે આપ ૧૭ પારા હાફિઝ બનીને પેદા થયા ! જ્યારે માંઓ આવી હોય તો બેટા ગૌષે આ'ઝમ પેદા થાય છે ! આ કોઈ અજબની વાત નથી ! બલ્કે આજના મનોવૈજ્ઞાનિકો પણ એ વાત સ્વીકારી રહ્યા છે કે ગર્ભમાંના બાળક પર માંબાપની આદતોની ગાઢ અસર પડે છે.

## નબીએ ૧૪૦૦ વર્ષ પહેલાં કહેલું તે વિજ્ઞાન આજે કહે છે !

મનોવૈજ્ઞાનિક એક ડોકટરનું બયાન છે કે માં બાપની અસરો ઔલાદમાં આવે છે. વર્ણવે છે કે એક છોકરાના ખભે ઘાના નિશાન હતાં. તે ડોકટરે પૂછયું કે આ નિશાન શાથી છે ? તો તેણે કહ્યું કે મારો બાપ એક યુવાન શિકારી હતો જેમણે ૯૯ સિંહોનો શિકાર કર્યો હતો. તેમણે ઈચ્છયું કે એક અધિક સિંહનો શિકાર કરું તો એક સો સિંહોના શિકાર કરનાર તરીકે પ્રખ્યાત થઈ જાઉં. તેમણે એક સ્થળે જંગલમાં પડાવ નાખ્યો જ્યાં એક ખતરનાક આદમખોર સિંહ રહેતો હતો. ત્યાં માંડવો બનાવ્યો, ખાઈ ખોદી. જ્યારે સિંહ આવી ચઢયો તો મારા બાપ બંદૂક ઉઠાવે તે પહેલાં સિંહે હુમ્લો કરી દીધો અને ખભા પરથી માંસનો લોચો ખેંચી કાઢયો. જો કે અન્ય લોકોએ ગોળી મારી સિંહને પતાવી દીધો. પણ મારા બાપમાં એવો ડર બેસી ગયો કે તે કેટલીયે વાર ગભરાઈને એ "આવ્યો ! એ આવ્યો !" બૂમો પાડતા હતા અને તે અરસામાં એમની શાદી થઈ પછી હું જન્મ્યો તો મારામાં એની અસરો રહી ગઈ અને આ નિશાન પણ મારા બાપના નિશાન પરથી જ છે તથા હું પણ ક્યારેક એવી બૂમો પાડી બેસુ છું.

સારાંશ કે બાળકમાં માં બાપની અસરો રહે છે એટલા માટે જ હુઝૂર ﷺએ આદેશ આપ્યો છે કે, **"તમારી ઔલાદને નેકોની સાથે પરણાવો."** માં બાપ નેક હશે તો ઔલાદ નેક પેદા થશે. અને ખરેખર સત્ય છે કે જ્યારે સિંહનો ડર બાપમાંથી બાળકમાં આવી શકે છે તો અલ્લાહનો ડર કેમ ન આવી શકે, રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત કેમ ન આવી શકે ! માં બાપની હયા કેમ બાળકમાં ન આવી શકે ! મનોવૈજ્ઞાનિક ડોકટરો આજે તે વાતો સ્વીકારે છે જેનો ઈલ્મ સરકાર ﷺએ ૧૪૦૦ વર્ષ પહેલાં જાહેર કર્યો હતો !

સારાંશ કે માં બાપ નેક હશે, નેક અમલો કરશે તો ઔલાદ પણ નેક પેદા થશે માટે માં બાપ માટે જરૂરી છે કે ખુદાના ખૌફ સાથે જીવે, ગુનાહોથી બચીને રહે અને તકવા પરહેઝગારીવાળી જિંદગી જીવે તો ઔલાદ પણ નેક બનશે. પણ માં જો ગર્ભવતી હોય અને ઉઠે ત્યાંથી સૂતા સુધી ટી.વી. જોતી રહે, ગંદા દશ્યો જોતી રહે, ગુનાહોમાં મસ્ત તથા મગ્ન રહે, બાળક પેદા થાય તો તેને પણ સાથે રાખીને એ જ કામો કરે, તેના હાથે જ ફિલ્મી કેસેટો મંગાવે, ચાલુ કરાવે પછી કઈ રીતે નેક ઔલાદની આશા રાખી શકાય છે. માં બાપોને વિનંતિ કે ખુદાને ખાતર પોતાની ઔલાદ માટે સમય કાઢે, તેમની સાથે બેસી મહોબ્બતપૂર્ણ રીતે વાતો કરે, દીન તથા ઈસ્લામનું મહત્વ તેમના દિલોમાં બેસે એવી વાતો, કિસ્સા, હદીષો સંભળાવે. ચારિત્ર તથા ઈજ્જત આબરૂનું મહત્વ સમજાવે અને યૂરોપી ગંદી સંસ્કૃતિથી તેમને સાવચેત કરીને પ્યારપૂર્વક ઈસ્લામી તરીકાથી લગાવ રાખવા સમજાવે તો જરૂર ફાયદો થશે. ઈન્શાઅલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં સૌને નેક તૌફીક આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

تِبَ عَلَيْكُمْ إِذَا حَضَرَ أَحَدَكُمُ الْمَوْتُ إِنْ تَرَ

يْرًا ۖ الْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَالْأَقْرَبِينَ بِالْمَعْرُوفِ ۖ حَقًّا

لَى الْمُتَّقِينَ ﴿١٨٠﴾ فَمَنْ بَدَّلَهُ بَعْدَمَا سَمِعَهُ فَإِنَّمَا إِثْمُهُ

لَى الَّذِينَ يُبَدِّلُونَهُ ۚ إِنَّ اللَّهَ سَمِيعٌ عَلِيمٌ ﴿١٨١﴾ فَمَنْ خَا

مِنْ مُوصٍ جَنَفًا أَوْ إِثْمًا فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا إِثْمَ عَلَيْهِ ۚ

إِنَّ اللَّهَ غَفُورٌ رَحِيمٌ ﴿١٨٢﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ

الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِينَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٨٣﴾

تَتَّقُونَ ﴿١٧٩﴾

**તર્જુમો** : જેઓ સબ્ર કરે છે મુસીબતમાં અને સખ્તીમાં અને જેહાદના સમયે, એ જ લોકો છે જેઓ પ્રમાણિક છે અને એ જ લોકો સાચા પરહેઝગાર છે. હે ઈમાનવાળાઓ ! ફર્ઝ કર્યો છે તમારા પર કેસાસ (ખૂનનો બદલો)[૨૦૩] જેઓ (નાહક્ક) માર્યા જાય, આઝાદના બદલામાં આઝાદ, ગુલામના બદલામાં ગુલામ અને સ્ત્રીના બદલામાં સ્ત્રી. પછી જેને[૨૦૪] માફ કરવામાં આવે તેના ભાઈ[૨૦૫] (કત્લ થનારાના વારસો)ની તરફથી કોઈ ચીજ તો જોઈએ[૨૦૬] કે માંગણી કરે (કત્લ થનારનો વારસ) ખૂનનો બદલો દસ્તૂરના પ્રમાણે અને (ખૂનીએ જોઈએ) કે તેને અદા કરે સારી રીતે. આ છૂટ છે[૨૦૭] તમારા રબની તરફથી અને રહમત છે. તો જેણે જબરદસ્તી (જુલ્મ) કર્યો[૨૦૮] એના પછી તો તેના માટે દર્દનાક અઝાબ છે અને તમારા માટે કેસાસ (ખૂનના બદલા)માં જિંદગી છે હે બુદ્ધિશાળીઓ ![૨૦૯] જેથી તમે (ખૂન કરવાથી) પરહેઝ કરવા લાગો.

## તફસીર

૨૦૩. ઈસ્લામથી પહેલાં અરબસ્તાનમાં દસ્તૂર હતો કે જો શક્તિશાળી કબીલાના કોઈ શખ્સને કતલ કરી દેવામાં આવતો તો તે કેવળ ખૂનીને કત્લ કરવા પર જ ન અટકતા બલ્કે ખૂનીના કબીલાના દસ દસ વીસ વીસ માણસોને કત્લ કરવાને પોતાનો હક્ક સમજતા. જો કોઈ આઝાદને ગુલામ કત્લ કરી દેતો તો ગુલામને બદલે ખૂની નહીં એવા આઝાદનું ડોકુ ઉડાડવામાં આવતું, અને જો સ્ત્રી કત્લ કરતી તો પુરૂષને કતલ કરવામાં આવતો. એ જાલિમાના અને ગૈર ઈસ્લામી દસ્તૂર પર સદીઓ સુધી અમલ થતો રહ્યો અને અરબો પોતાના વંશિક ગર્વ તથા કબીલાની મોટાઈની તૃપ્તિ નિર્દોષોનું લોહી વહાવીને કરતા રહ્યા. કુર્આને કરીમે એ દસ્તૂરને એક જ ઝટકામાં રદ કરી આપ્યો અને હુકમ આપ્યો કે કત્લ થનારનો ખૂની જ બદલામાં કત્લ કરવામાં આવશે, ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી, આઝાદ હોય કે ગુલામ. આ રિવાજ કેવળ અરબમાં જ ન હતો બલ્કે અન્ય કૌમોમાં પણ હતો બલ્કે આજ સુધી યૂરોપની સત્તાધારી કૌમો પણ એના પર અમલ કરતી રહી છે. સાઉથ આફ્રિકાના હબ્શી, ઓસ્ટ્રિલિયાના મૂળ વતનીઓ અને અમેરિકાના રેડ ઈન્ડિયન આજે પણ એ બાબતના સાક્ષી છે. આ ગૌરવ ઈસ્લામને જ પ્રાપ્ય છે કે આ જૂઠા ભેદભાવોની મૂરતોને એક અરસો થયો ટુકડે ટુકડા કરી નાખ્યા અને માનવ સમાનતાનો કેવળ કાનૂન જ રજૂ નથી કર્યો બલ્કે અમલ

કરીને દેખાડી આપ્યો.

**૨૦૪.** કેસાસ (ખૂનનો બદલો ખૂન)ના કાનૂનમાં એક મહત્વનો ફેરફાર કરવામાં આવી રહ્યો છે તે એ કે જો કત્લ થનારનાં વારસદારો ખૂની સાથે સમાધાન કરવા ચાહે તો તેઓ ખૂનના બદલે માલ લઈને સુલેહ કરી શકે છે. આજકાલના કાનૂનમાં કત્લનો ગુનો સુલેહને પાત્ર નથી જેનાથી ઘણી ખરાબીઓ ઉદ્ભવ પામે છે. ઈસ્લામે એ ખરાબીઓનો એહસાસ કરીને સુલહની ઈજાઝત આપી દીધી.

**૨૦૫.** من اخيه નો શબ્દ ઘણી શાન ધરાવે છે, એવી હાલતમાં જ્યારે કે ખૂની ખૂન કરી ચૂક્યો છે, મહોબ્બત, પ્યાર, રહમ તથા હેતના સર્વ સંબંધો તૂટી ચૂક્યા છે. અદાવત તથા બદલાની આગ ભડકવા લાગી છે. **કુર્આન કત્લ થનારાના ગુસ્સે ભરાયેલા વારસદારોને યાદ અપાવે છે કે ખૂની ગુનેહગાર છે, કુસૂરવાર છે અને તમારો ગુસ્સો અસ્થાને પણ નથી, તેમ છતાં પણ તમારો ઈસ્લામી ભાઈ તો છે ! જો માફ કરી આપો તો કોઈ મોટી વાત નથી. મકસદ એ છે કે તૂટેલાં દિલો ફરી જોડાઈ જાય. અને ઈસ્લામી સમાજના દામનમાં જે ચીરો પડી ગયો છે તેને ફરીથી સાંધી લેવામાં આવે.** અલ્લાહ તઆલાના પવિત્ર કલામની આ જ લિજ્જતો હતી જેણે અરબના સરકશો (નાફર્માનો)ને આજ્ઞાંકિત બનાવી દીધા હતા.

**૨૦૬.** કત્લ થનારના વારસદારોને નસીહત કરવામાં આવી રહી છે કે જે ભાઈ પર તમે આટલુ એહસાન કર્યું છે તો હવે ખૂનના બદલે રકમ (માલ) એવા સારા તરીકાથી માંગો કે તેને તકલીફ ન થાય. અને ખૂનીને હિદાયત કરી કે તે એહસાન ફરામોશ ન બને બલ્કે ખૂશીપૂર્વક જલ્દી જલ્દી ખૂનબહા (ખૂનના બદલે માલ) અદા કરી આપે.

**૨૦૭.** ખૂનની સજા ખૂન જ તો નિશ્ચિત નથી કરી બલ્કે ખૂનને બદલે માલ અદા કરવાની પણ શક્યતા રાખી છે. આ કેવળ તમારા રબનું તમારા પર એહસાન છે.

**૨૦૮.** સમાધાન પછી પણ જે જબરદસ્તી (જુલ્મ) કરશે કાતિલ હોય કે કત્લ થનારના સગાઓમાંથી તો દર્દનાક સજા આપવામાં આવશે. દરેક કાયદાનું માન રાખવું અને તેને પાળવો જોઈએ. એટલા માટે **ઈસ્લામી શરીઅતે કેસાસ (ખૂનનો બદલો) લેવા, સજા લાગુ પાડવા તથા કોરડા લગાડવાનો હક્ક લોકોને નથી આપ્યો, બલ્કે કેવળ જે તે સમયની હુકૂમતને આપ્યો છે. કેમ કે અદ્લો ઈન્સાફ સાચવી રાખવાનો કેવળ આ જ માર્ગ છે, જો લોકોને એ હક્ક મળી જાય તો (પબ્લિક કાયદો હાથમાં લે તો) એ હંગામો મચી જાય કે અલ્લાહ રહમ ફર્માવે !**

**૨૦૯.** આ આયતે કરીમામાં કેસાસ (ખૂનનો બદલો ખૂન)ની ઈલ્લત તથા હુકૂમત વર્ણન કરવામાં આવી રહેલ છે, એટલે કે જો નિર્દોષને કત્લ કરનારને સજા આપવામાં ન આવે તો તેની હિંમત ખુલી જાય અને ગુનાખોરીની વૃત્તિવાળા અન્ય લોકો પણ નીડર બનીને ખૂનામરકી તથા મારપીટનું બજાર ગરમ કરી આપે. પરંતુ જો ખૂનીને એ જુર્મના કારણે ફાંસીએ ચઢાવી દેવામાં આવે તો બીજા ગુનેહગારો પણ પોતાનો ભયાનક અંજામ જોઈને ડરી જાય અને એ કામોથી દૂર રહે. અને આ રીતે એક ખૂનીને ફાંસી આપવાથી અસંખ્ય નિર્દોષ જાનો ખૂનામરકીથી બચી જશે. આજે અમુક દેશોમાં (ફાંસીની) સજા મન્સૂખ (રદ) કરી આપી છે. તેઓ કહે છે કે, "આ સજા જુલ્મપૂર્ણ તથા જંગલીપણા સમાન છે, મરનાર તો મરી પરવાર્યો હવે તેના બદલામાં એકબીજા માણસને ફાંસી પર લટકાવવો ક્રુરતા નથી તો શું છે ?" તમે ખૌફનાક હકીકતોને દિલકશ લખાણો વડે હસીન બનાવી શકો છો પરંતુ ન તમે તેની હકીકત બદલી શકો છો અને ન તેનાં બુરાં પરિણામોને જાહેર થવાથી રોકી શકો છો. **જે દેશના કાનૂનની આંખો જાલિમ ખૂનીના ગળામાં ફાંસીનો ફંદો જોઈની ભીની થઈ જાય ત્યાં મઝલૂમ તથા બેકસ લોકોનો ખુદા જ હાફિઝ !** તે પોતાની ગોદમાં એવા મુજરિમોને નાઝ તથા સંભાળપૂર્વક પાલવી રહેલ છે જેઓ તેના ગુલશનના ખિલેલાં ફૂલોને મસળીને રાખી દેશે. તે દીન જે દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) છે જે કોઈ પણ ભોગે ન્યાયનું ત્રાજવુ સમતોલ રાખવાનો દાવેદાર છે એની પાસેથી એવી અયોગ્ય નાઝ બરદારીની આશા રાખવી નિરર્થક છે.

**દર્સે હદીષે પાક**

**મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ**

**એટલે**

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**(કાર્યાલય)**

## ★ હદીષ : ૫૦ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે દરેક બાળક દીને ફિતરત (ઈસ્લામ) પર જ પેદા થાય છે[૧] પછી તેનાં માંબાપ તેને યહૂદી, ઈસાઈ અથવા મજૂસી (પારસી) બનાવી દે છે[૨]. જેમ કે જાનવર અયબ વિનાનું બચ્ચુ પેદા કરે છે, શું તમે તેમાં નાક–કાન કપાએલું જુઓ છો ?[૩] પછી ફર્માવતા હતા કે અલ્લાહ તઆલાનું સર્જન જેના પર લોકોને પેદા કર્યા, અલ્લાહના સર્જનમાં તબદીલી નથી[૪], એ જ સીધો માર્ગ છે. *(મુસ્લિમ તથા બુખારી)*

હઝરત અબૂ મૂસાથી રિવાયત છે. ફર્માવે છે કે અમારામાં નબી કરીમ صلی اللہ علیہ وسلم પાંચ ચીજો બતાવવા ઉભા થયા[૫] કે યક઼ીનન ! અલ્લાહ તઆલા ન સૂએ છે ન સૂવું તેના લાયક છે[૬] પલ્લુ અથવા રોજી ઝુકાવે અથવા ઉઠાવે છે[૭], તેની બારગાહમાં રાતના અમલો દિવસના અમલોથી પહેલાં, અને દિવસના અમલો રાતના અમલોથી પહેલાં રજૂ થઈ જાય છે[૮], તેનો પર્દો નૂર છે[૯], જો પર્દો ખોલી નાખે તો તેની જાતનાં કિરણો (તજલ્લીઓ) નજર પહોંચે ત્યાં સુધી મખ્લૂકને સળગાવી આપે. *(મુસ્લિમ)*

## ★ સમજૂતી ★

**૧.** બાળકથી મુરાદ માણસનું બાળક છે, જેમ કે આગલા લખાણ પરથી જાહેર થાય છે. 'ફિતરત'નો શાબ્દિક અર્થ છે ચીરવું અને ઉપસ્થિત કરવું. અહીં અસલી તથા પેદાઈશી હાલત મુરાદ છે. એટલે કે, **દરેક માનવ ઈમાન પર પેદા થાય છે.** આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં રબ તઆલાએ તમામ રૂહો પાસે પોતે રબ હોવા વિશેનો ઈકરાર કરાવ્યો, સૌએ "બલા" (કેમ નહીં !) કહીને ઈકરાર કર્યો. એ ઈકરાર પર ક઼ાયમ રહીને દુનિયામાં આવ્યા. આ ઈકરાર તથા ઈમાન સૌનું ફિતરી (પ્રાકૃતિક) તથા પેદાઈશી દૈન છે.

**૨.** એટલે કે બાળક સમજ આવતાં સુધી દીને ફિતરત, તૌહીદ તથા ઈમાન પર ક઼ાયમ રહે છે. સમજ પેદા થતાં જેવો પોતાનાં માંબાપ તથા સાથીઓને જુએ છે એવો જ બની જાય છે. માંબાપ બાળકનાં પ્રથમ ઉસ્તાદ છે તેમની સોહબત બાળકની પ્રકૃતિ માટે માળખુ છે **એટલા માટે જરૂરી છે કે પોતાની પુત્રીઓ માટે સારા પતિઓ અને પુત્રો માટે દીનદાર નેક પત્નીઓ શોધો જેથી કરીને બાળકો નેક થાય.** એટલા માટે આપણા હુઝૂર صلی اللہ علیہ وسلمની અઝમત જાહેર થઈ કે હુઝૂર મૂર્તિપૂજકો તથા બેઈલ્મોમાં રહ્યા પણ તેઓને સંભાળ્યા, પોતે ન બગડયા. જાણવા મળ્યું કે આપની તબીઅત (પ્રકૃતિ) ઘડાયેલી, સુધરેલી પેદા થઈ હતી. યાદ રાખશો કે અહીં યહૂદિયત અને નસ્રાનિયતથી મુરાદ આ (વર્તમાન) બગડેલા ધર્મો છે ન કે અસલી, તે તો પોતાના સમયે અયન હિદાયત હતા.

**૩.** રૂહાનિયતને જિસ્માનિયત (શારીરિકપણા)થી સરખામણી આપી સમજાવવામાં આવ્યું છે કે જેવી રીતે સામાન્યતઃ જાનવરોનાં બચ્ચાં સારા અંગોવાળા પેદા થાય છે, પછી શારીરિક બીમારીમાં સપડાય છે, તેવી જ રીતે માણસોની રૂહોનો હાલ છે.

**૪.** એટલે કે ક઼ાનૂન એ છે કે દરેક માનવી ઈમાન તથા તૌહીદના અક઼ીદા પર પેદા થયો. એવું કદી નથી થઈ શકતું કે કોઈ બાળક 'મીષાક઼' (વાયદાના

દિવસ)ના ઈકરારને તોડીને કાફિર થઈને પેદા થયો હોય, જેથી આયત પર કોઈ વાંધો નથી. યાદ રાખશો કે તે મીષાકી ઈમાન શરીઅતની રૂએ વિશ્વસનીય નથી, એટલા માટે કાફિરનું બાળક કાફિર માનવામાં આવે છે જેથી ન તેની જનાઝાની નમાઝ થાય ન ઈસ્લામી કફન દફન અન ન તેને બાદમાં મુર્તદ કહેવામાં આવશે. જે બાળકને ખિઝર علیہ السلامએ કત્લ કર્યું અને ફર્માવ્યું : اِنَّهٗ طُبِعَ كَافِرًا ત્યાં મુરાદ છે : قُدِّرَوَجُبِلَ એટલે ''હોશ સંભાળીને (સમજ આવતાં) કાફિર થવું એના મુકદરમાં આવી ચૂક્યું છે.'' જેથી આ હદીષ એ આયતના વિરુધ્ધ નથી, અને ન આયતમાં ટકરાવ છે.

**૫.** એટલે કે આપ વાઅઝના માટે ઉભા થયા અને વઅઝમાં આ પાંચ ચીજો વર્ણન કરી. વઅઝ અને **ખુત્બો ઉભા રહીને કહેવો સુન્નત** છે, ખુત્બો ચાહે જુમ્આનો હોય કે નિકાહનો કે પછી કોઈ અન્ય. *(ફિક્હની કિતાબો)*

**૬.** કારણ કે ઊંઘ એક પ્રકારનું મૃત્યુ છે એટલા માટે જન્નત દોઝખમાં ઊંઘ હશે નહીં. રબ તઆલા મૌતથી પાક છે. તેમજ ઊંઘ થાક ઉતારવા તથા આરામ માટે હોય છે, પરવરદિગાર થાકથી પાક છે. ઈર્શાદ ફર્માવે છે : وَمَا مَسَّنَا مِنۡ لُّغُوۡبٍ એમાં એ મુશ્રિકોની રદ છે જેઓ કહેતા હતા કે અલ્લાહ દુનિયા બનાવીને થાકી ગયો, હવે દુનિયાનું કામ અમારાં બૂત (મૂર્તિઓ) ચલાવી રહેલ છે. મઆઝલ્લાહ !

### નાઅત શરીફ

અઝ : **હઝરત અલ્લામા અર્શદુલ કાદરી** رحمۃ اللہ علیہ

ચાંદ શરમિંદા હૈ ઉન્કા રૂએ અન્વર દેખકર
ઝિલમિલાએ હૈં સિતારે ઝાતે અત્હર દેખકર

વાદીએ મક્કા નહીં હૈ યહ બત્હા કી ઝમીન
ચલ સંભલકર અબ જરા ઐ કલ્બે મુઝતર દેખકર

કૌન જાને 'ઉદનુ મિન્ની' યા 'દના' કી મંઝિલેં
હૈં મલાઈક દમ બજૂદ એ'જાઝે સરવર દેખકર

રોશન એહસાને મુસલસલસે તડપ ઉઠા યે દિલ
દસ્તે સાકી મેં લબાલબ જામે કૌષર દેખકર

**૭.** قسط નો શાબ્દિક અર્થ છે હિસ્સો, હવે રિઝક (રોજી)ને પણ قسط કહે છે અને ત્રાજવાના પલ્લાને પણ. કેમ કે રોજી હિસ્સાથી મળે છે અને ત્રાજવુ પણ હિસ્સા કરે છે. રબ તઆલા ફર્માવે છે : وَزِنُوۡا بِالۡقِسۡطَاسِ الۡمُسۡتَقِيۡمِ એટલે કે કોઈને અધિક રોજી આપે છે અને કોઈને ઓછી, અથવા એક જ માણસ ક્યારેક ગરીબ હોય છે ક્યારેક અમીર, ક્યારેક મો'મિન, ક્યારેક કાફિર, ક્યારેક મુત્તકી, ક્યારેક ફાજિર, એ જ પ્રમાણે એક કૌમ ક્યારેક સરસાઈ પામે છે તો ક્યારેક હાર પામે છે.

**૮.** કે અમલો લખનારા ફરિશ્તા દુનિયાભરના અમલો બે સમયે પેશ કરતા રહે છે. આ રજૂઆત રબ તઆલાની અજાણતાને કારણે નહીં, જેમ કે હુઝૂર પર ઉમ્મતનાં દુરૂદ ફરિશ્તા પેશ કરે છે તે એટલા માટે નહીં કે હુઝૂર અજાણ છે.

**૯.** એટલે કે અલ્લાહ તઆલા નૂર છે મખ્લૂક ''કષીફ'' (ગાઢ) છે એટલા માટે મખ્લૂક તેને નથી જોઈ શકતી. મિર્કાતમાં છે કે આપણા હુઝૂરે પોતાના રબને દુનિયામાં એટલા માટે જોઈ લીધો કે હુઝૂર પોતે નૂર થઈ ગયા તેમજ હુઝૂરે દુઆ માંગી હતી : وَاجۡعَلۡنِىۡ نُوۡرًا ''હે ખુદા! મને નૂર બનાવી આપ !'' હુઝૂરની દુઆ કબૂલ થઈ અને આપ નૂર થઈ ગયા.

**૧૦.** ફરિશ્તાઓને પણ અને અન્ય મખ્લૂકોને પણ. અહીં એ તાકાત તો આપણા હુઝૂરની હતી કે મેઅરાજમાં અયન ખુદાની જાતને પર્દા વિના જોયો અને પલકારો પણ ન માર્યો. રબ તઆલા ફર્માવે છે : مَازَاغَ الۡبَصَرُ وَمَا طَغٰى

شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمة الله عليه

★ **ગુજરાતી અનુવાદક** ★

*ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)*

## સુંદર વચન (સારી વાણી) અને સ્વજન અને સગાઓ સાથે સારો વર્તાવ

અમ્ર બિન સાઈબ رضي الله عنه રિવાયત કરે છે કે, સરવરે કોનો મકાં ﷺ તશરીફ ફર્માવતા હતા કે, આપના એક દૂધ બાપ આવી ગયા. આપે તેમના માટે એક કપડું બિછાવી દીધું જેના પર તેઓ બેસી ગયા તેના પછી દૂધ માં આવી ગયાં તો તેમના માટે કપડાનો બીજો ભાગ લંબાવી દીધો જેના પર તે બેસી ગયાં. તેના પછી આપનો દૂધ ભાઈ આવી ગયો ત્યારે રસૂલે અકરમ ﷺ ઉભા થઈ ગયા અને તેમને પોતાના સામે બેસાડી દીધા. એ જ પ્રમાણે હબીબે ખુદા ﷺ પોતાની દૂધ માતા "ષુવૈબા★"ના પહેરવા માટે કપડાં મોકલ્યા કરતા હતા જેમને અબૂ લહબે આઝાદ કરી દીધાં હતાં. જ્યારે મરણ પામ્યાં ત્યારે આપે તેના નજીકના સગાંઓ વિશે પૂછપૂરછ કરી ત્યારે જાણવા મળ્યું કે, તેમનો કોઈ નજીકનો સગો નથી.

હઝરત ઉમ્મુલ મુ'મિનીન ખદીજતુલ કુબ્રા رضي الله عنها એ સરવરે કોનો મકાં ﷺને આશ્વાસન આપતાં કહ્યું હતું કે, આપ બેફિકર રહો, અલ્લાહ તઆલા આપને ક્યારેય પણ બદ્નામ થવા નહીં દે, કેમ કે આપ સ્વજન અને સગાંવહાલાં સાથે સારો વર્તાવ કરો છો, નિરાધારનો બોજ હલકો કરો છો, ગરીબોને માલ દૌલત આપો છો, મહેમાન નવાઝી કરો છો અને અલ્લાહના હક્કોમાં લોકોની મદદ કરતા રહો છો.

---

*★ શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ* رحمة الله عليه *(વફાત : હિ.સ. ૧૦૫૨) ફર્માવે છે,* **(તર્જુમો):** *ષુવૈબાએ નબી કરીમ ﷺને દૂધ પીવડાવ્યું હતુ જે અબૂ લહબે આઝાદ કરેલી દાસી હતાં. તેમને એ વખતે આઝાદ કર્યાં હતાં જ્યારે તેણીએ અબૂલહબને નબી કરીમ ﷺની વિલાદત બા સઆદતની ખુશખબરી સંભળાવી હતી. અબૂલ લહબના મરણ પછી કોઈએ સ્વપ્નમાં જોયું અને હાલત પૂછી ત્યારે કહ્યું કે, આગમાં છું, પરંતુ દરેક સોમવારની રાતમાં થોડી કમી થઈ જાય છે અને આ બંને આંગળીઓથી થોડું પાણી વહે છે જે પી લઉં છું. અને પોતાની બંને આંગળીઓના ટેરવાની તરફ ઈશારો કરતાં બતાવ્યું કે, આના ઈશારાથી ષુવૈબાને મેં આઝાદ કર્યાં હતાં. કેમ કે તેમણે નબી કરીમ ﷺની પૈદાઈશની ખુશખબરી સંભળાવી હતી.*

*શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ* رحمة الله عليه *એ ઉપરોક્ત બનાવના હેઠળ સરવરે કોનોમકાં ﷺની પૈદાઈશની ખુશીના બદલાઓને બયાન કરતાં ફર્માવ્યું છે કે,* **(તર્જુમો):** *ઈબ્ને જવઝી ફર્માવે છે કે, જ્યારે અબૂ લહબ જેવા કાફિરને જેની ટીકા કુર્આને કરીમમાં આવેલી છે નબી કરીમ ﷺની પૈદાઈશની ખુશી મનાવવાનો બદલો મળ્યો, ત્યારે વિચારો કે જે મુસલમાન આપનો ઉમ્મતી અને પોતાના આકા વ મૌલા મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺની વિલાદત બા સઆદતની ખુશી મનાવે અને આપની મહોબ્બતમાં શક્તિ પ્રમાણે માલ ખર્ચ કરે તો તેને કેટલો બદલો મળશે. પોતાના જાનથી પ્રિયની કસમ ! ખરેખર તેને અલ્લાહ તઆલાની તરફથી આ જ બદલો મળશે કે તેના પર ફઝલો કરમની સર્વ સાધારણ વર્ષા થશે અને આરામવાળી જન્નતમાં તેને ઠેકાણું આપવામાં આવશે. અને મુસલમાન તો હમેશાંથી નબી કરીમ ﷺની મુબારક પૈદાઈશની ખુશીમાં મહફિલો કરતો આવ્યો છે અને આપની પૈદાઈશના માસમાં ઝિયાફતનો બંદોબસ્ત કરે છે અને તેની રાતોમાં જુદી જુદી રીતથી સદક઼ો ખૈરાત કરતો રહ્યો છે, અને એવી જ રીતે પોતાના દિલની ખુશી પ્રગટ કરતો પોતાની નેકીઓમાંથી વધારો કરતો અને મીલાદે પાક પઢવાનો બંદોબસ્ત કરતો રહ્યો છે. જેના બદલામાં તેના પર ફઝલો કરમની સર્વ સાધારણ વર્ષા વરસતી રહે છે. મહફિલે મિલાદની એ વિશિષ્ટતાની કસોટી થઈ છે કે તેના કારણે આખુ વર્ષ ઈજ્જત મળે છે અને જરૂરિયાતો (હાજતો) પૂરી થાય છે. જે શખ્સ આ મુબારક માસમાં રાતોને ઈદના રોજની જેમ પસાર કરે તેને અલ્લાહ તઆલા પોતાની રહમતથી ખુશી મનાવવાને કારણે નવાઝે છે, અને ઈર્ષાના લીધે રસૂલના દુશ્મનો જ બળીને ખાખ થઈ જાય છે.*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## સાચી તૌબાની શરતો

### ★ ગુનાહનો સ્વીકાર ★

ગુનાહનો સ્વીકાર એ તૌબાની પાયાની શરત છે કેમ કે એ શખ્સ કોઈ ગુનાહની કબૂલાત નહીં કરે તો એ તૌબા કઈ રીતે કરી શકશે, કારણ કે "બુખારી તથા મુસ્લિમ"ની રિવાયતમાં છે, "હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે બેશક ! બંદો ગુનાહનો સ્વીકાર કરે અને પછી તૌબા કરે તો અલ્લાહ جل جلالہ તેની તૌબા કબૂલ ફર્માવે છે." આ હદીષે પાકથી જાણવા મળ્યું કે ગુનાહનો ઈકરાર (સ્વીકાર) મહત્વની ચીજ છે અને હકીકતમાં સ્વીકાર પછી જ તૌબાની તૌફીક થાય છે. જે લોકો ગુનાહને ગુનોહ જ નથી સમજતા અથવા ગુનોહ કરીને એવું નથી માનતા કે અમે ગુનોહ કર્યો છે તેઓ પ્રતિ ધ્યાન નથી કરી શકતા. અને એ શૈતાનની મોટી કામયાબી છે કે ગુનાહ કરાવે અને પછી ગુનાહનો સ્વીકાર ન કરવા દે અને હીલા બહાનાં બનાવીને તૌબાથી દૂર રાખે. સારાંશ કે ખુશનસીબ લોકો ખુદા તઆલની બારગાહમાં ગુનાહનો સ્વીકાર કરીને તૌબા તથા અસ્તગફારમાં મશ્ગૂલ થઈ જાય છે અને એ જ સાલેહીન (નેક લોકો)નો માર્ગ છે.

બીજી શર્ત એ છે કે ગુનાહોથી તદન દૂર થઈ જાય અને તેને ત્યજી દે અને તદન ત્યજી દે. પછી દરેક ઘડીએ ગુનાહોથી બચતો રહે અને ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો પાકો નિશ્ચય કરે અને ફરીથી ગુનાહ ન કરવાનો અલ્લાહ جل جلالہ ની સાથે વાયદો કરે અને તૌફીક માંગે અને ઈરાદો કરે કે ભવિષ્યમાં ગુનાહના બારામાં વિચારશે પણ નહીં અને અલ્લાહ جل جلالہ તથા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ની ફર્માંબરદારીમાં મશ્ગૂલ થઈને જીવન પસાર કરે. નેકીના કામોની પ્રતિ સુસ્તી, આળસથી કામ ન લે અને નેકીમાં સતત સક્રિય બની જાય ભલે તેના ગુનાહની લિજ્જત તેને વારંવાર તંગ કરે પણ એના પ્રતિ ધ્યાન ન કરે.

જે ગુનાહો થઈ ચૂક્યા હોય તેના માટે અલ્લાહ جل جلالہ ની સમક્ષ માફી માંગે અને પોતાના કરતૂતો પર શરમિંદો બને. માણસથી ગુનાહ બે પ્રકારના ઉપસ્થિત થાય છે : એક તો તે ગુનાહ જે હુકૂકુલ્લાહથી સંબંધ ધરાવે છે તે ફર્ઝોમાં ગણવામાં આવે છે, દા.ત. નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ. તેને અદા કરવા લાઝિમ છે. તેની અદાયગીનો મતલબ એ છે કે બાલિગ થયા બાદ જે ફર્ઝોને ત્યજી દીધા અને જે વાજિબોને છોડયા તેનો અંદાજો કરીને કઝા રૂપે અદાયગી કરવામાં આવે.

એ ઉપરાંત જો કોઈ મુસલમાનની હક્કતલફી થઈ (હક્ક માર્યો) હોય અથવા કોઈ દુ:ખ પહોંચાડયું હોય, એવા સંજોગોમાં અલ્લાહ جل جلالہ ની બારગાહમાં તૌબા કર્યા બાદ તથા માફી માંગ્યા બાદ તે વ્યક્તિ પાસે પણ માફી માંગવી જરૂરી છે જેની સાથે જુલ્મ કે બળ પ્રયોગ કર્યો હોય અથવા જેનો હક્ક મારવામાં આવ્યો હોય.

### ★ નફ્સની બીમારીઓ અને તેનો ઈલાજ ★

માણસનો સૌથી મોટો દુશ્મન તેનો નફ્સ છે જે દરેક માનવીમાં સમાયેલો છે એ બુરાઈની પ્રતિ વાળે છે અને નેકીઓમાં સુસ્તી અપાવે છે. માણસને તેને ઠીક કરવા તથા તેની સફાઈ કરવા તથા ઈબાદતો માટે તૈયાર કરવા તથા વાસનાઓથી રોકવાનો હુકમ

થયો છે. જો માણસ પોતાના નફ્સનો ઘેરાવ ન કરે તો તે નાફર્માન થઈ જાય છે અને નસીહત સાંભળવાથી પણ દૂર ભાગે છે.

યાદ રાખશો કે નફ્સના સાત અયબો છે :–

(૧) ખૂદ પસંદી (૨) ગર્વ (૩) રિયાકારી (૪) ગુસ્સો (૫) ઈર્ષા (૬) માલની મહોબ્બત (૭) મોટાઈની તલબ.

અને દોઝખના દરવાજા પણ સાત છે, જે આ સાત અયબોને પોતાની અંદરથી કાઢી નાખે તેના માટે ઈન્શાઅલ્લાહ ! ﷻ દોઝખના સાતેવ દરવાજા બંધ કરી દેવામાં આવશે.

જેમ કે હદીષે પાકમાં ઈર્શાદ છે :–

**(અર્થ)** "શાણો (બુદ્ધિજીવી) પુરૂષ તે છે જેણે પોતાના નફ્સને તાબે કર્યો અને આખેરતના માટે નેક અમલો કર્યા. અને મૂર્ખ તે છે જે પોતાના નફ્સની ઈચ્છાઓને તાબે થયો અને અલ્લાહ તઆલાથી આરઝૂઓની તમન્ના કરી."

જેથી માણસે જોઈએ કે પોતાના નફ્સની પકડ કરતો રહે અને કહે કે તું નથી જાણતો કે જન્નત અને દોઝખ તારી સામે છે અને તું નજીકમાં જ એમાંથી એકમાં જઈશ, પછી તું ખુશ થાય છે ?! અને નાશવંત ચીજોમાં મશગૂલ શા માટે રહે છે ? જ્યારે કે તારી પાસેથી દરેક ચીજનો હિસાબ લેવામાં આવશે. કદાચ આજે કે કાલે કે પરમ દહાડે તને મૌતે આવીને દબાવી લે. શું તું એ નથી જાણતો કે જ્યારે મૌત આવે છે તો એકાએક આવી ચઢે છે ન કોઈ વાયદો ન કોઈ એલચી ન પયગામ આવે છે, અને ન એના બારામાં એ ખબર છે કે ગરમીમાં આવે કે ઠંડીમાં, ન એની એવી ખબર છે કે દિવસે આવશે કે રાતમાં, અથવા બાળપણમાં ન આવે ને જવાનીમાં આવે બલ્કે દરેક શ્વાસમાં અચાનક મૌત આવવાની શક્યતા છે. હે નફ્સ ! મૌત તો એટલી નજીક છે અને તું એની તૈયારી નથી કરતો ! આ આયત પર વિચારણા કરીનેય નથી સમજતો !

اِقْتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمْ وَهُمْ فِي غَفْلَةٍ مُّعْرِضُوْنَ

"લોકોનો હિસાબ નજીક (છે) અને તેમણે ગફલતમાં મોંઢુ ફેરવેલું છે." *(સૂરએ અંબિયા–૧)*

હઝરત ઈબ્રાહીમ તમીમી رحمة الله عليه નું ફર્માન છે, હું મને પોતાને એવું સમજ્યો કે જન્નતમાં છું, એનાં ફળો ખાઈ રહ્યો છું, અને નહેરોથી પાણી પી રહ્યો છું, હુરોથી મુઆનિકા કરી રહ્યો છું. પછી મેં મને પોતાને એવો સમજયો કે દોઝખમાં છું, તેનું કાંટાઓવાળુ થોર ખાઈ રહ્યો છું, તેનું પીપ પી રહ્યો છું, બેડીઓ અને જંઝીરોમાં જકડાયેલો છું. ત્યારબાદ મેં મારા નફ્સને કહ્યું, બતાવ ! શું ઈચ્છે છે ?! નફ્સે કહ્યું, ચાહું છું કે દુનિયામાં મને મોકલી દેવામાં આવે જેથી નેક અમલો કરું. મેં કહ્યું, તારી માંગણી પૂરી થઈ ! (એટલે કે દુનિયામાં છે) લે ! હવે નેક અમલો કર ! *(મુકાશફતુલ કુલૂબ)*

હઝરત ઉમર رضي الله عنه ના બારામાં આવ્યું છે કે જ્યારે રાત આવતી તો આપ પોતાના પગો પર કોરડા મારતા અને પોતાની જાતને કહેતા, તેં આજે શો અમલ કર્યો છે ?!

રિવાયતમાં છે કે હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺ ની બારગાહમાં એક માણસ હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને નસીહત ફર્માવો ! ફર્માવ્યું, શું તું નસીહતનો તલબગાર છે ! તેણે જવાબમાં હા પાડી. ફર્માવ્યું, જ્યારે તું કોઈ વાતનો ઈરાદો કરે તો એના પરિણામને વિચારી લે, જો સારું જણાય તો કરી નાખ અને જો અંજામ બુરો જણાય તો રોકાઈ જા. **હે નફ્સ ખુદા ﷻ ની નાફર્માની પર હિંમત ન કર ! કેમ કે તે તને જોઈ રહ્યો છે. જો એવો એતેકાદ (માન્યતા) છે કે તે તને નથી જોઈ શક્તો, ત્યારે તો તું મહાન કાફિર છે ! અને જો અલ્લાહ ﷻ જુએ છે એવું સમજીને નાફર્માની કરે છે ત્યારે તો તું સખત બે હયા છે** અથવા તો એવું વિચારે છે કે અલ્લાહ ﷻ કરીમ છે, તેને

કોઈની ઈબાદતની હાજત નથી, જેને ચાહે બખ્શી આપે, જેને ચાહે ન બખ્શે ! તો હે નફ્સ ! તું એવું જાણે છે કે ખુદા તઆલા આખેરતમાં જ કરીમ છે દુનિયામાં નહીં !! જો બંને દુનિયામાં કરીમ છે તો દુનિયાનાં કામો માટે તેના કરીમ હોવા વિશેનું યકીન કેમ નથી રાખતો ?! જ્યારે કોઈ તારો દુશ્મન તને તકલીફ આપે છે તો તેનાથી બચવાના માટે દરેક માણસ પાસે મશ્વરો લે છે, અને તેનાથી છૂટકારા માટે જાત જાતના રસ્તા ખોળે છે તે વખતે અલ્લાહના કરમ પર યકીન કયાં જતુ રહે છે ?! અને જે કામ રૂપિયા પૈસા વિના નથી થતું તે વખતે તું દરેક માણસનો મોહતાજ બને છે, કેમ નથી કહેતો કે અલ્લાહ કરીમ પોતાના ગયબી ખજાનાથી અથવા કોઈના હાથે મોકલી આપશે અને હાથ પગ હલાવ્યા વિના જ મળી જશે. હે નફ્સ ! આ સર્વ તારા જૂઠા દાવા છે એટલા માટે કે તું જીભ વડે ઈમાનનો દાવો કરે છે પણ નિફાકની અસર તારા પર જાહેર છે.

જુઓ પરવરદિગાર શું ફર્માવી રહ્યો છે : "અમે નથી કોઈ જાનદાર જમીન પર પણ અલ્લાહ તઆલાના જિમ્મે છે તેની રોજી." *(સૂરએ હુદ–૧૨)*

અને આખેરતના બારામાં ઈર્શાદ થાય છે : "અને દરેક ઈન્સાનને તે જ કાંઈ મળશે જેના માટે એણે કોશિશ કરી." *(સૂરએ નજમ–૨૭)*

આ બંને આયતોથી માલૂમ થાય છે કે કેવળ દુનિયામાં કામોની કફાલત (નિભાવ) અલ્લાહ ﷻ એ પોતાના જિમ્મે લઈ રાખી છે અને આખેરતની માણસની કમાણી પર અવલંબિત રાખી છે. પણ માણસ પોતાના કર્મોથી એવો લાગે છે કે જે ચીજોનો ખુદા તઆલા જિમ્મેદાર છે તે ચીજો પર તો વાદળોની જેમ વરસે છે અને આખેરતને ખુદા પર છોડી આપે છે ! અને એનાથી તે તદ્દન મુખ ફેરવેલ છે, આ ઈમાનની નિશાની નથી. જો જીભથી કેવળ કલ્મો પઢવાથી ઈમાન મુકમ્મલ થાત તો મુનાફિકો દોઝખના સૌથી નીચલા તબકામાં શા માટે જાત ? હે નફ્સ ! શું તું હિસાબના દિવસ (કયામત) પર ઈમાન નથી ધરાવતો ?!

પેજ નં. ૩૪ નું ચાલુ....

તો અમે ક્યાંય મોઢું દેખાડવાને લાયક રહીશું નહીં ! કાઉન્સિલ પર દેવબંદી પ્રપંચીઓની એટલી ભારે અસર પડી હતી કે તેણે પોતાની તરફથી વિઝા ન આપવાનો પાકો નિર્ધાર કરી લીધો. કેટલાયે દિવસો સુધી બહાનાંઓ બનાવીને ટાળતો રહ્યો એટલે સુધી કે તે તારીખ આવી ગઈ કે જે દિવસે જહાઝ છૂટવાનું છે. હવે અંતરની ગણત્રી કલાકોમાં રહી ગઈ પરંતુ હજી સુધી વિઝા ન મળી.

આ જ તે નાઝુક ઘડી હતી કે જ્યારે મુંબઈવાસીઓએ ખુલી આંખો વડે એક સાચા નાઈબે રસૂલની રૂહાની ઉચ્ચતાનો તમાશો જોયો. જ્યારે બે કલાક બાકી રહી ગયા તો અમુક ભોળા નિયાઝમંદોએ મશ્વરો આપ્યો કે હવે ફોટો પડાવી લો ! કામ બને એમ જણાતુ નથી ! એ સાંભળીને જલાલના આવેશમાં હઝરતની આંખો લાલ થઈ ગઈ ! કાચી નીંદમાંથી જાગનાર ઉમંગોના તોફાનને ફરીથી સૂવડાવી દેવું હવે શક્ય ન હતું. હવે ભૌતિક કોશિશોનો સમય ખત્મ થઈ ચૂક્યો હતો. દિલદ્રાવક બેચૈનીઓના આલમમાં હઝરતે પોતાનો કમરો ખાલી કરાવીને અંદરથી દરવાજો બંધ કરી લીધો.

પલક ઝપકતાં જ આહોનો કાફલો મદીના પહોંચી ગયો, હવે દીવાનું દિલ કૌનૈનના સુલ્તાનની ચૌખટ પર હતું. પુરસોઝ આશિકે શું ફરિયાદ કરી અને સરકારે વરસતી આંખો પર કેવી રહમતથી આસ્તીન રાખી ?! આ સર્વ માજરો રહસ્યના કિલ્લામાં છે. બહાર ઉભી રહેલી ભીડને કેવળ એટલું જ માલૂમ થઈ શક્યું કે જ્યારે કમરાનો દરવાજો ખુલ્યો તો હઝરત બેકલ ઉત્સાહી વિઝા લઈને ઉભા હતા !

લાગણીઓના આવેશમાં તે કેવળ એટલુ કહી શક્યા કે, "નવી દિલ્હીથી સઊદી સફીરનો ટેલીફોન આવ્યો કે શૈખુલ હદીષને તાત્કાલિક વિઝા આપી દો." એકદમ કદમોમાં પડી ગયા. હઝરતે તેમને ઉઠાવીને સીનાથી લગાડયા. દોસ્ત તો દોસ્ત પણ દુશ્મનોએ પણ એ હકીકતનો સ્વીકાર કરી લીધો કે **જે ખાકનશીનોના તરફદાર ગુંબદે ખદરાના તાજદાર છે તેમના પર વિજય પામવો મુશ્કેલ છે.**

# રહમતે દારૈનના ﷺ શયદાઈ

★ રજૂકર્તા ★
ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

હઝરત સઅદ رضی اللہ عنہ ચાર હજાર જાનિષારોની સાથે મદીના મુનવ્વરાથી રવાના થયા અને અઢાર જગાઓ પસાર કર્યા પછી ષાલ્બાની જગા પર રોકાણ કર્યું, અહીંયા હઝરત ઉમર رضی اللہ عنہની મોકલેલ અધિક લશ્કરી ટુકડી એમની સાથે આવીને મળી ગઈ. એ રીતે એમના લશ્કરની સંખ્યા બાવીસ હજાર સુધી પહોંચી ગઈ. એ દિવસે હઝરત મુષન્ના رضی اللہ عنہ આઠ હજાર ફૌજોની સાથે ઝોકારમાં હઝરત સઅદ رضی اللہ عنہના આગમનના રાહ જોનાર હતા. હજુ હઝરત સઅદ رضی اللہ عنہએ ષાલ્બાથી કૂચ ન કરી હતી કે હઝરત મુષન્ના رضی اللہ عنہને ખાલિકે હકીકી તરફથી બોલાવો આવી ગયો. એમણે જસરની લડાઈમાં જે જખ્મ ખાધા હતા એના ટાંકા ખુલી ગયા અને કોઈ ઈલાજથી ન સંધાયા. જખ્મોનો આજ બગાડ એમના મૌતનું બહાનુ બની ગયો. હઝરત સઅદ رضی اللہ عنہ ષાલ્બાથી ચાલીને શરાફ પહોંચ્યા તો હઝરત મુષન્ના رضی اللہ عنہની આઠ હજાર ફૌજ પણ એમનાથી આવીને મળી. મુષન્ના رضی اللہ عنہના ભાઈ મઅના رضی اللہ عنہ પણ પોતાની વિધવા ભાભી સલ્માની સાથે એ લશ્કરમાં હાજર હતા. હઝરત સઅદ رضی اللہ عنہને મુષન્ના رضی اللہ عنہની વફાતની ખબર સાંભળીને ઘણો જ ગમ થયો. એમણે સાંત્વનના માટે મુષન્ના رضی اللہ عنہની વિધવા સલ્મા رضی اللہ عنہથી નિકાહ કરી લીધો, અને મઅના رضی اللہ عنہને હિદાયત કરી કે તેઓ મુષન્ના رضی اللہ عنہના બાળકોની સારી રીતે પરવરિશ કરે. શરાફમાં હઝરત સઅદ رضی اللہ عنہએ ફૌજની ગણતરી કરી તો તે ત્રીસ હજારની નજીક થઈ. શરાફથી કૂચ કરીને હઝરત સઅદ رضی اللہ عنہ અદનીબ પહોંચ્યા જે ઈરાનીઓની એક સરહદી ચોકી હતી. એના રક્ષક ઈરાની સિપાહી મુસલમાનોની આવવાની ખબર સાંભળીને મુકાબલો કર્યા વગર ભાગી ગયા. અદનીબમાં થોડાક દિવસ રોકાયા પછી હઝરત સઅદ رضی اللہ عنہએ કાદેસિય્યાની જગા પર પડાવ નાખ્યો. એ એક ઘણી જ હરિયાળી જગા હતી અને હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સઅદ رضی اللہ عنہને એ જગા રોકાવાનો હુકમ મોકલ્યો હતો. અને એ હિદાયત પણ કરી હતી કે તેઓ થોડાક અકલમંદ અને ખૂબસૂરત માણસોને એલચી બનાવીને શાહે ઈરાનની પાસે મોકલે જે એને જિઝીયો કે ઈસ્લામ કબૂલ કરવાની દા'વત આપે. જેથી હઝરત સઅદ رضی اللہ عنہએ હઝરત નુઅમાન બિન મકરનની સરદારીમાં ચૌદ માણસોનું એક પ્રતિનિધિમંડળ મદાઈન રવાના કર્યું. એ એલચીઓના તમામ સરદારો બહાદુરી અને તકરીરો તથા વાતચીતમાં ચોટીના લોકો હતા. તેઓ અરબના સાદા રિવાયતી પોશાકમાં સજી ઘોડાઓની નગ્ન પીઠ પર સવાર મદાઈન પહોંચ્યા તો ઈરાની એમને જોઈને નવાઈ પામતા હતા કે આ લોકો કેવા હાલમાં પોતાના દેશની સરદારી કરવા આવ્યા છે ! યઝદઘરદને ઈસ્લામી સરદારોની આગમનની જાણી મળી તો એણે ઘણા જ શાનો શૌકતથી દરબાર સજાવ્યો અને અરબ સરદારોને બોલાવ્યા. એ લોકોએ દરબારમાં પહોંચીને યઝદઘરદ સાથે ઘણી જ નીડરતાની વાતચીત કરી અને એને ઈસ્લામ કે જિઝીયા કબૂલ કરવાની દા'વત આપી. એના પર યઝદઘરદ ગુસ્સામાં આવી ગયો અને એણે ચીસ પાડીને કહ્યું :–

"તમે ભૂખા નગ્ન લોકો અમારા દેશને લૂંટવાનું ઈચ્છો છો ! હું તમારા માટે એટલું કરી શકું છું કે તમારા ઊંટો પર અનાજ અને ખારેક લાદી દઉં અને અરબ પર એવો હાકિમ નક્કી કરી આપુ જે તમારા લોકોની આરામનો ખ્યાલ રાખે, એના સિવાય જો તમે કાંઈ ઈચ્છો તો બેઈજ્જત અને નામુરાદીની મૌતના સિવાય કાંઈ નહીં મળશે."

એના જવાબમાં સરદારોના એક વ્યક્તિએ હઝરત કૈસ બિન ઝરાહએ આગળ વધીને કહ્યું :–

"અય બાદશાહ ! અમે બધા અરબના શરીફ લોકો છીએ, તમારી બેઈજ્જત કરનાર વાતો એના લાયક નથી કે એનો જવાબ આપવામાં આવે, જેથી સાંભળી લો કે અમે ખરેખર ખુદાની બદ્તર મખ્લૂક હતા પરંતુ અલ્લાહે અમારા પર પોતાનો ફઝલ કર્યો અને અમારા વચમાં એક પૈગંબર ﷺ મોકલ્યા જેણે અમને હિદાયતનો રસ્તો બતાવ્યો. જો તમે પણ આ હિદાયત કબૂલ કરી લો તો અમારા ભાઈ બની જશો નહીં તો જિઝીયો કે તલ્વાર એક ચીજ તમારે કબૂલ કરવાની રહેશે."

હવે યઝદઘરદનો સબરનો પ્યાલો છલકાવ્યો, એણે ધૂળ, રાખ મંગાવીને મુસલમાનોની આગળ ફેંકી અને કડકાઈથી કહ્યું :–

"તમને આ ધૂળ મળશે ધૂળ ! એને ઉઠાવો અને અહીંયાથી નીકળી જાઓ."

હઝરત આસિમ બિન અમ્ર رضی اللہ عنہ એ માટી પોતાની ચાદરમાં નાખી લીધી અને બીજા વ્યક્તિ સરદારની સાથે ખુશ ખુશ હઝરત સઅદ رضی اللہ عنہ ની ખિદમતમાં પાછા ગયા. એમણે હઝરત સઅદ رضی اللہ عنہ ને મુબારકબાદી આપી કે અય અમીર ! દુશ્મને પોતે પોતાની જમીન અમને આપી દીધી. ઈન્શાઅલ્લાહ ! હવે આપણે જરૂર સરઝમીને ઈરાન પર કબ્જો મેળવીશું.

આ બાજુ એ સરદારોના આવવાથી પહેલાં જ યઝદઘરદનો સિપેહસાલાર રૂસ્તમ એક જર્રાર લશ્કરની સાથે સાબાત પહોંચી ચૂક્યો હતો. સરદારોના મદાઈનથી જતાં જ યઝદઘરદ રૂસ્તમને હુકમ મોકલ્યો કે સાબાતથી ચાલીને કાદસિયા પહોંચો અને મુસલમાનોને પીસી નાખો. આ હુકમ મળતાં જ રૂસ્તમે એક લાખ એંસી હજાર ફૌજ અને ત્રણસો જંગી હાથીઓની સાથે સાબાતથી કાદસિયાની તરફ એ શાનથી કૂચ કરી કે એની ફૌજનો એક એક સિપાહી બખ્તરબંધ હતા, તંબૂઓ ઝરી અને બાદલાઓના હતા, જેને જોઈને નજરો અંધ થતી હતી. જંગી હાથીઓના કદમોની ધમકથી જમીન કાંપી કાંપી ઉઠતી હતી. ખૂદ રૂસ્તમનો તખ્ત સોનાનો હતો જેના પર સોનેરી છત્ર છાયો કરેલ હતું. મતલબ આ શૌનો શૌકતથી રૂસ્તમ કાદસિયાના સામે અતીકની જગા પર રોકાયો હતો. તે એક અનુભવી જનરલ હતો અને મુસલમાનોના જેહાદના જોશનો પોતે અંદાજો કરી ચૂક્યો હતો. એટલા માટે તે પોતાની જબરદસ્ત લશ્કરી તાકાત હોવા છતાં ઈચ્છતો હતો કે લડાઈ ટળી જાય. જેથી એણે હઝરત સઅદ رضی اللہ عنہ ને પયગામ મોકલ્યો કે પોતાનો કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ મારી પાસે સુલેહની વાતચીતના માટે મોકલો. હઝરત સઅદ رضی اللہ عنہ એ એની ઈચ્છા પર ત્રણ કે ચાર એલચીઓ રવાના કર્યા પરંતુ સુલેહની મિટિંગમાં મુસલમાન એલચીઓની સાફ સાદા અને બેધડક વાતોએ રૂસ્તમને આગમાંથી જવાળા બનાવી દીધો અને છેલ્લા એલચીને એણે એ એલાન કરીને પાછો વાળ્યો કે કાલે અમે મુસલમાનોને કચડી નાખીશું.

**બરકાતે ખ્વાજા (માસિક)ની લેખ હરીફાઈનો વિષય**

**ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં નવયુવાનોનો કિરદાર અને આપણે**

**દારુલ ઉલૂમોના ઉસ્તાદોને વિનંતિ કે તલબાને લેખ લખવામાં માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરે. લેખ મોકલવાની અંતિમ તારીખ ૧૨–૬–૨૦૦૭ છે તેની નોંધ લેવી.** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઇલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## તયમ્મુમની રીત

તયમ્મુમ કરવાની નિય્યત કરી બિસ્મિલ્લાહ પઢી કોઈક એવી પાક ચીજ કે જે જમીનના પ્રકારમાંથી હોય તેના ઉપર બંને હાથ મારી હાથ ઉલ્ટાવી લેવા, વધારે ધૂળ લાગી ગઈ હોય તો હાથ પર હાથ મારી ખંખેરી લેવા અને એના વડે આખા મોંનો મસહ કરવો પછી બીજી વાર એવી જ રીતે હાથ મારી નખોથી લઈ કોણીઓ સુધી બંને હાથોનો મસહ કરવો. તયમ્મુમ થઈ ગયું. તયમ્મુમમાં માથા અને પગનો મસહ કરવામાં આવતો નથી. તયમ્મુમમાં ફક્ત ત્રણ વાતો ફર્ઝ છે, બાકીની સુન્નત છે.

## તયમ્મુમના ફર્ઝો

**(૧)** નિય્યત એટલે વુઝૂ કે ગુસલ અથવા બંનેવની પાકી માટેનો દિલમાં ઈરાદો કરવો. જો હાથ માર્યા પછી તયમ્મુમની નિય્યત કરી તો તયમ્મુમ ન થયું. તયમ્મુમનો દિલમાં ઈરાદો કરવો એ ફર્ઝ છે, પરંતુ સાથે જીભ વડે બોલીને નિય્યત કરવી બેહતર છે. તેની રીત એ છે કે દા.ત. કહે કે, "હું તયમ્મુમ કરું છું વુઝૂ માટે અથવા ગુસલ માટે, નાપાકી દૂર કરી પાકી મેળવવા માટે અને નમાઝ જાઈઝ થવા માટે" આમ બોલીને પછી માટી પર હાથ મારે.

**(૨)** પૂરેપૂરા મોં ઉપર હાથ ફેરવવા કે વાળ બરાબર પણ જગ્યા બાકી ન રહી જાય. નહીં તો તયમ્મુમ થશે નહીં.

**(૩)** બંને હાથોનો કોણીઓ સમેત પૂરેપૂરી જગ્યામાં મસહ કરવો. એક વાળ બરાબર પણ જગ્યા રહી જશે તો તયમ્મુમ થશે નહીં.

**મસ્અલો** : દાઢી, મૂછ અને ભવાંના વાળો ઉપર હાથ ફેરવવા જરૂરી છે.

**મસ્અલો** : મોંની હદ અહીંયા પણ એટલી જ ગણાય છે જેટલી વુઝૂમાં ગણાય છે, પરંતુ તયમ્મુમ મોંની અંદર કરવામાં આવતું નથી. પરંતુ મોં બંધ કર્યા પછી જેટલાં હોઠ ખુલ્લા રહે છે તેના ઉપર મસહ જરૂરી છે.

**મસ્અલો** : હાથ ખંખેરવામાં તાળી ન વાગવી જોઈએ, પરંતુ એની રીત એ છે કે અંગૂઠાને અથાડવા જેથી વધારાની ધૂળ ખંખેરાઈ જશે.

**મસ્અલો** : આંગળીઓમાં જો ધૂળ ન પહોંચી હોય તો ખિલાલ કરવો ફર્ઝ છે, નહીં તો સુન્નત છે અને એ જ રીતે દાઢીમાં પણ.

**મસ્અલો** : જો એક જ તયમ્મુમમાં વુઝૂ અને ગુસલ બંનેની નિય્યત કરી તો પણ ચાલી શકે છે. બંનેવ થઈ જશે.

**મસ્અલો** : ગુસલ અને વુઝૂ બંનેની તયમ્મુમમાં સરખી રીત છે.

## કઈ ચીઝથી તયમ્મુમ જાઈઝ છે અને કઈથી નહીં

તયમ્મુમ તે જ ચીજથી થઈ શકે છે જે જમીનની જાતિમાંથી હોય, અને જો જમીનની જાતિમાંથી નથી તો તેનાથી તયમ્મુમ નથી થઈ શક્તું.

**મસ્અલો** : જે ચીજ આગથી બળીને રાખ ન બની જતી હોય, ન પીગળતી હોય કે ન તો નરમ–પોચી થઈ જતી હોય તે જમીનની જાતિમાંથી છે એનાથી તયમ્મુમ જાઈઝ છે. જેથી માટી ધૂળ, રેતી, ચૂનો, સૂરમો, હડતાલ, ગંધક, મરદાસીંગ, ગેરૂ, પથ્થર, જબરઝદ, ફીરોઝા, અકીક, ઝમરદ વગેરે ઝવેરાતથી તયમ્મુમ જાઈઝ છે, ભલે એના

ઉપર ધૂળ ન લાગેલી હોય.

**મસ્અલો** : જે માટી વડે તયમ્મુમ કરવામાં આવે તેનું પાક હોવું જરૂરી છે. એટલે કે એના ઉપર કોઈપણ નાપાકીની અસર ન હોવી જોઈએ, અને ન તો એવું હોય કે ફક્ત સુકાઈ જવાને કારણે નાપાકીની અસર જતી રહી હોય.

**મસ્અલો** : જે ચીજ ઉપર નાપાકી પડી અને સૂકાઈ ગઈ તેનાથી તયમ્મુમ નહીં થઈ શકે. પછી ભલે નાપાકીની અસર બાકી ન હોય. જો કે તેના ઉપર નમાઝ પઢી શકાય છે.

**મસ્અલો** : એવો વહેમ (શંકા કરવી) કે કોઈક વખત તો નાપાકી પડી હશે એ ફોગટ છે. એવી શંકા વિશ્વાસપાત્ર નથી.

**મસ્અલો** : રાખ વડે તયમ્મુમ જાઈઝ નથી.

મસ્અલો : જો ધૂળમાં (માટીમાં) રાખ મળી જાય તો જો ધૂળ (માટી) વધારે હોય તો તયમ્મુમ જાઈઝ છે, નહીં તો નહીં.

**મસ્અલો** : ભીની માટીથી તયમ્મુમ જાઈઝ છે. જ્યારે કે માટીનો ભાગ વધારે હોય.

**મસ્અલો** : જો કોઈક લાકડી કે કપડા પર એટલી ધૂળ ચોંટી છે કે હાથ મારવાથી આંગળીઓનાં નિશાન પડે છે તો તેનાથી તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલો** : ચુનાની દિવાલ પર (ભીંત પર) તયમ્મુમ જાઈઝ છે. (બહારે શરીઅત વગેરે)

**મસ્અલો** : પાકી ઈંટ વડે તયમ્મુમ જાઈઝ છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જમીન કે પથ્થર બળીને કાળાં થઈ જાય તેનાથી તયમ્મુમ જાઈઝ છે. એવી જ રીતે પથ્થર બળીને ભસ્મ થઈ જાય તો તેનાથી પણ જાઈઝ છે.

## તયમ્મુમ તોડનારી ચીજો

જે ચીઝોથી વુઝૂ તૂટે છે અથવા ગુસલ વાજિબ થાય છે એનાથી તયમ્મુમ પણ જતું રહેશે, અને એ સિવાય પાણી મેળવી કે વાપરી શકવાની કુદરત (શક્તિ) ધરાવતાં પણ તયમ્મુમ તૂટી જશે.

**મસ્અલો** : કોઈ એવી જગ્યાએ થઈ નીકળ્યો કે પાણી એક માઈલની અંદર હતું તો તયમ્મુમ તૂટી ગયું, પાણી સુધી પહોંચવું જરૂરી નથી. પરંતુ ઉંઘવાની હાલતમાં પાણી પાસે થઈ પસાર થવાથી તયમ્મુમ તૂટશે નહીં.

**મસ્અલો** : બીમાર માણસે ગુસલ (નહાવા) માટેની નિય્યતથી તયમ્મુમ કર્યું હતું અને હવે એટલો તંદુરસ્ત થઈ ગયો કે નહાવાથી નુકસાન નહીં થાય તો તયમ્મુમ તૂટી ગયું.

**મસ્અલો** : એટલું પાણી મલ્યું કે વુઝૂમાં ધોવાના ભાગો એક એકવાર ધોઈ શકાય છે તો તયમ્મુમ તૂટી ગયું, પરંતુ એનાથી ઓછું છે તો ન તૂટયું. એવી જ રીતે ગુસલના તયમ્મુમવાળાને પણ ગુસલમાં જે બાબતો ફર્ઝ છે તેટલા માટે પણ થઈ રહે તેમ ન હોય તો તયમ્મુમ ન તૂટયું, નહીં તો તયમ્મુમ તૂટી જશે. (ફર્ઝો અદા થાય તેટલું પાણી હોય તો તયમ્મુમ તૂટી જશે.)

**મસ્અલો** : કોઈકે ગુસલ અને વુઝૂ બંને માટે એક જ તયમ્મુમ કર્યું હતું, પછી એવી કોઈ બાબત બની કે જેનાથી વુઝૂ તૂટી જાય છે, અથવા એટલું પાણી મેળવ્યું કે જેનાથી ફક્ત વુઝૂ કરી શકે છે અથવા બીમાર હતો અને હવે એવો સારો થઈ ગયો છે કે વુઝૂ કરવાથી નુકસાન નહીં થાય પણ નહાવાથી નુકસાન થશે, તો ફક્ત વુઝૂ માટેનું તયમ્મુમ તૂટી ગયું અને ગુસલનું બાકી રહ્યું.


**શું બરકાતે ખ્વાજા (માસિક) આપને ગમ્યું?!**

જો આ માસિક દીનો સુન્નિયતની ખિદમતમાં અનોખો રોલ ભજવી રહેલું આપને જણાય તો દીન તથા સુન્નિયતના પ્રચાર માટે અલ્લાહને રાજી કરવાની નિય્યતે ગ્રાહકો કરીને મોકલો. અલ્લાહ જઝાએ ખૈર અતા કરે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# મિશ્નરી શિક્ષણનું બેક ગ્રાઉન્ડ

## અને નાપાક યોજનાઓ

કાર્યાલય

ઈસાઈયત વિ□ કક્ષાએ ઈસ્લામની ઘણી જબરદસ્ત હરીફ છે સામ્રાજ્યવાદને સૌથી મોટો ખતરો પોતાના વિસ્તાર વધારવાની યોજનાઓ સામે ઈસ્લામથી જ છે. સામ્યવાદ તથા લોહિયાળ ક્રાંતિની પડતી પછી તો એ વાત ખુલીને ઉઘાડી રીતે સામે આવી ગઈ છે. પરંતુ એમની અંદર અમુક ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ એવી જોવા મળે છે કે કોઈ પણ મુસલમાન મને કમને એમની પ્રશંસા કર્યા વિના રહી નથી શક્તો. દા.ત. એમની પાસે પોતાના નાપાક ઈરાદાઓને પાર પાડવા માટે ઉચ્ચ કક્ષાનું આયોજન જોવા મળે છે. ઈસ્લામને ચાહનારાઓની વિરુધ્ધ કોઈ પણ કાર્યવાહીમાં તેઓ એકબીજા સાથે ખભે ખભા મિલાવીને ચાલતા જોવા મળે છે. પોતાની કોઈ પણ જીત પર હદથી વિશેષ ખુશ ન થવું, ભૂતકાળની હારો તથા પીછેહઠોથી સબક લઈને ભાવિના માટે વ્યુહ રચના કરવી તેમના ધર્મનું જ એક અંગ બની ગયું છે. એ જ ખાસિયતોને કારણે ઈસાઈયત અસંખ્ય આંત્રિક મુશ્કેલીઓ તથા સમસ્યાઓ છતાં અત્યારે પણ ઈસ્લામના મુકાબલામાં હજી સુધી જીવંત તથા સલામત છે. ઈસ્લામના ૧૪૦૦ વરસનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ઈસાઈયતે ઈસ્લામ તથા મુસલમાનોને આ દુનિયામાંથી ખત્મ કરવા માટે કોઈ કસર બાકી નથી રાખી. ભૂતકાળની સલીબી જંગો અને ષડયંત્રો આ વાતની સાબિતી છે. કેટલાક મોકાઓ એવા પણ આવ્યા છે કે એવું જણાતું હતું કે ખરેખર ઈસ્લામનું નામો નિશાન થોડાક જ વરસોમાં દુનિયાથી નષ્ટ થઈ જશે. તાતારીઓએ જ્યારે ઈસ્લામી રાજધાની બગ઼દાદ પર હુમ્લો કર્યો તો લગભગ આખા જગતવાળાઓને એવું યક઼ીન થઈ ગયું હતું કે કદાચ જ મુસલમાનો હવે ફરીથી માથુ ઉઠાવી શક્શે. મુસલમાનોની છૂટથી કત્લેઆમ અને તેમની લાશોને દજલા નદીમાં નાખી દેવામાં આવી, સર્વ ધાર્મિક કિતાબો સળગાવી દેવામાં આવી, પરિણામ એ આવ્યું કે નદીનું પાણી ક્યારેક મુસલમાનોના લોહીથી લાલ થતું તો ક્યારેક સળગી ગયેલી પવિત્ર કિતાબોથી કાળુ થતું.

પરંતુ ઈતિહાસે જોયું કે આખી કાયાપલટ થઈ ગઈ, જાલિમ તથા ક઼ાતિલ તાતારી જ અચાનક ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા અને ઈસાઈયતને ફરી એકવાર નિરાશાનું મોં જોવું પડયું. હવે તેઓની પાસે મુસલમાનોને દબાવવા એના સિવાય કોઈ ઉપાય ન રહ્યો હતો કે તેઓ મુસ્લિમ દેશો પર પોતાની શક્તિના બળે કબજો કરે અને દરેક જગાએ સત્તાને પોતાના હાથોમાં લઈને મુસલમાનોને રાજકિય તથા આર્થિક રીતે પોતાના હાથ હેઠળ રાખે. પરિણામ એ આવ્યું કે જોત જોતામાં એશિયા તથા આફ્રિકાના મોટા ભાગના મુસ્લિમ દેશો પર ફ્રાંસ, બ્રિટન, રશિયા તથા ઈટાલી વગેરેનો કબજો થઈ ગયો. બ્રિટનના કબ્જામાં ૧૭ દેશો આવ્યા, ફ્રાંસે ૧૬ દેશોને તાબા હેઠળ કર્યા અને રશિયાએ પણ મોટા મુસ્લિમ રાજ્યો પર કબજો જમાવ્યો. ચીને જે છ રાજ્યો પર કબજો કર્યો તે એના સિવાયનાં હતાં. આ રીતે ઈસ્લામી જગતનું સંયુક્ત ક્ષેત્રફળ એક કરોડ ૬૫ લાખ ચોરસ માઈલ જેટલું હતું તે ૪૫ લાખ માઈલથી પણ ઘટી ગયું. એ ૧૨ મી સદી હિજરીથી લઈને ૧૩મી સદી હિજરી સુધીનો જમાનો હતો. જ્યારે હિંદુસ્તાનમાંથી ૧૧૫૦ વરસ પૂરાણી ઈસ્લામી હુકૂમતનો ઈ.સ. ૧૮૫૭ ખાત્મો થયો. ઉત્તર, પૂર્વ, પશ્ચિમ તથા મધ્ય આફ્રિકાના મોટા ભાગના દેશો ઈસાઈઓના કબજામાં ચાલ્યા ગયા. પરંતુ **ઈસ્લામની ફિતરત (પ્રકૃતિ)માં દબાઈને રહેવું ન કેવળ મુશ્કેલ બલ્કે અશક્ય છે,** એટલા માટે જલ્દીથી ફરી તે ઉભરાવા લાગ્યો અને

પહેલાં કરતાં કેટલાયે ગણો ૧૨ આઝાદ મુસ્લિમ દેશોની સાથે દુનિયાના બે કરોડ ચોરસ માઈલથી અધિક એટલે ૨૫% એરિયા પર સત્તા કરતો દેખાવા લાગ્યો. ઈસાઈયત ઈસ્લામની આ પ્રગતિને કઈ રીતે સહન કરી શક્તી હતી ! તેને તો પોતાના ધર્મના પ્રચાર કરતાં અધિક હમેશાં મુસલમાનોને નાબૂદ કરવાની ચિંતા લાગેલી હતી. જેમ કે યૂરોપમાં વિશ્વ કક્ષાએ ઈસાઈયતના અતિશય બુદ્ધિશાળી એજ્યુકેટેડ તથા ગંભીર રીતે વિચારતા લોકોની મિટિંગ યોજાયી જેથી ઈસ્લામની વિરુધ્ધ અત્યાર સુધીની તેમની નિષ્ફળ પોલીસીના સ્થાને કોઈ અન્ય મજબૂત યોજના અમલમાં લાવવામાં આવે. એટલા માટે કે **તેમના વરસો વરસના અનુભવોથી એ વાત સાબિત થઈ ગઈ હતી કે આ દુનિયાથી મુસલમાનોનો ખાત્મો કોઈ રીતે શક્ય નથી. પૂર્વમાં તેમને દબાવવામાં આવે છે તો પશ્ચિમથી તેઓ માથુ ઉઠાવે છે, ઉત્તરમાં તેમને દબાવવામાં આવે છે તો દક્ષિણમાં તેમનો સૂર્યોદય થાય છે.** હવે કેવળ, એક સ્થિતિ બાકી રહી જાય છે કે **એમને આ દુનિયામાં રહેવા તો દેવામાં આવે પરંતુ અભાનપણે ઈસ્લામ, તૌહ઼ીદ તથા મજબૂત અકીદાથી તેમનો સંબંધ એવી રીતે કટ કરી દેવામાં આવે કે તેઓ નામના મુસલમાન રહી જાય** અને ઈસાઈયત માટે નુકસાનકર્તા રહેવા ન પામે. એના માટે આ કમીશનની મિટિંગમાં હાજર સભ્યોને કેટકેટલાએ મહિનાઓનો સમયગાળો કેવળ એટલા માટે આપવામાં આવ્યો કે તેઓ સોચી સમજીને અને ચિંતન મનન કર્યા બાદ કોઈ એવી પ્રયોગ પાત્ર તજવીઝ કમીશન સમક્ષ રજૂ કરે જેનાથી તેમના ઉપરોક્ત ઈરાદાઓની પરિપૂર્ણતા થઈ શકે. યાદ રાખશો કે આ તે જમાનો હતો જ્યારે દુનિયા સાયન્સી પ્રગતિના એક નવા યુગમાં પ્રવેશ પામી ચૂકી હતી. પ્રચાર માધ્યમો માટે નવા સાધનોની શોધ થઈ ચૂકી હતી. મુસલમાનોમાં ક્રમે ક્રમે શૈક્ષણિક જાગૃતિ પેદા થઈ ચૂકી હતી, પરંતુ બીજી બાજુ અમુક દેશોમાં દૌલતની ભરમાર છતાં મોટા ભાગના મુસ્લિમ દેશો ખાસ કરીને આફ્રિકા ખંડના દેશોની આર્થિક બુરી દશાનો શિકાર હતા. એટલા માટે આ સૌ સંજોગો તથા પ્રસંગોને લક્ષમાં રાખતાં કમીશન સમક્ષ જે વિવિધ તજવીઝો ચર્ચા હેઠળ આવી એમાંથી અમુક મહત્વની નીચે પ્રમાણે છે :–

**(૧)** મુસલમાનોની વિશ્વ કક્ષાએ સામાન્યતઃ ગરીબી તથા તંગદસ્તીથી નાજાઈઝ લાભ ઉઠાવીને આફ્રિકા તથા એશિયાના પછાત મુસ્લિમ દેશોના કંગાળ મુસલમાનોને લાલચ આપીને ઈર્તેદાદ (દીન ફરી જવા)ની તરફ તૈયાર કરવાની કોશિશ કરવામાં આવે, એના માટે યૂરોપ અમેરિકાના ઈસાઈ દેશો તરફથી આ ક્ષેત્રમાં કામ કરવાવાળી સંસ્થાઓની ન કેવળ મદદ કરવામાં આવે બલ્કે આંત્રિક રીતે તેનું માર્ગદર્શન પણ કરવામાં આવે.

**(૨)** પ્રચાર માધ્યમોના નિત નવા યંત્રોની શોધ થઈ ચૂકી છે અને મુસલમાનોનો સંપત્તિવાન તથા માલદાર તબકો એનાથી ફાયદો ઉઠાવી રહ્યો છે **એટલા માટે સામાન્યતઃ ફેલાતી બદ્અખ્લાકી (ખરાબ સંસ્કારો) તથા બેહયાઈના ફેલાતા ખયાલો અને માલદાર પબ્લિકની ગુમરાહીને જોતાં તેમના શોખ તથા પસંદ મુજબના બિભત્સ પ્રોગ્રામો રજૂ કરીને તેમાં અભાનપણે તેમને તેમના મઝહબથી દૂર કરવાની અમુક એવી ચીજો ઘુસાડી દેવામાં આવે જેનાથી ક્રમે ક્રમે ખૂદ બ ખૂદ મુસલમાનોને ઈસ્લામથી નફરત થવા લાગે.**

આ બંને પ્રપોઝલોને તાત્કાલિક ધોરણે અમલી સ્વરૂપ આપવામાં આવ્યું. આફ્રિકા તથા એશિયાના પછાત મુસ્લિમ દેશોમાં ઈસાઈ (ખ્રિસ્ત્રી) મિશનરીઓની વિશાળ જાળ ફેલાવી દેવામાં આવી, હોસ્પિટલો તથા રાહત કાર્યો કરતી સંસ્થાઓની સ્થાપ્નાની આડમાં પોતાના નાપાક હેતુઓને હાંસલ કરવાની કોશિશ કરવામાં આવી. પરિણામે

આફ્રિકાના જંગલ વિસ્તાર તથા દૂર દૂરના વિસ્તારોમાં વસનારા મુસલમાનો પોતાની આર્થિક સમસ્યાઓ તથા મુશ્કેલીઓથી તંગ આવીને તેમની જાળમાં ફસાવા લાગ્યા અને જોત જોતામાં લાખોની સંખ્યામાં ઈસ્લામ ત્યજીને મુર્તદ પણ થઈ ગયા. મલેશિયા, ઈન્ડોનેશિયા તથા બંગલાદેશ વગેરેની અંદર પણ તેમને આ ક્ષેત્રે કામયાબી મળી. દરેક રીતે મુસલમાનોને માલ તથા દૌલતની લાલચ આપવાની કોશિશ કરવામાં આવી જેનાથી તેમનું પ્રભાવિત થવું સ્વભાવિક બાબત હતી. મુસીબતના વખતે એ લોકો ઘણા જ પ્રમાણમાં હમદર્દ બનીને તેમની પાસે આવતા હતા, જેથી ખુશ થઈને આ (મુસલમાનો) તેમને પોતાનું ઈમાન તથા દીન પણ આપી બેઠા અને તેમની હમદર્દીપૂર્ણ વાતોથી જેમાં ઈસ્લામથી નફરત પેદા કરવાવાળી અમુક અભાનપણે થતી વાતો ઘુસેલી હતી તેનાથી પ્રભાવિત થઈને ઈસ્લામથી નીકળીને ઈસાઈયતમાં દાખલ થઈ ગયા[૧].

અમુક વરસો પછી તેમણે પોતાની કોશિશોનું યૂરોપમાં ફરીને એકત્ર થઈને અવલોકન કર્યું તો તેમને એહસાસ થયો કે તે બંનેવ તજવીઝો પર અમલ કરવા છતાં વિશ્વ કક્ષાએ સર્વ મુસલમાનોની વૈચારિક તથા માનસિક તબદીલીના માટે ઘેરાવ નથી થઈ શક્યો. દૌલતની લાલચથી ગરીબ વર્ગ અને પ્રચાર માધ્યમો થકી કેવળ માલદાર વર્ગ જ તેમની જાળમાં ફસાઈ રહ્યો છે. મુસલમાનોનો મધ્યમ વર્ગ હજી પણ તેમની પકડથી બહાર છે. કોઈ એવી યુક્તિ હોવી જોઈએ કે જે તમામ મુસલમાનોને કવર કરી શકે. છેવટે ચર્ચા વિચારણા અને ચિંતનો મનનોના અંતે તેઓ એ પરિણામ પર પહોંચ્યા કે એક યુક્તિ એવી છે જેમાં મુસલમાનોનો મધ્યમ વર્ગ પણ સરળતાપૂર્વક તેમની યોજનાનો શિકાર થઈ શકે છે, તે એ કે અત્યારે આખા જગતમાં મુસલમાનોમાં પોતાની શૈક્ષણિક ક્ષેત્રે ઉણપનો એહસાસ પેદા થઈ રહ્યો છે, દરેક જગાએ શિક્ષણ બાબતે જાગૃતિમાં દિવસે દિવસે ઉમેરો થઈ રહ્યો છે. વર્તમાનમાં હજી સુધી શિક્ષણનો સંબંધ રાજકરણ તથા ધર્મ સાથે નથી, તો કેમ ન જગા જગાએ શૈક્ષણિક સંકુલો સ્થાપીને પ્રારંભથી જ ભોળા દિમાગોવાળાં નિર્દોષ બાળકોને પોતાના કબજામાં લઈને તેમનું બ્રેઈન વોશિંગ આપણી મરજી મુજબ કરવામાં આવે ! એવો શૈક્ષણિક કોર્સ તૈયાર કરવામાં આવે જેનાથી મુસ્લિમ તબકાની ઈસ્લામના બારામાં સોચને એવી બદલી નાખવામાં આવે કે એ જ મુસ્લિમ તબકો આગળ જતાં ઈસ્લામના વિરુધ્ધમાં આગળ આગળ રહે[૨].

આ રીતે ઈસ્લામના ઘરને ઈસ્લામના ચિરાગો વડે જ આગ લગાડવામાં આવે. જો કે વ્યક્તિગત રીતે આ કામ ઘણા અગાઉથી દરેક જગાએ ઈસાઈઓ થકી થઈ રહ્યું છે પરંતુ હવે તેને સંયુક્તપણે તથા વિશાળ ક્ષેત્રે કરવાની જરૂરત છે. મુસલમાનોને આકર્ષવા માટે તેમને શૈક્ષણિક સ્કોલરશીપ પણ આપવામાં આવે જેથી કોઈપણ વિદ્યાર્થી આપણી પકડથી બહાર ન રહે. ઉચ્ચ કક્ષાની પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવે. શરૂ શરૂમાં આ શૈક્ષણિક સંકુલોના આર્થિક નુકસાનને ઈસાઈ ગવર્નમેન્ટો તથા પ્રાઈવેટ સંસ્થાઓ તરફથી ભોગવવામાં આવે. મુસલમાનોની ૨/૩ વસ્તી હજી પણ દરેક જગાએ ગામડાંઓમાં રહે છે એટલા માટે ત્યાં જઈને કામ કરનારા મિશનરીના સભ્યોને

*૧. આજે આ અંગ્રેજ પોલીસી પર વહાબી દેવબંદીઓ પણ અમલ કરીને સુન્નીઓના ઈમાનો છીનવી રહ્યા છે. ધરતીકંપ, પાણીનું પુર, કૌમી તોફાન વગેરેમાં આ જ રીતે તેઓ કામ કરીને લોકોને બેઈમાન બનાવી રહ્યા છે. –**અનુવાદક***

*૨. જેમ કે આવી સ્કૂલોમાં ભણેલા અસંખ્ય લોકો ઈસ્લામ વિરુધ્ધ બકવાસ કરતા હોય છે, કેટલાક તો ખૂબ આ ક્ષેત્રે આગળ વધી ગયા છે. જેમ કે શૈતાન સલમાન રૂશ્દી તથા નિર્લજ્જ લજ્જાહિન તસ્લીમા નસ્રીન.*

શહેરોમાં કામ કરનારાઓના કરતાં અધિક પગારો આપવામાં આવે. મુસલમાનોની માનસિકતાને જોતાં એ પણ નક્કી થયું કે એ મિશનરી સ્કૂલોમાં મુસલમાનોની સ્થાનિક ભાષાઓ તથા તેમની ધાર્મિક તા'લીમની પણ વ્યવસ્થા કરવામાં આવે જેથી મુસલમાનોનો દીનપસંદ વર્ગ પણ સરળતાપૂર્વક પોતાનાં બાળકોને તેમના હવાલે કરી શકે. તે બાળકોને પોતાના ધર્મનો આંધળો વિરોધી ન બનાવવામાં આવે બલ્કે ખૂદ તેને એ દરમ્યાન તેમની ધાર્મિક તા'લીમથી સજ્જ કરીને તેમાંથી જ તેને ખામીઓ કાઢવા તથા વાંધા કાઢવા માટે ટ્રેનિંગ આપવામાં આવે. આ અમલી તજવીઝથી કમીશનના સર્વ સભ્યોએ સહમતિ દર્શાવી અને તેને અમલી સ્વરૂપ આપવામાં આવ્યું. ઠેક ઠેકાણે જોત જોતામાં મિશનરી સ્કૂલો સ્થાપિત થઈ ગઈ. ખૂદ તે શૈક્ષિણક સંકુલોમાં કામ કરનારા ઈસાઈ ટીચરોની ટ્રેનિંગના માટે સંપૂર્ણ ઈસ્લામી દીની તા'લીમના માટે મોટા મોટા ઈદારા યૂરોપ તથા અમેરિકામાં સ્થાપવામાં આવ્યા જ્યાં તેમને કુર્આન તથા હદીષ અને ફિક્હ તથા ઈસ્લામિયાતની તા'લીમ આપવામાં આવતી હતી, જેથી કરીને એ જ ટીચરો આગળ જતાં પોતાની પૂરી જાણકારી સાથે મુસ્લિમ નાના બાળકોના માટે વૈચારિક ઈર્તેદાદ (દીનથી બગાવત)નો સામાન સરળતાપૂર્વક પૂરો પાડી શકે. અહીંથી પઢી ભણીને ફિરંગી લેખકો એટલા નિષ્ણાત તથા ઈસ્લામી વિદ્યાઓ પર એટલા પ્રમાણમાં ઊંડી નજર ધરાવનારા નીકળ્યા કે ઈસ્લામી જગત સામે મોટી મોટી મૂલ્યવાન ઈસ્લામી કિતાબો તેમણે તૈયાર કરીને રજૂ કરી. તેમની આ અંતિમ તજવીઝ પર ઝડપભેર અમલ કરવાનું પરિણામ એ રીતે સામે આવ્યું કે લગભગ ૪૦ વરસથી અલલ એલાન ઈસ્લામથી નીકળવાવાળાઓની સંખ્યામાં તો કમી આવી પણ દિમાગી, વૈચારિક રીતે ઈસ્લામ દીનથી ફરી જનારાઓમાં ઝડપભેર વધારો થયો. **આજે એ મિશનરી સ્કૂલોની નહૂસતથી એક નવો વર્ગ એવો પેદા થઈ ગયો છે જે જાહેરી રીતે તો મુસલમાન છે પરંતુ વૈચારિક ધોરણે ખયાલોના હિસાબે ઈસ્લામથી દૂર થઈ ચૂક્યો છે** કે ઈસ્લામનો તલાક઼નો ક઼ાનૂન તેની સમજમાં નથી આવતો, ઈસ્લામી સજાઓ જેમ કે કત્લ, ઝિના તથા ચોરી વગેરેના માટે કેસાસ (ખૂનનો બદલો ખૂન), સંગસારી તથા હાથ કાપવાની સજાને તે જંગલીપણુ તથા અમાનવીય કૃત્ય ઠરાવી રહ્યો છે. આજે કેટલાય બાતિલ ધર્મો ઈસ્લામની બુનિયાદો પર શક કરી રહ્યા છે, દરેક રીતે મુસલમાનોને કમજોરથી કમજોર કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. હવે પ્રશ્ન એ છે કે શું કોઈ મુસલમાન ઈસ્લામી ક઼ાનૂનો પર વાંધો ઉઠાવ્યા બાદ મુસલમાન બાકી રહી શકે છે ?! જ્યારે કેવળ એક કુર્આની આયતના ઈન્કારથી માણસ ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાય જાય છે તો શું ઈસ્લામની પાયાની ચીજોમાં શક કર્યા પછી બલ્કે ઈન્કાર કર્યા પછી માણસ કાફિર થશે નહીં ?! આ મિશનરી સ્કૂલોના અમુક મુસ્લિમ વિદ્યાર્થીઓના દિમાગી તથા વૈચારિક ઈર્તેદાદ (ફરી જવાનો) નક્શો જુઓ.

આ જ દેશનો એક મુસ્લિમ વિદ્યાર્થી જેની પ્રાથમિક તા'લીમ ''કોન્વેન્ટ''માં થઈ હતી. સરકારી નોકરી માટેના ઈન્ટરવ્યુ દરમ્યાન જ્યારે ટેસ્ટ લેનારે સવાલ કર્યો કે ઈસ્લામમાં પુરૂષને તલાક઼નો હક્ક઼ હાંસલ છે પરંતુ સ્ત્રી આ હક્ક઼થી વંચિત છે. પુરૂષને એક સાથે ચાર પત્નીઓ રાખવાની ઈસ્લામમાં ઈજાઝત છે, જ્યારે કે સ્ત્રીના માટે આ રીતની કોઈ ગુંજાઈશ નથી ! આ સંબંધે એક મુસલમાન તરીકે તમારો શો ખયાલ છે ? તો તે મુસ્લિમ નવયુવાન તે વાંધાઓનો જવાબ આપવાને બદલે કહેવા લાગ્યો કે, ''મને ખૂદ આ ઈસ્લામી ક઼ાનૂનો પર વાંધો છે ! સ્ત્રીઓના સંબંધે આ ઈસ્લામનો અન્યાય ખૂદ મારી સમજથી બહાર છે ! મારા ખયાલ મુજબ આ ઈસ્લામી ક઼ાનૂનોમાં ફેરફાર કરીને પુરૂષની જેમ સ્ત્રીને પણ એક સાથે ચાર શાદીઓ કરવાની રજા આપવી જોઈએ જેથી બંને વચ્ચે સમાનતા જળવાઈ રહે.''

એક મુસ્લિમ વિદ્યાર્થીએ મિશનરી સ્કૂલમાં જ્યારે પોતાના ટીચર પાસેથી એ સાંભળ્યું કે રોઝા માણસના માટે ગૈર ફિતરી (પ્રકૃતિ વિરુધ્ધ) તથા નિરર્થક અમલ છે. ડોકટરી દષ્ટિએ ચાર પાંચ કલાકો સુધી સતત કાંઈ ન ખાવા પીવાથી એવી કમજોરી ઊભી થાય છે જેની અસર વૃદ્ધાવસ્થામાં જાહેર થાય છે. જ્યારે આ વિદ્યાર્થી પોતાના ઘરે આવ્યો તો તેણે પોતાનાં અભણ પણ દીનદાર પિતાને જેમણે ઉચ્ચ કક્ષાના શિક્ષણના શોખથી પોતાના જિગરના કટકાને "કોન્વેન્ટ"માં દાખલ કરાવ્યો હતો તેમને પૂછયું કે શું ખરેખર રોઝાથી શરીરમાં કમજોરી આવે છે ? અને એ નિરર્થક અમલ છે તો તે બીચારો (બાપ) એના સિવાય કાંઈ જવાબ ન આપી શક્યો કે, આ આપણા ખુદાનો હુકમ છે. પરંતુ તેનો પુત્ર રોઝાના ફાયદાઓને બૌદ્ધિક દષ્ટિએ પણ સાબિત કરવા માટે આગ્રહ કરી રહ્યો હતો, અને કહેવા લાગ્યો કે કાલથી હું પણ નિરર્થક રોઝા રાખીને મને પોતાને થકવીશ નહીં, જ્યાં સુધી તમે મને એ ન સમજાવી આપો કે એનાથી કાંઈક ફાયદો પણ છે★. એ દરમ્યાન બે ત્રણ દિવસમાં તે છોકરો મૃત્યુ પામ્યો એથી પહેલાં કે એનો બાપ એને કોઈક રીતે સમજાવવાની કોશિશ કરતો, રોઝાના ઈન્કાર સાથે જ તે દુનિયાથી ગયો.

એક "કોન્વેન્ટ"માં એક બાળકની પેન તથા બોક્ષમાંથી તેની લેડિઝ ટીચરે ચુપકેથી કાઢી લીધી. જ્યારે બાળકે પોતાની પેન ગુમ થવાની ફરિયાદ કરી તો તેને કહેવામાં આવ્યું કે, તું તારા અલ્લાહ પાસે તારી પેન પાછી માંગ ! કે તે તારી પેન તને પાછી આપે. વારંવાર માંગવા છતાં પણ જ્યારે તેને તેની પેન ન મળી તો તે રડવા લાગ્યો. તો તેને તેની ટીચરે કહ્યું, હવે અમારા ખુદા ઈસા મસીહ પાસે એકવાર માંગીને જો ! તો યોજનાપૂર્વક તે જગાએ છતમાં ઉપર દેખાય ન શકે તેવું નાનુ કાણુ પાડવામાં આવ્યું હતું જેથી જેવા તે છોકરાની જીભેથી શબ્દો નીકળ્યા કે, "હે ઈસા મસીહ ! મારી પેન પાછી આપો !" તેવી જ ત્યાંથી તેને ફેંકવામાં આવી. હવે બાળકના દિલમાં એ વાત ઘર કરી ગઈ કે નઊઝુબિલ્લાહ ! ખુદા પાસે માંગવાથી તો પેન પરત ન આવી પણ ઈસા મસીહે મારી વાત સાંભળી લીધી. ઘરે પહોંચ્યો તો એ બાળકનો પોતાની મમ્મી પાસે એ આગ્રહ હતો કે હવે તે દરેક ચીજ ઈસા મસીહથી માંગશે. તેની માંએ તેને સમજાવવાની કોશિશ કરી પરંતુ તે પોતાના અનુભવના આધારે કોઈ વાત સાંભળવા તૈયાર ન થયો. તે જ દિવસે તે કોઈ કામથી બહાર ગયો અને ગાડીના એક અકસ્માતમાં મૃત્યુ પામ્યો. હવે બતાવો કે ખુદાને બદલે ઈસા મસીહને રબ માનવા પર તેનો ખાત્મો થયો તો તે છોકરો મુસલમાન થઈને મર્યો કે કાફિર થઈને ?! અને તેનો કોના સેહરો માથે ગયો ? જાહેર વાત છે તેના માટે તેનાં માં બાપ પણ જિમ્મેદાર હતાં.

સારાંશ કે એશિયાખંડમાં આ મિશનરી સ્કૂલોએ મુસ્લિમ વિદ્યાર્થીઓ તથા નવયુવાનો–યુવતીઓની મોટી સંખ્યા ઉભી કરી દીધી છે જેઓ જાહેરમાં તો મુસ્લિમ છે અને કેટલાક નમાઝ–રોઝાના પાબંદ પણ છે, ઓળખપત્રમાં તથા મતદાર યાદીમાં ધર્મના ખાનામાં મુસલમાન જ પોતાને નોંધાવે છે, પરંતુ દિમાગી તથા વૈચારિક દષ્ટિએ ઈસ્લામથી ખૂબ દૂર તેઓ નીકળી ચૂક્યા છે. મુસલમાનોના માટે ચાર પત્નીઓની સંખ્યાના શરઈ હક્ક પર મનાઈ મૂકવાની માંગમાં ગૈર મુસ્લિમોની સાથે ખભે ખભે મિલાવી ચાલતા જોવા મળે છે. દેશના ઈતિહાસમાં ઔરંગઝેબ આલમગીર તથા ટીપુ સુલ્તાન શહીદને આ જ મુસ્લિમ કહેવાતો તબકો પૂર્વગ્રહી, કટ્ટરવાદી કહીને બુરા ઠરાવી રહ્યો છે. હોદ્દાઓની લાલચમાં અને પોતાની ખુરશી બચાવવાની ફિકરમાં ગવર્નમેન્ટને ખુશ કરવાના માટે મંદિરોમાં હાજરી તથા શિર્કમય તથા કુફ્રી અકીદાઓ પર તેને રજમાત્ર પણ શરમ નથી આવતી.

★ *રોઝા ઈસ્લામમાં ફર્ઝ છે એનો ઈન્કાર કુફ્ર છે. અને ટીચર જૂઠુ બોલ્યો કેમ કે રોઝાના ફાયદા વૈજ્ઞાનિક દષ્ટિએ પણ પુરવાર થયેલા જ છે.* **–અનુવાદક**

આ બધું એ જ શિક્ષણની અભાનપણે થયેલી અસરો છે જે ક્રમે ક્રમે જાહેર થઈ રહેલ છે.

ઈસ્લામી સમાજનાં ઘડકતાં દિલો ! આ ઈસ્લામી ઈતિહાસનો સૌથી દર્દનાક તથા ખતરનાક વળાંક છે, જો ભયાનક તોફાન તથા ઈર્તેદાદ (દીનથી ફરી જવાના)ના પુરને રોકવામાં ન આવ્યું તો ભાવિમાં આવનારી પેઢીઓમાં ઈસ્લામ તથા ઈમાન બાકી રહેવાની કોઈ ગેરંટી નથી. જ્યારે આ મિશનરી સ્કૂલોના ઈસ્લામના સંબંધે ખતરનાક પ્રોગ્રામોથી માહિતગાર કરવામાં આવે છે તો એક પ્રશ્ન એ કહેવામાં આવે છે કે શિક્ષણને ધર્મ સાથે શો સંબંધ ? સારી તથા ઉચ્ચ કેળવણી ગમે તેની પાસેથી પણ મેળવવામાં આવે એમાં શું ખરાબી છે ? જી હા ! જો કોઈ નિખાલસપણે (નિઃસ્વાર્થપણે) શિક્ષણ તથા કેળવણીનું કામ કરે તો કોઈ વાંધો નથી, અહીં તો એ મિશનરી સ્કૂલોની યોજનાઓ ખતરનાક છે. તેઓ શિક્ષણ તથા કેળવણીની આડમાં આ ભોળાં ભાળાં બાળકોને ઈસ્લામથી જ ફેરવી રહ્યા છે. અર્વાચીન મનોવૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે સંપાદકના સંસ્કારની પણ અસર વાંચકો પર પડે છે તો **કોઈ ઉસ્તાદ (ટીચર)ની માનસિક તથા સંસ્કારિક અસર બાળકો પર શાથી નહીં પડે !** ઈસ્લામ તરફથી મૂળ શિક્ષણનો વિરોધ નથી, બલ્કે તે ટીચર તથા લેડિઝ શિક્ષિકાઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે જેમની નિય્યતોમાં ઈસ્લામના વિશે પૂર્વગ્રહ તથા ખરાબી છે. ઈસ્લામ કોઈપણ વિદ્યા તથા કળાની ઈલ્મ પ્રાપ્તિનો વિરોધી નથી. આજના આ પ્રગતિશીલ યુગમાં સાયન્સ તથા ટેક્નોલોજીની તા'લીમ ઈસ્લામને સાચા અર્થમાં સમજવા માટે ન કેવળ જાઈઝ છે બલ્કે એક હદ સુધી અનિવાર્ય થઈ ગઈ છે. કુર્આનની સેંકડો આયતોનો સંબંધ આજની અર્વાચીન શોધો સાથે છે. ભૂગોળ વિદ્યા તથા ઈતિહાસ વિદ્યા વિના પાછલી ઉમ્મતોની હાલતો સાચા અર્થમાં સમજી નથી શકાતી. ગણિત શાસ્ત્ર વિના ઈસ્લામના એક મહત્વના રુકન વારસા વહેંચણીથી વાકેફિયત થઈ જ નથી શકતી. અર્થશાસ્ત્રનો ઈલ્મ તો કુર્આનના મો'જિઝાઓને સમજવાના માટે અતિશય જરૂરી છે. ઈસ્લામમાં અર્વાચીન તથા પ્રાચીનની કોઈ વહેંચણી નથી, આ સર્વ ઈલ્મો (વિદ્યાઓ) તો ઘણા જ પૂરાણા છે, હવે જ્યારે કેવળ નામો બદલાઈ ગયાં છે તો અમે તેનો વિરોધ કેમ કરીને કરી શકીએ છીએ. અત્યારે સૌ મહાન જરૂર આપણી પેઢીઓમાં ઈમાનની રક્ષાની છે. હવે જીભ થકી મુર્તદ થનારાઓનો ખતરો તો ઘણો જ ઓછો થઈ ગયો છે, **પરંતુ ઈમાન દિમાગોએથી એ રીતે વિદાય થઈ રહ્યું છે કે માં બાપ તથા વાલીઓને તેનો એહસાસ પણ નથી થતો.** આ સૌ મિશનરી સ્કૂલોની આયોજનપૂર્વકની પોલીસીની અસર છે, જે હવે ક્રમે ક્રમે મુસ્લિમ સમાજમાં જાહેર થઈ રહેલ છે.

ધારો કે જો મિશનરી સ્કૂલોનો કોર્સ અને તેની શિક્ષણ પદ્ધતિ ઘણી જ ઉચ્ચ તથા લાભદાયી છે તો શું આપણે તેનો એવજ તૈયાર નથી કરી શક્તા ? શું આપણે એવી સ્કૂલો ખૂદ નથી ચલાવી શક્તા ? એના વૈચારિક ઝહેરથી સાફ કોર્સ તથા તેમની ઈમાન તોડ કેળવણીથી પવિત્ર શૈક્ષણિક સંકુલો મુસલમાન ખૂદ તૈયાર કરી શકે છે. ધારો કે તાત્કાલિક આ ન થઈ શકે તો પણ **વિચારણા કરો કે ઈમાન આપી દઈને કોઈ ઊંચી ડિગ્રી લેવી એ લાભદાયી સોદો કહેવાય શકે છે ?** શું મુસલમાનો માટે પણ દુનિયા જ સર્વ કાંઈ છે ?

અલ્લાહ તઆલાથી દુઆ છે કે હબીબે પાક ﷺના સદકા વ તુફૈલ મુસ્લિમ કૌમ વૈચારિક ઈર્તેદાદ (દીનથી ફરી જવાના) ખતરાને અનુભવે અને પોતાની ભાવિ પેઢીઓમાં ઈમાનની રક્ષાની ફિકર તથા યોજના કરે. આમીન

**ચમન કી આબયારી કર જિગર કે ખૂનસે નાદાં**
**અગર ઈસ ખાકગીતી પર કોઈ ગુલઝાર ચાહતા હૈ**

*–(અશરફિયા, મુબારકપુર, ડિસે. ૨૦૦૫)*

દેવબંદી ધર્મની અસલિયત

# નબી વલી માટે માનો તો શિર્ક!

# દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન !

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ખાસ નોંધ** ☞ આ વાતો ખોટી પુરવાર કરી આપે તેને **એક લાખ રૂપિયા ઈનામ !** અને અમારા પર બદનક્ષીનો દાવો કરવાની છૂટ ! –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ભારતખંડમાં મુસ્લિમ જગતની એકતામાં મહાન ફાચર મારનાર, મુસ્લિમોની શક્તિને વેરવિખેર કરવામાં સૌથી મહાન ઘા ફટકારનાર ગુમરાહ બાતિલ વહાબી દેવબંદી ફિર્કાની અસલિયત જાણવા માટે તેમની જ કિતાબોના આધારે તેમની માન્યતાઓ "નબી", "વલી" માટે કેવી છે અને "પોતાના મોલ્વીઓ" માટે કેવી છે તેનો શાંત ચિત્તે અભ્યાસ કરો અને ઈન્સાફથી તમે જાતે જ નિર્ણય લો કે, વાડા બંધી દૂર કરો, ફિર્કા બંધી દૂર કરો વગેરેના સૂત્રો પુકારનારા તથા "મુસ્લિમ એકતા"ની બૂમો પાડનારા આ દેવબંદીઓએ મુસલમાનોમાં કેવા કેવા વિખવાદનાં બીજ રોપેલાં છે. અને "સુન્ની–દેવબંદી બંને એક જ છે ! ઉપરના મતભેદોને ભૂલી જવા જોઈએ !" એવી મીઠી મીઠી લપસણી વાતો કરનારા ખૂદ જણાવે કે શું આ મતભેદો ઉપર ઉપરના જ છે કે અહીં ઈમાન તથા કુફ્રનો સવાલ છે ?! અલ્લાહના રસૂલની તૌહીન કરવી એ શું મામૂલી વાત છે ? રસૂલે પાક ﷺની તૌહીન કરનારા સાથે કયા મુદ્દે એકતા થઈ શકે ? શું આપણે એટલા બધા ઉદાર બની જઈએ કે કુર્આન–હદીષ તેવાને કાફિર કહે અને આપણે મુસલમાન જ કહીએ ?!

આવો ! તેમના દ્વિમુખી, દોરંગી અકીદાઓનો અભ્યાસ કરો અને ફેંસલો કરો કે આ ધોકાબાઝ લોકો કયા મોઢે પોતાને મુસલમાન કહે છે અને પોતાને નબીની ઉમ્મત હોવાનું કહે છે !

## નબી, વલી માટે ઈલ્મે ગયબ સંબંધે દેવબંદીઓનો અકીદો

દેવબંદી પેશ્વાઓ નબીઓ વલીઓના ઈલ્મે ગયબ સંબંધે શું કહે છે તેનો અભ્યાસ કરો. એકતાની વાતો કરનારા વરસોથી આ કિતાબો છાપતા આવ્યા છે અને હજીય લાખોની સંખ્યામાં આ કિતાબો છપાઈ રહી છે ! તેનાં લખાણો વાંચતા ચાલો :–

### હુઝૂરનો ઈલ્મ બાળકો, પાગલો જાનવરો જેવો ?!

"આપની મુકદ્દસ જાત પર ઈલ્મે ગયબથી મુરાદ અમુક ગયબ છે કે કુલ ? જો અમુક ગયબનો ઈલ્મ મુરાદ છે તો એમાં હુઝૂર ﷺની શી વિશિષ્ટતા (ખૂબી) છે ?! એવો ઈલ્મે ગયબ તો ઝયદ તથા અમ્ર બલ્કે બાળક, પાગલ બલ્કે સર્વ જાનવરો તથા ચોપગાંઓના માટે પણ ઉપલબ્ધ છે." મઆઝલ્લાહ ! –*(હવાલો : હિફઝુલ ઈમાન, દારુલ કિતાબ : દેવબંદ, પેજ–૧૫, અઝ : મોલ્વી અશ્રફ અલી થાનવી)*

### શૈતાન માટે ઈલ્મે ગયબ માનો તો શિર્ક નહીં ! રસૂલ માટે માને તો શિર્ક !

"મતલબ કે વિચારવું જોઈએ શૈતાન તથા મલકુલ મૌતનો હાલ જોઈને જમીનને ઘેરતા ઈલ્મનું ફખ્રે આલમને માટે કતઈ નસો (દલીલો)ની વિરુધ્ધ વિના દલીલે કેવળ ફાસિદ કયાસથી સાબિત કરવું શિર્ક નથી તો કયો ઈમાનનો હિસ્સો છે ? શૈતાન

તથા મલકુલ મૌતને આ ઈલ્મી વિશાળતા નસથી (કુર્આની દલીલથી) સાબિત થઈ, ફખ્રે આલમના માટે ઈલ્મી વિશાળતાની કઈ કતઈ નસ (કુર્આની દલીલ) છે ?★ જેનાથી તમામ નસો (દલીલો)ને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે."

*–(હવાલો : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી દેવબંદી, કિતાબ : બરાહીને કાતિઅહ્, પેજ–૫૫)*

### હુઝૂર માટે ઈલ્મે ગયબનો ઘસીને ઈન્કાર !

"જે કોઈ એવું કહે કે રસૂલુલ્લાહ ﷺ અથવા કોઈ ઈમામ અથવા બુઝુર્ગ ગયબની વાત જાણતા હતા અને શરીઅતના અદબથી મોઢેથી કહેતા ન હતા, તે મહાન જૂઠો છે. કેમ કે ગયબની વાત અલ્લાહ સિવાય કોઈ નથી જાણતુ."*–(હવાલો : તક્વિયતુલ ઈમાન, દારુસ્સલફિય્યહ–મુંબઈ, પેજ–૪૮, તથા કુતુબખાના મસ્ઉદિયહ, પેજ–૪૦, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

"કોઈ નબી, વલી અથવા ઈમામ તથા શહીદના વિશે કદાપિ એ અકીદો ન રાખો કે તે ગયબની વાત જાણતા હતા, બલ્કે રસૂલુલ્લાહ ﷺના બારામાં પણ એ અકીદો ન રાખે." *(હવાલો ઉપર મુજબ, પેજ–૪૭ તથા ૪૫, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

### નબી વલી તથા આમ લોકો સૌ સમાન બેખબર તથા નાદાન, છે !

"અને એવી રીતે કોઈ એ વાતમાં પણ તમને મોટાઈ નથી કે અલ્લાહે ગયબની જાણકારી તેમના ઈખ્તિયારમાં આપી દીધી હોય કે જેના દિલનો હાલ જ્યારે ચાહે જાણી લે, અથવા જે ગાયબનો હાલ જ્યારે ચાહે માલૂમ કરી લે કે જીવતો છે કે મરેલો, અથવા કયા શહેરમાં છે અથવા કયા હાલમાં છે. (વગેરે) આ વાતોમાં બંદાઓ મોટા (નબી વલી) હોય કે નાના (આમ લોકો) હોય સૌ સરખા, બેખબર તથા નાદાન છે." *–(હવાલો : ઉપર મુજબ, પેજ : ૪૬ તથા ૪૪, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

### નબીને દીવાલ પાછળની પણ ખબર નથી !

"હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને ઈલ્મે ગ્યબ ન હતો ન કદી એનો દાવો કર્યો અને કલામુલ્લાહ શરીફ અને ઘણી હદીષોમાં મૌજૂદ છે કે 'આલિમુલ ગ્યબ' ન હતા. અને એ અકીદો રાખવો કે આપને ઈલ્મે ગ્યબ હતો એ ઉઘાડુ શિર્ક છે." *(હવાલો : ફતાવા રશીદિયહ, અઝ : મોલ્વી રશીદ અહમદ ગંગોહી)*

"ઈલ્મે ગયબ એ હક્ક તઆલા માટે ખાસ છે, એ શબ્દને કોઈ પણ તાવીલ સાથે બીજા માટે વાપરવો શિર્કના વહેમથી ખાલી નથી."*(હવાલો : ઉપર મુજબ)*

"અને શયખ અબ્દુલ હક્ક રિવાયત કરે છે કે (હુઝૂરે ફર્માવ્યું કે) મને દીવાલની પાછળનો ઈલ્મ નથી." *–(હવાલો : બરાહીને કાતિઅહ્, પેજ–૫૫, અઝ : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી)*

### અલ્લાહના આપવાથી પણ માનો તોય શિર્ક !

ઈલ્મે ગયબના બારામાં કોઈ નબી વલીના સંબંધે એવું માનવું કે, "જે ખયાલ તથા વહેમ મારા દિલમાં ગુજરે છે તે સૌથી વાકેફ છે અને આ પ્રકારની વાતો શિર્ક છે.... ચાહે આ અકીદો નબીઓ–વલીઓથી રાખે, ચાહે પીર તથા શહીદથી, ચાહે ઈમામ તથા ઝાદાથી, ચાહે ભૂત તથા પરીથી. **પછી ભલે એવું સમજે કે આ વાત તેમનામાં પોતાની જાતથી છે, ચાહે અલ્લાહના આપવાથી.** સારાંશ કે આ અકીદાથી **દરેક રીતે શિર્ક** સાબિત થશે.

*★ શું આ દેવબંદી મૌલાનાને આ કુર્આની આયતો રસૂલે પાકના ઈલ્મે ગયબ સંબંધી ન દેખાયી ?! તો શૈતાનના ઈલ્મે ગયબનો ડંકો વગાડી રહ્યા છે ! અને રસૂલ માટે ઈન્કાર કરી રહ્યા છે.*

*(તકવિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી દેવબંદી ગુરૂ, પેજ–૪૦)*

આ લખાણોથી ચમકતા સૂરજની જેમ રોશન થઈ ગયું કે દેવબંદીઓ માને છે કે નબી, વલીના માટે ઈલ્મે ગ઼યબ હોવાનું માનવું શિર્ક છે, કોઈ તાવીલ સાથે પણ ઈલ્મે ગયબનો શબ્દ અલ્લાહ સિવાય કોઈના માટે વાપરી શકાય નહીં. અલ્લાહના અતાથી (આપવાથી) પણ કોઈને ઈલ્મે ગયબ હોવાનું માનવું શિર્ક ઠરે છે **આ મજબૂત દેવબંદી અક઼ીદો છે** એ આ લખાણો પુરવાર કરે છે.

આ તો નબી, વલી માટે ઈલ્મે ગયબ ન હોવા વિશે તેમનો અક઼ીદો હતો. હવે આવો ! દેવબંદી મોલ્વીઓ માટે, ઘરના બુઝુર્ગો માટે ઈલ્મે ગયબ બાબતે તેમની માન્યતા શું છે તેને ઈન્સાફપૂર્વક જોતા ચાલો ! :–

## પોતાના મોલ્વીઓને ઈલ્મે ગયબ હોવા વિશે દેવબંદીઓનો અક઼ીદો

### મોલ્વી રશીદ અહમદ ગંગોહીનો ઈલ્મે ગયબ !

**મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે :–**

"એકવાર મેં ગંગોહની ખાનકાહમાં રાખેલા બદનામાં કૂવેથી પાણી ભરી પીધું તો પાણી કડવું હતું. મેં રશીદ અહમદ ગંગોહીને કહ્યું તો તેમણે કહ્યું કે કૂવાનું પાણી તો મીઠુ છે ! પરંતુ તેમણે ચાખ્યું તો પાણી કડવુ હતું. ઝહોરની નમાઝ બાદ સૌ નમાઝીઓએ અને પોતે પણ કલમાએ તૈયેબહ પઢયો પછી દુઆ કરી. પછી પાણી પીધું તો પાણી મીઠુ હતું. ત્યારે ગંગોહીએ કહ્યું કે **આ બદનાની માટી એ કબરની છે જેના પર અઝાબ થઈ રહ્યો હતો ! અલ્હમ્દુ લિલ્લાહ ! કલ્માની બરકતથી અઝાબ દુર થઈ ગયો !** *(હવાલો : તઝેકરતુર્રશીદ, ભાગ–૨, પેજ–૨૦૨)*

**શું આ ઈલ્મે ગયબ નથી ? તો અહીં દેવબંદીઓને શિર્ક ન દેખાયું ?! અને રસૂલે ખુદા માટે લખે કે "દીવાલ પાછળની ખબર નથી !" અલ્લાહની અતાથી માનો તે પણ શિર્ક ! આ કયો ધર્મ છે ? વિચારો !**

**અશરફ અલી થાનવીએ બહવાલા મોલ્વી અબ્દુલ્લાહ રિવાયત કરે છે કે :–**

"એક મોલ્વીના ઈન્તેકાલની ખબર આવી એના પર મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ કહ્યું કે 'મોલ્વી'નું મોઢું કિબ્લાથી ફરી ગયેલું હશે, **જેનો જીવ ચાહે કબર ખોલીને જોઈ લે ! હું જોઈ રહ્યો છું કે મોઢુ કિબ્લાથી ફરી ગયું છે !**

*–(હવાલો : હસનુલ અઝીઝ, ભાગ–૪, હિસ્સો–૨, હપ્તો–૧૦, પેજ–૧૬૪)*

### મોલ્વી આશિક ઈલાહી મેરઠી લખે છે

"મુન્શી નિષાર અલી અને ગૌહરખાન મુલાઝિમ પલ્ટન ૬૫ લઈને બયઅતના ઈરાદા સાથે લખનૌથી ગંગોહ રવાના થવા તૈયાર થયા. દરવાજા પર સવારી સુદ્ધાં આવીને ઊભી થઈ ગઈ હતી. અચાનક કોઈ હાકેમના આવવાનો તાર આવ્યો અને બરાબર નીકળવાની અણીના સમયે તે ઓફિસરના હુકમથી રોકાવું પડયું, તે દિવસ પછી પરવારીને ગંગોહ પહોંચ્યા તો હઝરતે (ગંગોહીએ) સ્પષ્ટ જણાવ્યું કે, **"તમે બંનેવ જણા ફલાણા દિવસે રવાના થવા ઈચ્છતા હતા પણ રોકી લેવામાં આવ્યા હતા. અને જ્યારે ખાવા દસ્તરખાન પર આવ્યું તો કહેવા લાગ્યા કે તમારી સાથે બે ટટ્ટુઓ પણ તો છે, છેવટે તે પણ મારા મહેમાન છે, પ્રથમ તેમને ઘાસ દાણા પહોંચાડવા જોઈએ. જો કે બંનેવ ટટ્ટુ પર આવ્યાની ખબર આપને કોઈ માણસે આપી ન હતી."** *(હવાલો : તઝકેરતર્રુશીદ, ભાગ–૨, પેજ–૨૨૪)*

## માંના પેટમાં શું છે ? તે વિશે દેવબંદી અકીદો

જેમ કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે :–

"એ જ પ્રમાણે જે કાંઈ માંના પેટમાં છે તેને પણ કોઈ નથી જાણી શક્તું કે એક છે કે બે, નર છે કે માદા, સંપૂર્ણ છે કે અપૂર્ણ, ખૂબસૂરત છે કે બદ્‌સૂરત." *(તકવિયતુલ ઈમાન, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

તે ઉપરાંત દેવબંદી મોલ્વી મંઝૂર નોઅમાનીએ લખ્યું છે કે :–

"તે પાંચ ગયબ (જેમાં માંના પેટમાં શું છે ? એ પણ સામેલ છે) જેને હક્ક્ તઆલાએ પોતાના માટે ખાસ (ગયબના ઈલ્મો) કરી લીધેલ તેની ખબર ન કોઈ નિકટતા ફરિશ્તાને આપી, ન કોઈ નબી કે રસૂલને." *(કિતાબ : ફત્હે બરેલી કા દિલકશ નઝારા, પેજ–૮૫, અઝ : મંઝૂર નોઅમાની)*

આ છે દેવબંદી અક્‌ીદો ! હવે એમના હાથે એમના જ અક્‌ીદાના ખૂન થવાનાં દશ્યો પણ જોતા ચાલો ! :–

## અબ્દુલ્લાહખાન રાજપૂતનો ઈલ્મે ગ્‌યબ !

"શાહ અબ્દુર્રહીમ વિલાયતીના એક મુરીદ અબ્દુલ્લાહખાન જે રાજપૂત કૌમમાંથી હતા તેમની પાસે જો કોઈ પોતાના ઘરમાં ગર્ભ હોતો અને તાવીઝ લેવા આવતુ તો તેને અબ્દુલ્લાહ બતાવી આપતા હતા કે તારા ઘરમાં પુત્રી થશે કે પુત્ર. અને જે અબ્દુલ્લાહ બતાવી આપતા હતા તેવું જ થતું હતું." *[દેવબંદી કિતાબ : હિકાયાતે અવલિયા (નવુ નામ), હિકાયત નં. ૧૪૭, પેજ–૧૮૪ તથા અરવાહે ષલાષા (જૂનુ નામ) હિકાયત : ૧૪૭)*

## શાહ અબ્દુર્રહીમના ખલીફાનો અજબનો ઈલ્મે ગ્‌યબ !

"પંજાબમાં શાહ અબ્દુર્રહીમના ખલીફા રાવ અબ્દુર્રહ્‌માનના કશ્ફની એ હાલત હતી કે **કોઈ પુત્રી કે પુત્ર માટે તાવીઝ માંગતું તો તરત જ કહી આપતા કે તારા ઘમાં પુત્ર થશે કે પુત્રી.** લોકોએ વિનંતિ કરી કે હઝરત ! આ કેવી રીતે તમે જણાવી આપો છો ?! ફર્માવ્યું, **શું કરું ! આપોઆપ જન્મ પામનારાનો ચેહરો સામે આવી જાય છે !"**

*–(હવાલો : ઉપર મુજબ, હિકાયત નં. ૨૫૪, પેજ–૨૭૧, તથા સવાનેહે કાસિમી, ભાગ–૮, પેજ–૨૫૭)*

## અશ્રફઅલી થાનવીના જન્મ વિશે ઈલ્મે ગયબ!

"હાફિઝ ગુલામ મુર્તઝાએ અશ્રફઅલી થાનવીના જન્મ પહેલાં આગાહી કરી કે થાનવીની માતાને બે પુત્રો થશે, એકનું નામ અશ્રફ અલી રાખશો અને બીજાનું નામ અકબર અલી રાખજો અને એ પણ બતાવી આપ્યું કે એક હાફિઝ તથા મોલ્વી થશે અને બીજો દુનિયાદાર થશે. સવાનેહ (જીવન ચરિત્ર) લેખકના કથનાનુસાર એ સૌ આગાહીઓ શબ્દે શબ્દ સાચી ઠરી."

*–(હવાલો : અશ્રફુસ્સવાનેહ, ભાગ–૧, પેજ–૧૭)*

## મોલ્વી થાનવીનું "અશ્રફઅલી" નામ જ ઈલ્મે ગયબનો પુરાવો !

"થાનવીએ કહ્યું કે હું ગુલામ મુર્તઝા મજઝૂબની દુઆથી પેદા થયો છું. માતાની ઔલાદ જીવતી રહેતી ન હતી, કેમ કે બાપ ફારૂકી અને માતા અલ્વી જેથી ઉમર અને અલીની ખેંચતાણમાં તૂટી જતી હતી. ગુલામ મુર્તઝાએ કહ્યું કે અલી નામથી નિસ્બત કરવાથી ઔલાદ જીવતી રહેશે, **જેથી બંને ભાઈઓનાં નામ અશ્રફઅલી તથા અકબરઅલી પણ જણાવી આપ્યાં અને પણ જણાવી આપ્યું કે બંને પુત્રો થશે.**

*–(હવાલો : અલ્ ઈફાઝાતુલ યૌમિયહ્–દેવબંદ,*

ભાગ-૩, હપ્તો-૧૬, મલ્ફૂઝ-૧૧, પેજ-૧૪ તથા અશ્રફુસ્સવાનેહ, ભાગ-૧, પેજ-૧૬૪ તથા ૭)

હે ન્યાય પ્રિય વાંચકો ! ફરીથી આ સર્વ લખાણો પર નજર કરો અને તમારા નજીકના દેવબંદીઓને પૂછો કે, "નબી વલી માટે કોઈ તાવીલ સાથે પણ ઈલ્મે ગયબ માનો તો તમે મુશ્રિક થઈ જાવ ! અને દેવબંદી મોલ્વીઓ તથા તેમના ઘરના બુઝુર્ગોના માટે ઈલ્મે ગયબ માનો તો તમારા ઈમાનમાં કોઈ આંચ ન આવે ! કહો ! આ કયો ધર્મ છે ?! શું ઈસ્લામ આવો મઝહબ છે ?!

માટે સમજી લો કે વહાબિયત દેવબંદિયત એ નવો ગુમરાહ અધર્મ છે અને તેઓના અકીદા ઈસ્લામ વિરુધ્ધ છે માટે તેમનાથી દૂર થઈ જાવ ! એમને સગા ન બનાવો ન દોસ્ત બનાવો. નબીનો ગુસ્તાખ અથવા નબીના ગુસ્તાખને મુસલમાન સમજનાર તથા તેવા ગુસ્તાખ મોલ્વીઓને હસ્તી સમજનારને તમે કેમ કરીને સગો બનાવી શકો છો ! તેમની સાથે નિકાહ થતા જ નથી, જે થશે તે હરામકારી, ઔલાદ હરામની થશે, જેથી ચેતી જાવ. જે રસૂલનો નહીં તે આપણો નહીં! અને એવું રાખે તેનું નામ સાચો ઈમાનવાળો.

## નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

કાર્યાલય

### ★ મિસ્વાક અને મોંઢાની દુર્ગંધ ★

એક ભાઈ મોંઢાની બદબૂના માટે ઉચ્ચ કક્ષાની ટૂથ પેસ્ટ વાપરી ચૂક્યા હતા, એન્ટિસેપ્ટિક મંજન તથા વિવિધ પ્રકારની એન્ટિસેપ્ટિક દવાઓનો ઉપયોગ કરી ચૂક્યા હતા. મશ્વરો કર્યો તો પીલુડીનું મિસ્વાક વાપરવાની સલાહ આપવામાં આવી અને સાથોસાથ એ સાવધાની પણ સૂચવી કે દરરોજ મિસ્વાકના રેસા નવા હોય એટલે કે દરરોજ તે રેસાઓ કાપતા રહે અને નવા રેસા ઉપયોગમાં લે. (એ માણસ માટે જરૂરી છે નહીં તો મિસ્વાકના ફાયદાથી વંચિત રહેશે.) તો તે અમુક થોડાક જ સમય પછી સારો થઈ ગયો.

### ★ હૃદયના કોશોમાં પરુ અને મિસ્વાક ★

હકીમ એસ.એમ.ઈકબાલ અખ્બાર જહાનમાં લખે છે કે મારી પાસે એક બીમાર વ્યક્તિ આવી જેના હૃદયના કોશોમાં પરુ ભરેલ હતું અને હૃદયનો ઈલાજ કરતા રહ્યા પણ ફાયદો ન થયો. છેવટે ઓપરેશન કરીને પરુ કાઢી લેવામાં આવ્યું. થોડા સમય પછી ફરી પરુ ભરાઈ ગયું. થાકી હારીને મારી પાસે આવ્યા તો મેં ચેક અપ કર્યું તો જણાયું કે તેના મસોડા ખરાબ છે અને એમાં પરુ થયેલું છે અને તે પરુ હૃદયને નુકસાન પહોંચાડી રહેલ છે, એ સંશોધનને ડોકટરોએ પણ સ્વીકાર્યું.

હવે તેનો પ્રથમ ઈલાજ દાંતો તથા મસોડાંનો કરવામાં આવ્યો, ખાવા માટે અમુક અન્ટિસેપ્ટિક દવા અને પીલુડીનું મિસ્વાક ઉપયોગ કરવાના માટે આપવામાં આવ્યું તો ખૂબ જ જલ્દી બીમાર સાજો થઈ ગયો.

### ★ દાંતોની બીમારી અને દસ હજાર દિરહમ ★

અરબસ્તાનમાંથી એક બીમારે લખ્યું કે દાંતોની એક જૂની બીમારીમાં સપડાયેલો છું અને એના ઈલાજ પાછળ અત્યાર સુધીમાં દસ હજાર દિરહમ ખર્ચી ચૂક્યો છું, પરંતુ ફાયદો ન થયો. પત્રમાં જવાબ લખ્યો કે તમો કેવળ પીલુડીનું મિસ્વાક જ વાપરો અને બે મહિના સતત દિવસમાં પાંચવાર નમાઝોમાં અને એકવાર તહજ્જુદમાં વાપરો અને કોઈ પ્રકારની દવા ન વાપરો. અલ્હમ્દુલિલ્લાહ ! બીમાર આશ્ચર્યજનક તરીકાથી તંદુરસ્ત થઈ ગયો. પરંતુ મિસ્વાક તાજુ વાપરવું.

### ★ મોઢાનો સ્વાદ અને મિસ્વાક ★

એક ભાઈ મોઢાના સ્વાદની લિજ્જતથી મેહરૂમ હતા. ઘણા ઈલાજ કરાવ્યા પણ ફરક ન પડયો, એટલે સુધી કે કોઈકે જણાવ્યું કે તમે જીભ પર જરોઈ (ગંદુ લોહી ચૂસવા) લગાવડાવો. તેણે જીભને જરોઈ થકી ઝખ્મી કરી તેમ છતાં પણ ફાયદો ન થયો. તેને મશ્વરો આપવામાં આવ્યો કે તમે તદ્દન તાજુ (પીલુડીનું) મિસ્વાક વાપરો અને એક મહિના પછી જણાવો. બીમારનું કહેવું છે કે આ એક રૂપિયાની મિસ્વાક હજારોની દવાઓ પર ભારી છે ! અને તેનો સ્વાદ પાછો આવી ગયો.

## હાફિઝે મિલ્લતના ઈશ્કની ફતહે મુબીન

**કાર્યાલય**

વિશ્વ વિખ્યાત અરબી યુનિ. જામિઆ અશરફિયા મુબારકપુરના બાની હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના તક્વાની એક ઝલક દર્શાવતો પ્રસંગ રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કાલ સુધી લોકો એ અકીદાની હાંસી ઉડાડતા હતા કે કૌનેનનું પાટનગર ગુંબદે ખદરાની છાંવમાં છે પરંતુ હવે જ્યારે કે દિલોને આ અકીદો પયકરે મેહસૂસ બનીને સામે આવી ગયો છે તો કોના બુરા દિવસો આવ્યા છે કે તે આંખોના આ અનુભવને જૂઠલાવે. આમ તો જૂઠલાવવા માટે આંખોમાં ધૂળ ઝોંકીને પણ જૂઠલાવી શકાય છે પણ પોતાની જ નજરને જૂઠલાવવું આસાન નથી !

આ આશ્ચર્ય ફેલાવતી દાસ્તાનની વિગત એવી છે કે સરગિરોહે અતકિય્યા, અમીરે લશ્કરે આશિકાં હઝરત ઉસ્તાઝુલ ઉલમા શૈખુલ હદીષ અશરફિયા મુબારકપુર એક લાંબાકાળથી દયારે હબીબની ઝિયારતના માટે બેતાબ હતા પરંતુ સાથોસાથ દિલનો એ પણ આગ્રહ હતો કે ત્યાં જવાની પરવાનગી વિના ફોટાએ હાંસલ થઈ જાય ! ચાહનારાઓએ હજાર વિનવણી કરી કે આંતરરાષ્ટ્રિય કાનૂનથી કોઈ ખાસ વ્યક્તિને અપવાદ રાખવું અશક્યની હદ સુધી મુશ્કેલ છે. પ્રથમ તો એ કે શરૂથી જ ચાલ્યું આવ્યું છે કે અહલે સુન્નતના અકાબિરોનો દુનિયાની કોઈ પણ હુકૂમત સાથે નિયાઝમંદાના સંબંધ નથી. ધારો કે હિંદની ગવર્નમેન્ટે ફોટા વિના જવાની ઈજાઝત આપી પણ દીધી તો સઊદી અરબ પર આપણે કઈ રીતે દબાણ કરી શકીશું ? જ્યારે કે ત્યાંની ગવર્નમેન્ટ અકીદાની રૂએ આપણને પોતાનો હરીફ પણ સમજે છે. પરંતુ ઈશ્કનો દીવાનગીભર્યો હોસ્લો જુઓ કે માર્ગની એ સર્વ રુકાવટો છતાં ''દીવાનું થયેલ દિલ'' પોતાની જીદ પર અટલ રહ્યું. ખૈર, છેવટે કેટલાક દિવસો પછી આ સમસ્યાના નિવારણના માટે એક અજાણ્યા યકીનની રોશનીમાં સબબો પ્રતિ કદમ કાગળ વધારવામાં આવ્યા.

હસ્સાનુલ હિંદ હઝરત 'બેકલ ઉત્સાહી' જેમની દિલ આવેઝ સહર તરાઝ શખ્સિયતની અસર ફકીરની ઝુપડીથી લઈને રાષ્ટ્રપતિના મહેલ સુધી સમાન રીતે દરેક જગાએ છવાયેલી હતી, તેમણે આ ખિદમતની જિમ્મેદારી માથે ઉપાડી લીધી.

કોશિશોનો ક્રમ આંજહાની પંડિત નેહરૂથી શરૂ થઈને લાલબહાદુર શાસ્ત્રી સુધી પહોંચ્યો એટલે સુધી કે ઈંદિરાગાંધીના સત્તાકાળમાં હિંદુસ્તાનના વિદેશ ખાતાએ આ સમસ્યા સંબંધે સઊદી અરબ સાથે સંપર્ક કર્યો. વિવિધ મંઝિલોએથી પસાર થઈને દરખાસ્તની ફાઈલ સઊદી ગવર્નમેન્ટના સત્તાધીશ શાહ ફૈસલની સામે રજૂ કરવામાં આવી તો તેમણે પોતાની ખાસ સહી સાથે જવાબ મોકલ્યો કે ''અમારી ગવર્નમેન્ટ શૈખુલ હદીષને વિના ફોટોએ હજ્જ તથા ઝિયારતના માટે હિજાઝમાં પ્રવેશ કરવાની ઈજાઝત આપે છે.'' આ ઈજાઝતનામુ તદ્દન પહેલુ તથા અંતિમ છે. સઊદી અરબનો જવાબ મળ્યા પછી હિંદની ગવર્નમેન્ટે પણ ઈજાઝત આપી દીધી અને મુગલ લાઈને સીટ રિઝર્વ કરી લીધી. કાર્યવાહીના અંતિમ ચરણમાં પહોંચતાં જ આખા દેશમાં આ ખબર વીજળીવેગે ફેલાઈ ગઈ. મુગલ લાઈનની આપેલી તારીખ પર જ્યારે હઝરત ઉસ્તાઝુલ ઉલમા તૈયાર થઈને મુંબઈ પહોંચ્યા તો અચાનક એ ખબર જાણવા મળી કે સઊદી ગવર્નમેન્ટનો મુંબઈ સ્થિત કાઉન્સિલર વિના ફોટાએ વિઝા આપવા તૈયાર નથી, તો દિલો પર જાણે વિજળી પડી ! અરમાનોનું ખૂન થઈને રહી ગયું. દાસ્તાનનો આ જ તે હિસ્સો છે જેને અમે ''ફતહે મુબીન''થી તા'બીર કરેલ છે. ઊંડાણથી તપાસ કરતાં ભાળ મળી કે દેવબંદી ગૃપના તમામ વર્ચસ્વવાળા માણસોએ એક થઈને સઊદી હુકૂમતની કાઉન્સિલને દરખાસ્ત કરી કે સઊદી ગવર્નમેન્ટ સાથે અમારી જમાઅતનો લાંબા કાળથી નિયાઝમંદાના હાલ તમારાથી છુપો નથી પરંતુ આ અસામાન્ય સંબંધ છતાં અમારી જમાઅતના અમુક અસર ધરાવતા વડીલોની અતિશય જદ્દો જેહદ પછી પણ હજ્જની સફર માટે ફોટા વિના પરવાનગી ન આપવામાં આવી. હવે આ બહુમાન એક ''બિદઅતી મોલ્વી''ને આપવામાં આવી રહ્યું છે ! જે નજદી અકીદાઓનો સૌથી મોટો હરીફ છે. જો આ બહુમાન પાછુ લેવામાં ન આવ્યું

વધુ પેજ નં. ૧૮ પર..

બનાવટી જાહિલ પીરો પર શરીઅતનો કોરડો ?

# શું શરીઅત અને તરીકત અલગ અલગ છે ?!

રજૂકર્તા સૈયદ મુહમ્મદ ઈરફાનઅલી અબ્બાસ (કેરવાડાવાલા) દયાદરા
*(મુતઅલ્લિમ અલ જામિઅતુલ અશરફિયા, મુબારકપુર, યુ.પી.)*

અત્યારે કેટલાક જાહિલ સૂફી અને મક્કાર (ધોકાબાઝ) પીર પૂરા જોરોશોરથી એવો પ્રચાર કરતા જણાય છે કે શરીઅત અલગ છે અને તરીકત અલગ ! અને તરીકત જ અસલ છે, તરીકતના માર્ગ પર ચાલવાવાળાઓ માટે શરીઅત પર અમલ કરવો જરૂરી નથી ! આ પ્રમાણે તે જાહિલ પ્રજા અને નાદાન લોકોને પોતાની જાળમાં ફસાવી દીન અને શરીઅતથી ગુમરાહ કરી દે છે. અને પ્રજા જ્યારે જુએ છે કે તે સજાવટી તરીકતના માર્ગ પર આવીને પોતે શરીઅત પર ચાલવાની તકલીફથી બચી જશે, વિના અમલે જન્નતમાં પહોંચી જશે ! તો એ લોકો ધર્મ અને દુનિયાથી અલગ થઈને જાહિલ અને મક્કાર સૂફીઓના દામનમાં શરણ લઈ લે છે અને આખેરતના મહાન નુકસાનને અપનાવી લે છે.

જ્યારે કે શરીઅત જ અસલ છે અને તરીકત તો તેનુ ઘરેણુ છે જેનાથી શરીઅતની સજાવટ થાય છે, નહિતર સૌંદર્યને ઘરેણાની કોઈ જરૂરત નથી હોતી પરંતુ જ્યારે એને ઘરેણાથી સજાવવામાં આવે તો એના સૌંદર્યમાં ચાર ચાંદ લાગી જાય છે, અને જોવાવાળાની નઝર તેના ઉપર જામી જાય છે. આ જ પ્રમાણે જ્યારે કોઈ મનુષ્ય જાહેરી અઅ્માલે હસના (નેક અમલો) પર પૂરા પ્રમાણે અમલ કરીને પોતાને બાતિની અઅ્માલથી સજાવી લે તો પછી લોકોમાં એનો પ્રભાવ વધી જાય છે અને તેના ચાહકોની સંખ્યામાં વધારો થાય છે અને પછી દુનિયા અને આખેરતની કામયાબી તેના પગો ચૂમે છે.

નીચેના લખાણમાં શરીઅત તથા તરીકત દરમ્યાન શું સંબંધ છે ? અને બંદગીનો અસલ હેતુ એક માત્ર શરીઅત જ છે, તેના સંબંધમાં કાંઈક લખવાની કોશિશ કરી છે જેથી તેના દ્વારા જાહિલોની બેકાર વાતો તથા શરીઅત વિરુધ્ધ બકવાસો ઉપર બંધ બાંધી શકાય અને તેઓની (જાહિલોની) ગુમરાહીઓને બેનકાબ કરીને લોકોને તેનાથી બચાવી શકાય.

## શું તરીકત અલ્લાહ તઆલા સુધી પહોંચાડવાનું નામ છે ?

કેટલાક લોકોને ભ્રમ છે કે તરીકત અલ્લાહ સુધી પહોંચાડવાનું નામ છે, અને કેટલાક લોકો તો એવા નીડર થઈને પોતાની અજ્ઞાનતા પ્રદર્શિત કરીને કહે છે કે શરીઅત તો ખુદા સુધી પહોંચવાનો એક આધાર છે, અને જ્યારે આપણે પહોંચી ગયા તો હવે પહોંચવાવાળા માટે આ (શરીઅતના) વસીલાનું શું કામ ? જેવી રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે મનુષ્ય ટ્રેન, બસ અને મોટરનો સહારો લે છે અને જ્યારે રહેઠાણ પર પહોંચી જાય છે તો ટ્રેનથી ઉતરી જાય છે, આ જ સ્થિતિ શરીઅતની છે ! (મઆઝલ્લાહ !)

**સવાલ** : તરીકત અલ્લાહ સુધી પહોંચવાનુ નામ છે કે નહીં ? અને શું તરીકતવાળા શરીઅતથી બેફિકર થઈ જાય કે નહીં ?

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رضی اللہ عنہનું લખાણ ધ્યાનથી વાંચો :–

તરીકતને અલ્લાહ સુધી પહોંચાડવાવાળો માર્ગ નામ આપવું માત્ર પાગલપન અને અજ્ઞાનતા છે. કોઈ પણ બે શબ્દો ભણેલો જાણે છે કે તરીક, તરીકા અને

તરીક્તએ માર્ગને કહે છે, ન કે પહોંચી જવાને ! તો નિઃશંક ! તરીક્ત પણ માર્ગનું નામ છે, હવે જો તે શરીઅતથી અલગ છે તો કુર્આન શરીફની ગવાહી પ્રમાણે તે ખુદા સુધી ન પહોંચાડશે બલ્કે શૈતાન સુધી પહોંચાડશે, અને જન્નતમાં નહીં લઈ જાય બલ્કે દોઝખમાં લઈ જશે ! એટલા માટે કે શરીઅત સિવાયના બીજા બધા માર્ગોને કુર્આન અઝીમે બાતિલ અને ધુતકારેલા બતાવ્યા. સમજાયું કે તરીકત જ શરીઅત છે અને એ જ ઉજ્જવળ માર્ગનો ટુકડો છે. તરીક્તનું શરીઅતથી અલગ થવું અશક્ય અને અનુચિત છે, જે તેને શરીઅતથી અલગ માને છે તે ખુદાના માર્ગો તોડીને શૈતાનના માર્ગને માને છે. પરંતુ તરીક્ત કદાપિ શૈતાની માર્ગ નહીં પણ સ્પષ્ટ રીતે ખુદાનો માર્ગ છે, તો ચોક્કસપણે તે શરીઅતનો જ ટુકડો છે. તરીકતમાં જે કાંઈ પ્રગટ થાય છે શરીઅતના અનુસરણનું ફળ છે, નહિતર શરીઅતના અનુસરણ વગર મોટી મોટી દિવ્ય શક્તિઓ પાદરીઓ, જોગીઓ અને સન્યાસીઓ પાસે હોવાનું કહેવાય છે, પણ તે ક્યાં સુધી લઈ જાય છે ? એ જ દોઝખની આગ હમેશાંના અઝાબ સુધી લઈ જાય છે. *(મક઼ાલુલ ઓરફા, પેજ–૪,૫, અઝ : આ'લા હઝરત)*

## શું શરીઅત અલગ છે અને તરીક઼ત અલગ ?!

તરીક઼તને શરીઅતથી અલગ સમજીને એવું ન કહી શકાય કે આ તરીક઼ત જ મુખ્ય ધ્યેય છે જે ગૈર શરીઅત છે, અને એવું સમજવું કે અંબિયાએ કિરામને એટલા માટે જ મોકલવામાં આવ્યા છે કે લોકોને બતાવે કે તરીક઼ત ગેરે શરીઅત છે. આ એક ખોટી વિચારધારા જ નથી બલ્કે એવું સમજવું શરીઅતે પાકને (મઆઝલ્લાહ !) બેકાર, અર્થહીન, નિરર્થક, બાતિલ સમજવું છે. આ ખુલ્લુ કુફ્ર અને નાસ્તિકતા અને સત્યથી દૂર છે. આ'લા હઝરત લખે છે કે; શરીઅત સિવાય અલ્લાહ સુધીના માર્ગો બંધ છે. તરીક઼ત જો પોતાના વિચારમાં શરીઅત વિરુધ્ધ માર્ગનું નામ છે, તો તેને ખુદા સુધી કોઈપણ હિસાબે ન પહોંચાડશે બલ્કે તે માર્ગ બંધ અને તેના ઉપર ચાલવાવાળો મરદૂદ અને તેણે અંબિયાએ કિરામ પર આક્ષેપ (તોહમત) લગાડી. કોઈ પુરાવો આપી શકે છે કે રસૂલુલ્લાહ ﷺએ કદાપિ શરીઅત વિરુધ્ધ બીજા માર્ગ પર બોલાવ્યા હોય ? કદાપિ નહીં ! *(મકાલુલ ઓરફા, પેજ–૯)*

## નબીનો વારિષ આલિમેદીન છે, ન કે જાહિલ સૂફી !

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એ કથનના જવાબમાં કે, "હે ભાઈઓ ! જાહેરી તથા બાતિની આલિમો કોઈ પણ રીતે તે વારષો (જે اَلْعُلَمَاءُ وَرَثَۃُ الْاَنْبِیَاءِ "આલિમો નબીઓના વારસો છે"માં કહેવામાં આવ્યું છે)ની લાયકાત નથી રાખતા !" લખે છે : જ્યારે હુઝૂર ﷺએ જિંદગીભર શરીઅત તરફ બોલાવ્યા અને આ જ માર્ગ (શરીઅત) આપણા માટે રાખ્યો તેનો વાહક તેનો આલિમ કયા કારણે તેનો વારિષ ન થશે ? અમે પૂછીએ છીએ કે માની લો કે શરીઅત માત્ર ફર્ઝ, વાજિબ અને સુન્નત અને મુસ્તહબ, હલાલ અને હરામના જ જ્ઞાનનું નામ છે, તો આ જ્ઞાન રસૂલુલ્લાહ ﷺથી છે કે બીજાથી ? અગર ઈસ્લામનો દાવો રાખે છે તો જરૂર કહેશે કે હુઝૂરથી જ છે ! તો પછી તેનો આલિમ (જ્ઞાનવાળો) નબીનો વારિષ ન થયો ? આનો શું અર્થ ? અગર કહેવામાં આવે કે જ્ઞાન તો એમને જરૂર છે, પરંતુ (બીજો ભાગ, અર્થાત) આંતરિક (બાતિની) જ્ઞાન તે ન પામી શક્યો જેથી તે વારિષ ન બન્યો. તો હે જાહિલ ! શું વારિષ માટે જરૂરી છે કે તેને પૂર્વજોનો બધો જ માલ મળે ?! આમ તો આલિમમાં કોઈ વલી, કોઈ આલિમ, કોઈ સિદ્દીક઼ એમનો વારિષ ન બનશે? અને ઈર્શાદે પાક اِنَّ الْعُلَمَاءُ وَرَثَۃُ الْاَنْبِیَاءِઅસત્ય બનીને અશક્ય થઈ જશે ? *(મક઼ાલુલ ઓરફા, પેજ–૯)*

અને આગળ ચાલીને છેલ્લે આ'લા હઝરત તેનો ફૈંસલો લખે છે કે, "શરીઅત અને તરીક઼ત બે માર્ગો નથી, અને ન વલી આલિમ વગર કોઈ થઈ શકે છે.

અલ્લામા મનાહી શરહે જામેઅ સગીર તથા આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ ગ઼ની નાબેલ્સી 'હદીક઼એ નદિય્યહ્'માં ઈમામ માલિક رضی اللہ عنہનું કથન નકલ ફર્માવે છે;–

عِلْمُ الْبَاطِنِ لَا يَعْرِفُهُ اِلَّا مَنْ عَرَفَ عِلْمُ الظَّاهِرِ

અર્થાત : **આંતરિક (બાતિની) જ્ઞાન તે જ જાણશે જે જાહેરી જ્ઞાન જાણતો હોય.**

ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે :–

مَا اتَّخَذَ اللّٰهُ وَلِيًّا جَاهِلًا قَطُّ અર્થાત : **અલ્લાહ તઆલાએ કદી પણ કોઈ જાહિલને પોતાનો વલી ન બનાવ્યો.** એટલે કે જ્યારે કોઈને પોતાનો વલી બનાવવાનો સંકલ્પ કર્યો તે પહેલાં એને ઈલ્મ આપ્યું પછી તેને પોતાનો વલી બનાવ્યો. એટલા માટે કે **જાહેરી જ્ઞાન ન રાખતો હોય તે આંતરિક (બાતિની) જ્ઞાનને કેવી રીતે સમજી શકે ?**

## સહેલો ઈલ્મ ન પામે તો કઠીન ઈલ્મ કેવી રીતે પામે ?!

અલ્લાહ તઆલા સંબંધિત તેના બંદાઓ માટે પાંચ ઈલ્મ છે : (૧) ઈલ્મે ઝાત (૨) ઈલ્મે સિફાત (૩) ઈલ્મે અસ્મા (૪) ઈલ્મે અફઆલ (૫) ઈલ્મે એહકામ, એમાંથી દરેક એકબીજાથી કઠીન છે. તો જે સૌથી સહેલો ઈલ્મ એટલે ઈલ્મે અહકામમાં જ લાચાર હોય તો સૌથી કઠીન ઈલ્મ ઈલ્મે ઝાત પર કેવી રીતે ચાલી શકશે ?! તે જાહિલે તો ઓલમાએ શરીઅતને મઆઝલ્લાહ ! સદંતર વારસાથી વંચિત કરી દીધા છે અને કુર્આને અઝીમ તેમને વારિષ બતાવી રહ્યું છે, ત્યાં સુધી કે એમનામાંના બેઅમલને પણ. અર્થાત જ્યારે કે એ સાચા અકીદા પર અડગ અને હિદાયતની તરફ બોલાવવાવાળા હોય. કેમ કે **ગુમરાહ અને ગુમરાહી તરફ બોલાવવાવાળો નબીનો વારસદાર નહીં, પરંતુ શૈતાનનો વારસદાર છે.** *(મક઼ાલુલ ઓરફા, પેજ–૧૦)*

અને હઝરત મીર અબ્દુલ વાહિદ બેલગરામી પોતાની કિતાબ સબએ સનાબિલ શરીફ, પેજ નં. ૪ (જે બારગાહે રિસાલતમાં મક઼બૂલ છે)માં લખે છે કે, આલિમો જે આંતરિક (બાતિની) જ્ઞાન અને જાહેરી જ્ઞાન જાણતા હોય બધા અંબિયા علیہم السلامના વારસદાર છે. ઉપર જણાવેલ લખાણથી નિમ્ન લિખિત લાભ પ્રાપ્ત થશે :–

**(૧)** નબીના વારસદાર આલિમો છે, ન કે જાહિલ સૂફી. **(૨)** શરીઅત અને તરીક઼ત બે માર્ગો નથી. **(૩)** જે આલિમ ન હોય તે કદી પણ વલી નથી બની શકતો.

## આલિમ કોણ ?

અહીં એક વાત યાદ રહે કે આલિમથી મુરાદ તે ખુશનસીબ મુસલમાન છે જેની પાસે વાસ્તવિક ઈલ્મે દીન હોય, તેની પાસે સનદ હોય કે ન હોય. જો ઈલ્મવાળા થવા માટે સનદોને જરૂરી સમજવામાં આવે તો એના વિશે આ'લા હઝરત رضی اللہ عنہ લખે છે કે :–

''સનદ પ્રાપ્ત કરવી કોઈ જરૂરી નથી, હા ! કાયદેસર ઈલ્મ પ્રાપ્ત કરવું જરૂરી છે. મદ્રસામાં હોય કે આલિમના ઘરમાં. અને જેણે કાયદેસર રીતે તા'લીમ પ્રાપ્ત ન કરી (ભલે મદ્રસામાં રહ્યો હોય) તે જાહિલથી પણ બદ્તર (બુરો) છે. અધૂરો મોલ્વી ઈમાન માટે ખતરનાક સાબિત થશે.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૫૭૨)*

**(૪)** અલ્લાહ તઆલા વિશે તેના બંદાઓ માટે ઉપર જણાવેલ પાંચ ઈલ્મોમાં સૌથી કઠીન ઈલ્મે ઝાત અને સૌથી આસાન ઈલ્મે અહકામ છે, તો જે સૌથી આસાન ઈલ્મ ઈલ્મે એહકામમાં લાચાર હોય તે સૌથી કઠીન ઈલ્મ ઈલ્મે ઝાત કેવી રીતે પ્રાપ્ત કરી શકે !

**(૫)** ઓલમાએ શરઅ નબીની વરાષતથી વંચિત નથી, અલ્બત્ત ! જાહિલ સૂફીઓ જરૂર વંચિત છે. અને જો હોશ અને સમજની સલામતીની સાથે પોતાને શરીઅતના એહકામથી અલગ અને નબીનો વારસદાર સમજે તો આ તેની ગૈર સમજ છે, **વારિષ જરૂર છે, પરંતુ નબીનો નહીં બલ્કે શૈતાનનો !**

## શરીઅતના આલિમો તરીક઼ત માટે રૂકાવટ નથી !

આ'લા હઝરત رضی اللہ عنہ લખે છે કે, ઓલમાએ શરીઅત હરગિઝ તરીકત માટે માર્ગ બંધ કરવાવાળા નથી, બલ્કે તે જ તેનો માર્ગ ખોલવાવાળા અને તે જ એ માર્ગની સુરક્ષા કરવાવાળા છે. અને **હા ! તે તરીક઼ત જેને શૈતાનના પૂજારીઓ તરીક઼ત નામ રાખે અને એને શરીઅતે મુસ્તફા صلی اللہ علیہ وسلم થી અલગ માને તો આલિમો જરૂર એના માટે રૂકાવટ કરવાવાળા છે. ખૂદ અલ્લાહ તઆલાએ આ માર્ગને બંધિયાર અને મરદૂદ અને મલઊન કહ્યો.** એ વાત યક઼ીની છે કે શરીઅતના આલિમોની જરૂરત બધા મુસલમાનોને હર વખતે છે અને તરીક઼તમાં મૂકવાવાળા માટે સૌથી વધુ છે, નહિતર હદીષમાં તેને ચક્કી ખેંચવાવાળો ગધેડો કહ્યો ! તો જો આલિમોએ તમને ગધેડા બનવાથી રોક્યા તો શું ગુનાહ કર્યો ?! *(મક઼ાલુલ ઓરફા, પેજ–૧૪)*

## બનાવટી પીરો ગમે તેને ખલીફા ધડાધડ શા માટે બનાવે છે ?

જૂઠા બાવાઓ, શરીઅત વિરુધ્ધ વર્તતા પીરો અને ધોકાબાઝ સૂફીઓએ લોકોમાં આલિમો તથા શરીઅતની વિરુધ્ધ પ્રચાર કરવાનું શરૂ કરી દીધું છે કે **આલિમો શું જાણે ! તે શરીઅતવાળા છે,** અને અમે તરીકતવાળા છીએ ! શરીઅત અલગ છે **અને તરીકત અલગ !** તો સવાલ એ છે કે **શરીઅતનો વિરોધ કરવામાં અને પ્રપંચી સૂફી બનવામાં એમને શું ફાયદો ? તો સાંભળો ! પીર બનવાના ફાયદા તો એ છે કે વધારેથી વધારે પબ્લિક ધોકાની જાળમાં ફસાઈને મુરીદ બનશે, અક઼ીદતમંદોનો વિસ્તાર જેટલો ફેલાયેલો હશે તેટલાં જ નઝરાણાની ભરમાર થશે, તદ્ઉપરાંત આવકના બીજા ઝરીયાઓમાં વધારો થશે. આ જ કારણે કેટલાક પીર તમને એવા પણ મળશે જે મુરીદથી વધારે ખલીફા બનાવવાની કોશિશમાં હોય છે ! કારણ કે મુરીદ વધારેથી વધારે ખરીદાર અને કસ્ટમરનું કામ આપે છે, અને મક્કાર પીરોના મક્કાર ખલીફા ચોક્કસપણે કમિશન એજન્ટની જેમ હોય છે અને નમક ખાવાનો હક્ક઼ એ રીતે અદા કરે છે કે ખૌફે ખુદા અને આખેરતના અઝાબથી બેપરવા થઈને રાત દિવસ શરીઅતની હદો તોડવા અને પોતાના જૂઠા શરીઅત વિરુધ્ધ પીરોના અક઼ીદતમંદોના વર્તુળને ફેલાવવામાં લાગેલા રહે છે.** તો આ હતો પીર બનવાનો ફાયદો અને શરીઅતના વિરોધનો ફાયદો ! આ છે કે આમ અને ખાસ લોકોની તે હક઼ીક઼ત ઝખ્મી થઈ જાય કે પીરને શરીઅતનો પાબંદ હોવુ જોઈએ. અને જ્યારે આ વાત લોકોની સમજમાં આવી જાય કે પીર માટે શરીઅતનો પાબંદ હોવું જરૂરી નથી, જ્યારે તેમના ગલત ખયાલો એ હોય કે, "શરીઅત અલગ છે અને તરીક઼ત અલગ ! તો આ હિસાબથી તરીક઼તવાળાઓ માટે શરીઅતથી શું મતલબ ?" તો હવે ક઼ૌમ પોતાના મક્કાર પીરથી શરીઅતની પાબંદીની ઉમ્મીદ પણ ન રાખશે, પ્રસ્તાવ તો મોટી વાત છે ! *(માખુઝ અઝ શરીઅત ઔર સૂફી, અઝ : મૌલાના નિઝામુદ્દીન નૂરી, બ્રાઉન શરીફ)*

કેટલાક ધોકબાઝ કહે છે કે હક઼ીક઼ત એ શરીઅત વિરુધ્ધ છે, શરીઅત પહોંચવાનો વસીલો છે અને અમે પહોંચી ગયા જેથી શરીઅતની હવે જરૂરત નથી ! એવા નાપાક વિચારોનો જવાબ હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ એ ખૂબ સરસ આપ્યો છે, સાંભળો ! અને માથુ પીટો ! મુર્શિદે મુફતીએ આ'ઝમ સિરાજુલ આરિફીન હઝરત સૈયદ શાહ અબુલ હુસૈન અહમદ નૂરી મારેહરવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જ્યાં સુધી પહોંચવાની વાત છે, તો તે સાચુ કહે છે ! તે જરૂર પહોંચેલા હોય છે, પરંતુ એ પૂછો કે ક્યાં પહોંચેલા હોય છે ?! જહન્નમ સુધી !" اَلْعِیَاذُ بِاللّٰہِ تَعَالٰی *(સિરાજુલ અવારિફ ફિલ વસાયા વલ મઆરિફ મુતર્જિમ, પેજ–૨૩)*

–(માહનામા કન્ઝુલ ઈમાન, ઓકટોબર–૨૦૦૬)

**પ્રચાર માધ્યમો (મીડિયા) ક્ષેત્રે મુસ્લિમોની હૈસિયત કેટલી ?!**

# ધાર્મિક પત્રકારત્વની કરૂણ દાસ્તાન !

લેખક : **ખૂશ્તર નૂરાની** —*તંત્રી : ઉર્દૂ માસિક 'જામે નૂર' દિલ્હી*

અનુવાદક : ***હઝરત મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી ટંકારવી*** *(હાલ, મુબારકપુર, યુ.પી.)*

ભૂતકાળમાં લગભગ એક દસકના સમયગાળાથી સામાન્ય રીતે સંપૂર્ણ વિશ્વમાં ખાસ કરીને હિંદુસ્તાનમાં મુસલમાનો વિરુધ્ધ મીડિયા દ્વારા જે પ્રકારનું વાતાવરણ રચવામાં આવી રહ્યું છે તેમાં રોજ રોજ ઉગ્રતા જોવા મળે છે. મુસલમાનોને આતંકવાદી સાબિત કરવાની કોશિશ, ઈસ્લામી સિદ્ધાંતો અને કાનૂનોને અમ્ન તથા શાંતિ માટે ખતરો બતાવવાનો પ્રયાસ, મદરસાઓ સંબંધિત જૂઠી અફવાઓ, ઈસ્લામી શરીઅતનો સરે આમ મજાક અને વતનના ખાતર મુસલમાનોની વફાદારીઓને શકના ઘેરામાં દાખલ કરવાના નિષ્ફળ સંઘર્ષે આજે આપણી સામાજિક તથા ધાર્મિક જિંદગીની કમર તોડી નાખી છે.

## લાલચુ બાવાઓ તથા કહેવાતા બુદ્ધિજીવીઓની ગુમરાહી પ્રતિ કૂચ કદમ !

આ ઉપરાંત ભૌતિકતા (માલ તથા વાહ વાહ)ની લાલચમાં આવીને કહેવાતા રૂહાની બાબાઓ દ્વારા ઈમાન તથા કુફ્ર દરમ્યાન જે અંતર અર્શથી ફર્શના અંતરની સમાન છે તે અંતર અને તફાવતને નાબૂદ કરીને તમામ ધર્મો તથા મઝહબોની સત્યતા તથા સચ્ચાઈને સાબિત કરવાના પ્રયાસ (સર્વ ધર્મ સમભાવની નીતિ !) અને રાજનીતિ તથા પોલિટિક્સની દલાલી કરનારા માત્ર નામના મુસ્લિમ લીડરો, કહેવાતા બુદ્ધિજીવીઓ અને બેલગામ તથા આઝાદ ખયાલ મહિલાઓની ઈસ્લામી આદેશોમાં દખલગીરી વગેરે તો અતિશયોક્તિમાં ગણાય. આ સ્થિતિ હોવા છતાં કોઈક વાર પણ આપણે એ વિચાર્યું કે આપણે શું કરી રહ્યા છીએ ? આપણી પ્રતિકારક શક્તિ કેટલી છે ? અને તેના પ્રત્યાઘાત વૈશ્વિક સ્તરે તો નહીં પરંતુ દેશ તથા રાજ્ય સ્તરે કેટલા છે ?

## આપણો અવાજ કેટલો ?!

આપણા વિરોધ દર્શાવતા નારાઓ કેટલા લોકોના કાનો સુધી પહોંચે છે ?! મુસલમાનોના વિરોધમાં આલમી મીડિયા થકી ફેલાવવામાં આવતી અફવાઓને જૂઠી સાબિત કરવા માટે આપણે જે માધ્યમ તથા ભાષાનો સહારો લઈએ છીએ તેનું વર્તુળ કેટલુ વિસ્તૃત તથા ફેલાયલું છે ? જો આ સવાલો હજુ સુધી તમારા દિમાગમાં ન ઉઠયા હોય તો ખુદાના વાસ્તે હમણાથી જ આ વિષય પર વિચાર કરવાનું શરૂ કરી આપો ! જો આ સમસ્યાઓ ઉપર તમે ગંભીરતાથી વિચારવા લાગશો તો હું યકીનની સાથે કહી શકુ છું કે મારી જેમ તમે પણ તમારા ધાર્મિક પત્રકારત્વની સફળતા માટે હું જે શૂન્યવકાશની સ્થિતિમાં મૂકાયેલો છે તેનાથી મુક્ત થઈ જશો.

ધ્યાન રહે કે આપણે જે ભૂમિ પર રહીએ છીએ તે ઈસ્લામી નથી બલ્કે એક લોકશાહી, બિન સાંપ્રદાયિક દેશ છે જેમાં લગભગ સિત્તેર ટકા (૭૦%) ગૈર મુસ્લિમો આબાદ છે. સત્તાથી લઈને ગર્વમેન્ટની વ્યવસ્થા તથા બંદોબસ્ત અને ન્યાયાલય સુધી, બલ્કે દેશના દરેક મુખ્ય વિભાગો તેઓના કબજા હેઠળ છે. અહીંયાની રાષ્ટ્રીય ભાષા હિંદી છે,

જ્યારે કે દેશના ભણેલા ગણેલા તબકામાં અંગ્રેજીનું ચલણ હિંદીની તુલનામાં અધિક છે. સમજો કે એમ કહી શકાય કે હિંદુસ્તાનની સેંકડો ભાષાઓના દરમ્યાન ઉત્તરથી લઈને દક્ષિણ સુધી સંબોધવા માટે સર્વાંશે એક માત્ર અંગ્રેજી ભાષા જ એ હૈસિયત ધરાવે છે.

## હાલ ઉર્દૂ ભાષા કયા સ્તરે છે ?!

જ્યાં સુધી ઉર્દૂની વાત છે તો આઝાદી પછી જ આ ગંગા જમની સંસ્કૃતિની અમાનતદાર ભાષા (ઉર્દૂ) અંધકારભરી સમાધિમાં ઝપકારા મારતા દીપકની જેમ અંતિમ શ્વાસો લઈ રહી છે. ઉર્દૂના ઠેકેદારો તેના ઉજજવળ ભવિષ્યના ભલે લાખ દાવા કરે પરંતુ રોજ બરોજ તેની જ્યોત મંદ પડી રહી છે. જો આ હકીકત નથી તો પછી બતાવો કે કાલ સુધી જે ભાષા દરેક ધર્મના માનવાવાળાઓની હતી આઝાદી પછી અચાનક જ તે (ઉર્દૂ ભાષા) મુસલમાન કેમ થઈ ગઈ ?! અને જ્યારે આમ મુસલમાનોએ પણ તે (ભાષા)ની સાથે ઓરમાયો વર્તાવ કર્યો તો તે (ઉર્દૂ ભાષા) મદરસાઓની ચાર દીવારીમાં સમેટાઈને એક માત્ર 'મોલ્વી' કેમ બની ગઈ ? એટલા માટે હવે આપણે કહી શકીએ છીએ કે ઉર્દૂ પઢનારા અને લખનારા હિંદુસ્તાનમાં કાંઈક તો માત્ર ખાસ ખાસ મુસલમાનો જ રહી ગયા છે જેમાં પણ બુઝુર્ગો તથા વૃદ્ધોની સંખ્યા અધિક છે, અથવા તે (ઉર્દૂ ભાષા) મદરસાઓની ભાષા થઈ ગઈ છે જે માત્ર મદરસાઓમાં જ સીમિત છે.

## મીડિયા ક્ષેત્રે આપણી હૈસિયત કેટલી ?!

હિંદુસ્તાનમાં ૯૦% ટકા ન્યૂઝ પેપરો (સમાચાર પત્રો) કાંઈક તો અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થાય છે અથવા હિંદી ભાષામાં, તેમજ વીસ (૨૦)થી અધિક ન્યૂઝ ચેનલો છે જેમાં બધી જ અંગ્રેજી તથા હિંદી ભાષામાં છે. હાલમાં ગવર્નમેન્ટે ફર્ઝે કિફાયા અદા કરવા માટે એક ઉર્દૂ ચેનલની સ્થાપ્ના કરી છે. પરંતુ મીડિયાની આશ્ચર્યજનક ગતિવિધિવાળા આજના આધુનિક યુગમાં તેની (ઉર્દૂ ચેનલની) મંદ ગતિવિધિએ એ ઉર્દૂના ચાહકોને પણ હજુ સુધી પોતાની તરફ આકર્ષિત નથી કર્યા ! મુસલમાનોમાં આજે એક ટકો પણ નહીં હોય જેઓ તેને જોવાની જેહમત (કષ્ટ) કરતા હોય. જ્યાં સુધી ધાર્મિક પત્રકારત્વ (Editing)ની વાત છે તો તેનો ડાયરો (વર્તુળ) અધિક સમેટાઈને મદરસાઓ અને ખાસ કરીને ધાર્મિક સંસ્થાઓ સુધી રહી જાય છે, જેના વાંચકોની સંખ્યા દેશની એક અબજ વસ્તીમાં હજારોથી વધીને એક લાખ સુધી પણ નથી પહોંચી શકતી, તેમ છતાં વિચારવા જેવી વાત એ છે કે વર્તમાન ચેનલોની સરખામણીમાં મુસલમાનોની એક પણ મહત્વપૂર્ણ ચેનલ નથી, અને કોઈ એકાદ છે તે પણ પોતાની સુસ્ત ગતિવિધિના કારણે સ્વીકૃત તથા મક઼બૂલ (લોકપ્રિય) નથી. મુસલમાનોનું પર્સનલ એક પણ મહત્વપૂર્ણ તથા મકબૂલ અને વધુમાં વધુ પ્રકાશિત થતુ હિંદી અથવા અંગ્રેજી ન્યૂઝ પેપર કે સામાયિક નથી. તથા જે **મુસ્લિમ પત્રકારો અને સંવાદદાતાઓ (ખબરપત્રીઓ) પ્રસિદ્ધ ચેનલોમાં કાર્યરત છે તેઓ પોતાના ધર્મ અને મઝહબથી વધારે પોતાની ચેનલ તથા સામાયિકના વફાદાર હોય છે.** જેઓની ઉપર આઝાદ વિચારસરણી અને સેક્યુલરિઝમ (બિનસાંપ્રદાયિક્તા)નો શૈતાન એટલો સવાર હોય છે કે તેઓની મૌજૂદગી મુસલમાનો માટે આશાને પાત્ર તથા ઉમ્મીદજનક નથી હોતી, બલ્કે નુકસાનકર્તા જ છે !

## એક મહત્વનો સવાલ

દેશની આધુનિક ભાષાકીય સ્થિતિ અને પત્રકારત્વની સ્થિતિનું સંક્ષિપ્ત રૂપે ખંડન કર્યા પછી હવે **એ સવાલ ઉભો થાય છે કે જે લોકો ઈસ્લામી સિદ્ધાંતોને વિશ્વશાંતિ માટે ખતરો સાબિત કરે છે, મુસલમાનોને આતંકવાદી**

**કહી રહ્યા છે અને ઈસ્લામી શરીઅતનો ખુલ્લે આમ મઝાક ઉડાવી રહ્યા છે તો શું એક મામૂલી રૂમ પર આધારિત ઓફિસમાં બેસીને બ્લેક એન્ડ વાઈટ, જૂના અને સામાન્ય કાગળો ઉપર ખૂન તથા પરસેવાથી લખેલાં મેટરો પર આધારિત આ કમજોર ભાષા ઉર્દૂમાં પ્રકાશિત થતા ધાર્મિક સામાયિકો તેઓની યોજના અનુસાર, શક્તિશાળી, આધુનિક અને વિશ્વસ્તરીય પત્રકારત્વનો જવાબ છે ? મારા ખયાલથી આ પ્રશ્નનો જવાબ નિશ્ચિત રૂપે નકારમાં જ મળશે.** આપણે મુસલમાનો પોતાનો બચાવ, હકીકતનો સ્પષ્ટ રીતે ખુલ્લે આમ ઉલ્લેખ તથા મુસલમાનો વિરુધ્ધ ગૈર મુસ્લિમ મીડિયા થકી અત્યાચારનો જવાબ સામાન્ય રીતે કાંઈક તો ઉર્દૂ ન્યૂઝ પેપરોમાં આપીએ છીએ અથવા પોતાના સ્થાનિક ધાર્મિક માસિકોમાં આપીએ છીએ જેના વાંચકો આપણે પોતે મુસલમાનો જ હોઈએ છીએ ! જેઓ (મુસલમાનો) એ જવાબી લખાણને વાંચીને શણગારિત, સાહિત્યથી ભરપૂર અને સુશોભિત વાક્યોથી પૂર્ણ લખાણ દ્વારા વખાણ અને પ્રશંસાથી નવાઝે છે અને લખનાર પણ ખુશીમાં ફૂલ્યા નથી સમાતા ! એટલુ જ નહીં પરંતુ જોશમાં આવીને મુંહતોડ જવાબ આપવાનો દાવો પણ કરી નાખે છે. બુશ અને બ્લેયરના ઘમંડ અને મોટાઈને ચેલેંજ પણ કરી નાખે છે ! રાતો રાત યૂરોપી શાસનના તખ્તાને પલટાવી નાખવાતો હોંસલો પણ ધરાવતા હોય છે ! અને ઈસ્લામી જગતમાં ઈન્કિલાબ લાવવાનું સાહસ પણ કરી નાખે છે ! તેઓના હોસલાઓને અને સંકલ્પોને મારા હજારો સલામ ! પરંતુ જોશ અને જઝબાત ઉપર જ્યારે અક્કલ તથા બુદ્ધિની શ્રેષ્ઠતા સર્વમાન્ય છે તો પછી આપણે એ માની લેવું જોઈએ કે દિલના લોહીથી અને અથાગ મહેનતથી લખેલા તે જવાબી લેખોની હેસિયત કાગળો ઉપર ખેંચવામાં આવેલી માત્ર આડી અવળી રેખાઓથી વધુ નથી ! આ સ્થિતિમાં આપણી હાલત ઘણી દયાને પાત્ર છે કે આપણે જાતે જ લખીએ છીએ એને તેને વાંચીને અથવા પોતાના સાથીઓ, સગાં સંબંધીઓને વંચાવીને વખાણ તથા પ્રસંશાની પ્રતિક્ષામાં રહીએ છીએ. જે લોકોએ ઈસ્લામી સિદ્ધાંતોને આડે હાથે લીધા છે અને મુસલમાનોને પોતાના પક્ષપાતના શિકાર બનાવી રહ્યા છે તેઓને તો એ મહેનતથી લખેલા "મુંહતોડ જવાબો"ની હવા સુદ્ધાં નથી પહોંચતી ! અને ન તો આપણી જુલ્મની ભોગ બનેલી આહો અને સદાઓ તે આમ ગૈર મુસ્લિમો સુધી પહોંચે છે જેઓ ઈસ્લામ અને મુસલમાનોને આધુનિક મીડિયાની દષ્ટિએ નિહારે છે, સાંભળે છે અને તેઓની જ બોલી બોલે છે. આ તો ગૈર મુસ્લિમોની હાલત રહી પણ આપણે ત્યાં મુસલમાનોમાં પણ એક મોટો વર્ગ એ છે જેઓ ઉર્દૂથી બિલકુલ અપરિચિત છે અને જેઓ થોડા ઘણા પણ પરિચિત છે તેઓ આપણી મહાન ઉર્દૂ ભાષાને સારી રીતે સમજવાની ક્ષમતા નથી ધરાવતા.

આ બધી કડવી હકીકતોની જાણકારી હોવા છતાં જો પત્રકારત્વના મકસદને સામે રાખવામાં આવે તો માત્ર મકસદ હોવાની દષ્ટિએ આપણી મઝહબી પત્રકારત્વ (એડિટીંગ) સંબંધિત જાગૃક્તાનો આપણો દાવો હવાઈ કિલ્લા સમાન અને કાલ્પનિક થઈ જાય છે, કેમ કે આજના પત્રકારત્વની જરૂરતો છે (એટલે કે તે લોકો સુધી મીડિયા ઈસ્લામ અને મુસલમાનોને ક્યાં તો પૂર્વગ્રહના નિશાના બનાવે છે અથવા તે લોકો સુધી જેઓ આધુનિક મીડિયાના પ્રોપેગન્ડાના શિકાર બન્યા છે. તેમાં આપણે સરાસર (તદ્દન) નિષ્ફળ રહ્યા છીએ, આ સ્થિતિમાં આપણા ઉર્દૂ ન્યૂઝ પેપરો અને સ્થાનિક ધાર્મિક સામાયિકોની આવશ્યક્તા અને અહમિયત કેટલી રહી જાય છે ?! મારા ખ્યાલથી પત્રકારત્વ અંગે આપણી જાગૃક્તા માત્ર એટલી જ છે કે આપણે આપણા માસિકો, સમાયિકોને લિથો પ્રેસની જગ્યાએ ઓફસેટમાં છપાવવા લાગ્યા છીએ,

કાતિબો (સુંદર રૂપે લિપિયાંતર કરનાર)ની ધીમી ગતિનું સ્થાન વીજળીક ગતિએ કામ કરનારા કમ્પોઝીંગે લઈ લીધું છે અને બ્લેક એન્ડ વાઈટ તથા કદરૂપા ટાઈટલોના બદલે કોમ્પ્યુટર વડે સુંદર, દિલકશ અને રંગીન ટાઈટલો બનવા લાગ્યાં, બસ ! એથી વધુ પ્રગતિ નથી થઈ. રહી વાત એ માસિકો તથા સામાયિકોની અંદર સામેલ મેટરો (લેખો)ની તો આધુનિક યુગની આકરી માંગો પ્રત્યે પત્રકારત્વના મકસદના લેહાજથી આપણે ભૂતકાળની જે જરૂરતો હતી તેનાથી કાલે પણ આંખો મીંચી રાખી અને વર્તમાન યુગની જે જરૂરતો અને ડિમાન્ડો છે તેને સમજવા અને તેના ઉપર ઠંડા દિમાગે વિચાર કરવાના બદલે આપણે પોતાના જાહેરી (બાહ્ય) પ્રસ્તાવો ઉપર ફુલ્યા નથી સમાતા.

## આપણે શું કરવું જોઈએ ?!

ઈસ્લામ અને મુસલમાનો વિરુધ્ધ હાલમાં જે પૂરા દેશમાં અને સાથે સાથે સંપૂર્ણ વિશ્વમાં જે પીડાજનક સ્થિતિ રચવામાં આવી રહી છે તે સ્થિતિઓ હર પલ આપણાથી આગ્રહ કરે છે કે દુશ્મનોના કાવતરાંઓને બેનકાબ કરીએ અને હિફાઝતી મોરચા ઉપર દઢતા અને અડગતાની સાથે તે સ્થિતિઓનો મુકાબલો કરીએ. આજે મુસલમાનો દરમ્યાન મઝહબી જાગૃતિ પેદા કરનારી ચળવળની માંગ એ છે કે નવેસરથી આધુનિક યુગના આધારે આગેકૂચ કરવામાં આવે. એ ઉપરાત વધુમાં જાણી લ્યો કે આપણે આપણા ઉર્દૂમાં પ્રકાશિત થતાં સામાયિકો અને સમાચાર પત્રો દ્વારા મુસલમાનોમાં મઝહબી જાગૃતિની ચળવળ ચલાવી શકીએ છીએ અને આપણા મઝહબી સિદ્ધાંતોનો ફેલાવો મુસલમાનો માટે કરી શકીએ છીએ અને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે તેઓને સૂચિત કરી શકીએ છીએ પરંતુ તે સમાયિકો અને સમાચારપત્રોના માધ્યમોથી દુશ્મનોનો જવાબ, તેઓના ઈસ્લામ વિરુધ્ધ કાવતરાંઓને બેનકાબ કરવાં તથા ઈસ્લામી સિદ્ધાંતોની રક્ષા નથી કરી શક્તા. આજે આપણે આ બધું કરી શકીએ પણ ક્યારે અને કઈ રીતે ?! માત્ર હિંદી, અંગ્રેજી તથા સ્થાનિક ભાષાનાં ન્યૂઝ પેપરો★

★*જો કોઈ ગુજરાતી મુસ્લિમ ભાઈઓ એવી ખુશફહમી (સુભ્રમ)માં રાચતા હોય કે ગુજરાતીમાં મુસ્લિમોનું અખ્બાર 'ગુજરાત ટુ ડે' છે, તો એ ખોટા ભરમને દૂર કરી આપે ! આમેય એમાં જાહેરાતો થાય છે કે આ કોઈ એક કૌમનું છાપુ નથી અને ખરેખર તે ઈસ્લામી નિયમો જેની વિરુધ્ધ આજે જગતભરમાં ગલત પ્રચાર ઈસ્લામના વિરોધીઓ કરી રહ્યા છે જેમ કે,* **"ઇસ્લામમાં પર્દાનો હુકમ"** *તો એના સંબંધે તથા શરીઅતના હુકમો જે અલ્લાહે તેના આખરી નબી ﷺ ને મોકલીને કયામત સુધીના માટે એ નિયમોમાં મોહર મારી છે તેની સમક્ષ આ અખ્બાર પણ ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ એ જ બોલી બોલે છે તથા વલણ અપનાવે છે જે ગૈરોનું છે.*

**ત્રણ તલાકનો મસ્અલો :** *જે ૧૪૦૦ વરસથી શરીઅત મુજબ સિદ્ધ થયેલ છે કે, "એક સાથે ત્રણ તલાક ત્રણ જ ગણાશે" તેને બદલે વર્તમાન નીકળેલા નવા ફિર્કાઓને અનુસરીને તેમના ફેલાયેલા ગુમરાહ ખયાલને સમર્થન કરતા લેખો "એક સાથે ત્રણ તલાક એક જ ગણાશે" એવા લેખો (સમાચારો નહીં !) જોરશોરથી તેમાં છપાય છે.*

*તથા આ અખ્બાર "ગુજરાત ટુ ડે" એક તરફ બૂમો પાડે છે કે "ફિર્કાબંદી દૂર કરો ! સૌ એક પ્લેટફોર્મ પર થઈ જાવ !" અને પછી તેના લેખોમાં વહાબી તથા દેવબંદી વિવાદાસ્પદ સંસ્થાઓ તથા વિવાદાસ્પદ મોલ્વીઓનો તેમજ નદવી તથા મરદૂદ મૌદૂદીનો પ્રચાર કરી રહ્યા છે. તેમજ તબ્લીગી જમાઅત કે જે વર્ષોથી શહેર શહેર અને ગામે ગામ ઝઘડાઓ કરાવી રહી છે તેના સ્થાપક મોલ્વી ઈલ્યાસ કાંધલ્વીના ગુણગાન ગાઈ રહેલ છે. (જુઓ : ગુજરાત ટુ ડે, તા. ૨૨–૪–૨૦૦૭) અને અગાઉ પણ "મૌલાના વહીદુદ્દીનખાં" જેવા આઝાદ ખયાલ ગુમરાહોના લેખો અને વિચારોને પ્રજા સમક્ષ મૂકી ચૂક્યું છે. અને વળી અત્યારે તા. ૧૧–૫–૨૦૦૭ના 'ગુજરાત ટુ ડે'માં "સાચી ઓળખ" કોલમમાં એક લેખમાં લખ્યું છે કે, રસૂલ ﷺ એ ફર્માવ્યું કે "હું તો અલ્લાહનો 'સામાન્ય' બંદો છું, હું અલ્લાહનો ગુલામ છું, સંદેશવાહક છું."* **(વધુ ફૂટ નોટ અનુસંધાન પેજ નંબર : ૪૩ પર)**

અને સામાયિકોના માધ્યમથી જ. એટલા માટે આજે ઉર્દૂ રિસાલાઓની સાથે સાથે હિંદી, અંગ્રેજી તથા સ્થાનિક ભાષાઓમાં ન્યૂઝ પેપરો, સામાયિકો અને માસિકોને પોતાના રંગ તથા સજાવટ સાથે આધુનિક પત્રકારત્વના તકાઝાઓને લક્ષમાં રાખીને પ્રસિદ્ધ કરવાં એ આજનો ખાસ મઝહબી અને સામાજિક તકાજો છે. વિચારવા જેવી વાત એ છે કે ઉર્દૂનાં સામાયિકો અને ન્યૂઝ પેપરો દ્વારા આપણે માત્ર ધાર્મિક સિદ્ધાંતોની જાહેરાત અને મઝહબી જાગૃતિની ચળવળ ચલાવી શકીએ છીએ, જ્યારે કે હિંદી તથા અંગ્રેજી ભાષા દ્વારા આપણે કેટલાય મોરચાઓ ઉપર કામ કરી શકીએ છીએ. રાજ્ય તથા વિશ્વ સ્તરે જે સ્થિતિઓ સર્જાઈ રહી છે તેને અનુલક્ષીને આ બે ભાષાઓ હિંદી તથા અંગ્રેજીના સમાયિકોમાં મઝહબી સિદ્ધાંતોનો પ્રચાર પણ હોય, મઝહબી જાગૃતિની ચળવળ પણ હોય, મઝહબની તબ્લીગ અને દા'વત પણ હોય, મઝહબનો બચાવ અને રક્ષા પણ હોય, મઝહબ વિરુધ્ધ કરવામાં આવતા પ્રશ્નોના જવાબો અને તેનું ખંડન વગેરે આધુનિક યુગમાં યુગ પ્રમાણે જ હોય. જો આ પ્રમાણે સામાયિકો અને ન્યૂઝ પેપરો, માસિકો પ્રકાશિત થવા લાગે તો આપણી અત્યાચાર તથા જુલમના ભોગ બનેલી આહો અને સદાઓ તે કાનો સુધી જરૂર પહોંચશે જેઓ મીડિયાની અફવાઓના શિકાર થઈ રહ્યા છે, (અને ઈસ્લામ વિશે ગલત ખયાલો બાંધી રહ્યા છે) અને તે લોકો સુધી પણ જેઓના ઉપર સાંસ્કૃતિક સંઘર્ષનું ભૂત સવાર છે. તથા તે નામના મુસલમાનો સુધી પણ આપણી સદા જરૂર પહોંચશે જેઓની મઝહબી જિમ્મેદારી તથા તેમના ધાર્મિક ફર્ઝો માત્ર સાપ્તાહિક બે રકાત (જુમ્આની) નમાઝ પઢયા પછી પૂરા થઈ જાય છે અને આટલા જ અમલથી તે લોકો સવાબ પ્રત્યે સંતોષ પૂર્ણ રહે છે.

## બુઝુર્ગો અને વડીલોના દ્વાર પર ટકોરા !

આ તમામ સ્થિતિઓના વિશ્લેષણ સાથે અભ્યાસ કર્યા પછી અમે મિલ્લત અને કૌમના તે

**(ફૂટ નોટ અનુસંધાન પેજ નંબર : ૪૨ નું ચાલુ....)** *આ ડાયરેક્ટ ઈનડાયરેક્ટ દેવબંદી વહાબી ખયાલોનો ગમે તે બહાને પ્રચાર જ થઈ રહ્યો છે કે "રસૂલ તો સામાન્ય (મામૂલી) બંદા તથા સંદેશવાહક (એલચી) છે. એમની એથી વધુ કાંઈ હૈસિયત નથી !" અમારી ચેલેંજ છે કે હદીષમાં "સામાન્ય" બંદો છું એવા શબ્દો અમને એઓ બતાવે. બલ્કે ક્યાંક એવું કહ્યું છે કે "હું તમારા જેમ માણસ છું." તો ત્યાં પોતાની નમ્રતા દર્શાવવાનો હેતુ છે, ક્યાંક પોતાની પ્રશંસાથી રોક્યા છે તો એ જ હેતુ છે, નહીં તો હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ હુઝૂરની પ્રશંસામાં નઅત પેશ કરતા હતા ત્યારે ખૂદ હુઝૂર صلی اللہ علیہ وسلم મસ્જિદે નબવીમાં તેમના માટે મિમ્બર સજાવતા તેના પર તેમને બેસાડતા હતા તે આ લેખકને ન યાદ આવ્યું ? અને એક પ્રસંગે સહાબાને જ્યારે પ્રશ્ન કર્યો હતો કે, "તમે મારી જેમ છો ?! મને મારો રબ ખવડાવે પીવડાવે છે !" એટલે "હું તમારા સમાન નથી." તે એમને ન જણાયું ?! હઝરત જિબ્રઈલ علیہ السلام નો કૌલ જે હદીષમાં નકલ થયેલ છે કે, "આસ્માન તથા જમીનના ખૂણે ખૂણાને મેં ફેંદી કાઢયો, પણ હે મહબૂબ તમારા જેવો કોઈ જોવા ન મળ્યો ! અને ક્યાંથી મળે ? જ્યારે કે અલ્લાહે તમારા જેવો કોઈ પેદા જ નથી કર્યો !" એ હદીષ એ જ્ઞાની પુરૂષે (લેખકે) નથી વાંચી ? ગુજરાતમાં જમાઅતીનો ઈજતેમા થાય તો પાનુ ભરીને એ તો ઠીક પણ બંગલાદેશમાં પણ દેવબંદી તબ્લીગી ઈજતેમા થશે તો તેનો દર વરસે ફિક્સ ટ્રેન ચિક્કાર ભરેલો ફોટો છપાશે પણ સુન્ની ઈજતેમા નજીકમાં જ થશે તેના ન્યૂઝ પણ નહીં આપે. પ્રેસ નોટ આપો તો કાપી કાપીને ટુકડો આપશે !*

*સારાંશ કે ચોર દરવાજે આ અખ્બાર વહાબિયત દેવબંદિયતનો પ્રચાર કરી રહ્યું છે અને અમુક પ્રવૃત્તિઓ તથા અમુક એવા સમાચારો જેમાં મુસ્લિમોના દુનિયાવી જાહેરી રીતે ફાયદા જણાતા હોય તેને ખૂબ જ પબ્લિસીટી આપીને મુસલમાનોનું હમદર્દ હોવાની છાપ ઉભી કરી રહ્યું છે. જેથી જેઓ ખોટા ભરમમાં એના પાછળ દીવાના થતા હોય તેઓ સાવધાન થઈ જાય. આ લખાણ પણ મેં એ જ અખ્બારની તા'લીમ કે કોઈની વધુ પડતી તથા ખોટી પ્રશંસા ન કરવી તેને અનુસરીને લખ્યું છે, જેથી માઠુ લગાડશો નહીં.* **-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)**

ઉચ્ચ સ્થાન ધરાવતા ગાદીપતિઓ અને પ્રતિનિધિઓનું ધ્યાન કેન્દ્રિત કરાવવા માંગીએ છીએ જેઓની એક નિગાહે કરમે ન જાણે કેટલાયે મદરસાઓ, મસ્જિદો, ફલાહી અને મહત્વપૂર્ણ સંસ્થાઓ કૌમો મિલ્લતને અર્પણ કરી, આજે આ મહત્વપૂર્ણ તથા મહાન કામ પણ તેઓના એક સામાન્ય ઈશારાનું મોહતાજ છે ! આપણા ભાગ્યની ખુશનસીબી કહો કે આજે આપણા સમાજ અને મિલ્લતમાં ઘણા ઉચ્ચ કાબેલિયત ધરાવતા નવયુવાન કલમકારો તથા લેખકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત છે જેઓ આધુનિક સમયની તત્કાલ ડિમાન્ડો તથા તકાઝાઓને અંતિમ રૂપ આપવાની ભરપૂર લાયકાતોથી સુસજ્જ છે, માત્ર તેઓને મજબૂત સહારાઓ અને આધુનિક હથિયારોથી સજ્જ કરવાની વાર છે, સમયની આ મહત્વની જરૂરતને અનુભવતાં મેં પોતે આજથી કેટલાક મહિના પહેલાં "ઈસ્લામી મીડિયા સેન્ટર"ની સ્થાપ્ના માટે એક વ્યાપક યોજના તૈયાર કરી હતી પરંતુ આ યોજના કાગળની ધરતી પર ઉતરવા માટે મિલ્લતના બુઝુર્ગો અને વડીલો, ધનપતિઓની તરફ આશ લગાડીને જોઈ રહી છે ! સમયના આ નાઝુક અને ગંભીર વળાંક ઉપર દીન તથા મઝહબની રક્ષા અને સરબુલંદી અંગે આ તરફ જો ગંભીરતાથી પગલુ ભરવમાં ન આવ્યું તો આવનારી પેઢીઓ તે કબ્રો ઉપર અકીદત અને શ્રધ્ધાનાં બે ફૂલ પણ ચઢાવવા તૈયાર નહીં થાય જે કબ્રોના નિવાસીઓના એક ઈશારા પર હજારો અકીદતમંદો પોતાનું બધું જ લૂંટાવવા માટે હર ઘડી તૈયાર રહેતા હતા. પરંતુ અફસોસ ! કે તે બુઝુર્ગો, વડીલો અને માલદારોએ માત્ર નામનો ઈશારો કરવાની જેહમત પણ ન કરી !

*(ઉર્દૂ માસિક 'જામે નૂર', ઓકટોબર–૨૦૦૬, દિલ્હી)*

## ફતવા વિભાગ

કાર્યાલય

**સવાલ** : કબરમાં મુર્દાના માથા નીચે તકિયો રાખવો શરીઅતના આધારે કેવું છે ? પ્રશ્નકર્તા: મૌલાના હબીબુલ્લાહ અમજદી

**જવાબ** : કબરમાં મૈયતના માથા નીચે તકિયો રાખવો વિના કારણે છે જેથી આ માલ વેડફવો તથા ફુઝૂલ ખર્ચી છે જે શરીઅતમાં હરામ છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે, "અને ફુઝૂલ ખર્ચી ન કરો, બેશક ! ફુઝૂલ ખર્ચ કરનારા શૈતાનના ભાઈઓ છે." *(પા. ૧૫, રુકૂઅ–૩)* વધુ એક જગ્યાએ છે, "અને જરૂરત વિના ખર્ચ ન કરો, બેશક ! અલ્લાહ જરૂરત વિના ખર્ચ કરનારાઓને પસંદ નથી ફર્માવતો." *(પારા–૮, રુકૂઅ–૧૦)*

માટે તકિયો વગેરે દા.ત. રજાઈ, ચટાઈ, વગેરે રાખવું નાજાઈઝ છે. ખાતમુલ મુહક્કિકીન, અફકહુલ મુતફિકહીન હઝરત અલ્લામા શૈખ મુહમ્મદ અમીન ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ પોતાના મશહૂર હાશિયા રદુલ મુહતાર બર દુર્રે મુખ્તાર, ભાગ–૧, પેજ–૬૫૯માં હિલિયાથી નકલ ફર્માવતાં લખે છે, (અર્થાત) : કબરમાં મુર્દા નીચે રજાઈ, તકિયો, ચટાઈ વગેરે રાખવુ મકરૂહ છે, શાયદ આનુ કારણ એ છે કે આ વિના કારણે પોતાનો માલ ખર્ચ કરવું છે. માટે આ કરાહત તહરીમી છે, એટલા માટે જ તો ફર્માવ્યું, "જાઈઝ નથી." બાદાઉસ્સનાએ, ભાગ–૧, પેજ–૩૫૬માં છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી મરવી છે કે સ્ત્રી માટે કફનનાં પાંચ કપડાં છે અને મર્દ માટે ત્રણ અને આ હદથી આગળ ન વધશો કારણ કે અલ્લાહ તઆલા હદથી વધનારાઓને પસંદ નથી ફર્માવતો. દુર્રે મુખ્તાર, ભાગ–૧, પેજ–૬૫૯ પર છે કે કબરમાં રજાઈ રાખવું જાઈઝ નથી. માટે માલૂમ થયું કે મર્દ તથા ઔરતને તેમના ખાસ કપડામાં જ રાખવામાં આવે તે સિવાય વધુ કોઈ વસ્તુ રાખવામાં ન આવે. તે વસ્તુઓ સિવાય જેની રજા ઉલમાએ કિરામ તથા મુકદ્દસ ફુકહાએ આપેલ છે. દા.ત. શજરા શરીફ વગેરે રાખી શકાશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ અબુલહસન કાદરી,

**રજૂ** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી *(મુતઅલ્લિમ: દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સાઊથ આફ્રિકા)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

**કાર્યાલય**

### મરહબા ! તાજે શરીઅત કી આમદ મરહબા !

યાદગારે આ'લા હઝરત, મઝહરે હુજ્જતે દીનો મિલ્લત, જાનશીને મુફતીએ આ'ઝમે દીનો મિલ્લત, શાહઝાદાએ મુફસ્સિરે મિલ્લત, આબરૂએ અહલે સુન્નત હઝરત ક઼િબ્લા કાઝીયુલ ક઼ઝા સૈયદી મુફતી હુઝૂર અખ્તર રઝાખાં અઝહરી مدظلہ العالی આલે રસૂલ હઝરત સૈયદ ઝયનુલ આબેદીન નડિયાદવાળા સાહબની દા'વત પર તશરીફ લાવ્યા. તા. ૮–મે–૨૦૦૭ બપોરે ૧૨.૩૦ કલાકે બરોડા એરપોર્ટ પર વિવિધ સાદાતે એઝામ, ઉલમાએ કિરામ, તલબા તેમજ અકીદતમંદોની ભીડમાં ખાસ કરીને મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનાકાહે અહલે સુન્નત–વડોદરા)ની હાજરીમાં હઝરત તાજુશ્શરીઅહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આપના નૂરાની ચહેરાની ઝિયારતથી લોકો ફયઝ્યાબ થયા. સૌ પ્રથમ વડોદરામાં હઝરત તાજુશ્શરીઅહએ મોઈને મિલ્લતના દૌલતખાના પર હાજરી આપી સમયની તંગીના કારણે તરત નડિયાદ જવા રવાના થયા. નડિયાદ એકસપ્રેસ હાઈવેથી "તાજુશ્શરીઅહ મરહબા ! મુર્શિદે બર હક્ક઼ કી આમદ મરહબા !"ના નારાઓ સાથે માર્ગના બંને બાજુએ અકીદતમંદ યુવાનો, વડીલોએ હઝરતનું સ્વાગત કર્યું. હઝરતે જનાબ સૈયદ સાહબની સાહબઝાદી સૈયદા આલે ફાતિમા રિદા સલમા ક઼ાદરી અઝહરીની અયાદત કરી, તેણીના તથા ઘરવાળાંઓ માટે દુઆઓ કરી અને કેટલાયે લોકો સિલસિલામાં દાખલ થયા. પછી હઝરત પેટલાદ જવા વિદાય થયા હતા.

*–રજૂકર્તા : જમાઅતે રઝાએ મુસ્તફા (નડિયાદ)*

### પેટલાદમાં તાજુશ્શરીઅહનું આગમન

તા. ૮/૫/૦૭ના રોજ બપોરે નડિયાદથી હઝરત તાજુશ્શરીઅહ આણંદ ગયા જ્યાં ડો. અબ્દુર્રશીદ સાહબને ત્યાં તબીયત નાશાદ હોવાથી આરામ ફર્માવ્યો અને અસર બાદ ઔરતોને તેમજ મર્દોને બયઅત કર્યા અને મગરિબમાં પેટલાદ હઝરત ઉર્જુનશાહ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ દરગાહના મેદાનમાં હજારો અકીદતમંદો મુરીદોના ઈંતેજારનો અંત લાવી તશરીફ લાવ્યા. પેટલાદની બહારથી સ્કૂટર રેલી સાથે હઝરતનું નારાઓની ભરમાર વચ્ચે સ્વાગત કરવામાં આવ્યું. હઝરતે આવીને મગરિબ પઢાવી ત્યારબાદ સૈયદ ઝયનુલ આબેદીન સાહબે એક મન્કબત તાજુશ્શરીઅહની શાનમાં પઢી ત્યારે મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (વડોદરા) હઝરત હાફિઝ, કારી, મૌલાના મુફતી મુહમ્મદ અશરફ સાહબ (પોરબંદર) ઉપરાંત ઘણા ઉલમા, સાદાતે કિરામથી સ્ટેજ ભરાયેલું હતું. બાદમાં હઝરત કિબ્લાએ "અલ્લાહસે ડરો ! સચ્ચોં કે સાથ હો જાવ !" એના પર ઈમાન અફરોઝ રૂહાની બયાન કર્યું અને મસ્લકે આ'લા હઝરત પર મજબૂતીથી જામી જવા નસીહત કરી. ત્યારબાદ હજારો લોકો સિલસિલા કાદરીયા, બરકાતિયા, રઝવિય્યહમાં હઝરતના હાથે બયઅત થયા છેવટે સલાતો સલામ તથા હઝરતની દુઆ પર પ્રોગ્રામ પૂર્ણ થયો.

*–રજૂકર્તા : બઝમે અઝહરી કમિટી (પેટલાદ)*

### મેહફિલે સમાએ નઅત

**હાડગુડ** : (આણંદ) મુકામે તા. ૩–૫–૨૦૦૭ના રોજ મેહફિલે સમાએ નઅતનો શાનદાર સુન્ની ઈજતેમા થયો જેમાં આણંદ ખેડા જિલ્લામાંથી હજારોની સંખ્યામાં ઈશ્કે નબીના દીવાનાઓ ઉમટી પડયા હતા. બહેનો માટે અલગ વ્યવસ્થા હતી. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ (મુંબઈ)એ પોતાના અનોખા અંદાઝમાં મજમાને નઅતે પાકના તરાનાંઓ પઢી રબની રહમતમાં તરબોળ કર્યા હતા. સાથોસાથ કુર્આનનો દેવબંદી મોલ્વીઓનો તર્જુમો તથા આ'લા હઝરતનો તર્જુમો કન્ઝુલ ઈમાનની સરખામણી કરી તેમની ખુદા વ રસૂલની ગુસ્તાખીઓને ઉઘાડી પાડી હતી. તથા નેક અમલની સુન્ની અવામને તાકીદ કરી હતી. હાડગુડના નવયુવાનોને આમોદ દા.ઉ. બરકાતે ખ્વાજા ખાતે મુબલ્લિગની તર્બિયતમાં આવવા

આમંત્રણ પાઠવ્યું હતું. નવયુવાનોની મહેનત દાદને પાત્ર હતી. અંતમાં સલાતો સલામ દુઆ સાથે મોડી રાત્રે પ્રોગ્રામ ખત્મ થયો હતો.

**હલદરવા** : મુકામે પણ એ જ પ્રમાણે તા. ૮–૫–૨૦૦૭ના રોજ રાત્રે હઝરત બાબા લુણ رحمۃ اللہ علیہના કમ્પાઉન્ડમાં સરકાર ﷺના દીવાનાઓ ઉમટી પડયા હતા. અહીં પણ જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે અમલી ઈસ્લાહની સાથો સાથ પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા નિછાવર કર્યા હતા. ખવાતીન માટે બેસવાની અલગ વ્યવસ્થા હતી. હલદરવાના નવયુવાનોએ આ પ્રોગ્રામ માટે સારી એવી મહેનત કરી હતી. પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો હતો છેવટે સલાતો સલામ દુઆ પર પૂર્ણાહુતિ થઈ હતી.

**દેવકા** : જનાબ ઈમ્તિયાઝભાઈ કિલ્લા પારડીવાળા જણાવે છે કે, દેવકા (દમણ) ખાતે તા. ૪–૫–૨૦૦૭ના રોજ ઈશા બાદ મુનાઝિરે અહલે સુન્નત હઝરત મૌલાના સગીર અહમદ જોખનપુરી સાહબે ઈખ્તિયારે નબી ﷺ પર કુર્આન–હદીષની રૂએ ઈમાન અફરોઝ તકરીર કરી વહાબીઓને આડે હાથ લીધા હતા. દેવબંદી કિતાબ 'તકવિયતુલ ઈમાન'નું લખાણ કે "જિસ્કા નામ મુહમ્મદ યા અલી હે વો કિસી ચીઝ કે માલિકે મુખ્તાર નહીં !" તેની ભરપુર રદ કરી તે વાક્યને ગુમરાહનું લખાણ સાબિત કર્યું હતું. નાસિરે મસ્લકે આ'લા હઝરત જનાબ ઝાકિરભાઈ પીરવાલાએ ખૂબ જ મહેનતપૂર્વક આયોજન કર્યું હતું. રબ તઆલા જઝાએ ખૈર અતા કરે અને તેમના સૌ સહાયકો કાર્યકરોના ઈમાનને ઔર પુખ્તા બનાવે, મસ્લકે આ'લા હઝરત પર કાયમ રાખે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જંબુસરમાં જશ્ને ગૌષે આ'ઝમ

ખારા કૂવા મસ્જિદ (જંબુસર)થી જનાબ હાફેઝ ઈમ્તિયાઝ સાહબ જણાવે છે કે ખારાકૂવા–મિર્ઝાવાડીમાં તા. ૪–૫–૨૦૦૭ ઈશાબાદ 'જશ્ને ગૌષે આ'ઝમ' મનાવાયો જેમાં નઅતો મન્કબત બાદ જનાબ મૌલાના સાદિક સાબરી દહેગામીએ તથા મુકર્રિરે શોલાબયાં હઝરત મૌલાના સૈયદ કમર કુત્બી કારંટવી સાહબે પોતાના અનોખા અંદાઝમાં શાને ગૌષિયતમાં તકરીર કરી હતી. છેવટમાં હાફેઝ ઈમ્તિયાઝ દહેગામીએ સલાતો સલામ પઢાવી હતી. દુઆ, ફાતેહા બાદ ન્યાઝ વહેંચાઈ હતી. એ જ પ્રમાણે અગાઉ તા. ૪–૪–૨૦૦૭ જુમેરાતે ભાગલીવાડ ટેકરા પર મીલાદુન્નબી ﷺના પ્રસંગે જનાબ મૌલાના સાદિક દહેગામીએ શાને મુસ્તફામાં ઈમાન અફરોઝ તકરીર કરી હતી.

**સૂરત** : રઝા લાયબ્રેરી (સૂરત) જણાવે છે કે સિદ્દીક સ્કવેર, અડાજણ પાટીયા ખાતે શનિવારે, જશ્ને ગૌષિયા નિમિત્તે ૧૦.૩૦ કલાકે ખત્મે કાદરિયા પછી મેહફિલે મીલાદ ત્યારબાદ બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી. સલાતો સલામ દુઆ બાદ ન્યાઝ જમાડવામાં આવી.

**જામનગર** : જામનગર શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને તેમજ બાતિલ ફિર્કા જેમ કે વહાબી, દેવબંદી, નજદી, તબ્લીગીઓની ગતિવિધિઓને રોકવાના ઈરાદાથી તથા તેમને જડબાતોડ જવાબ આપવાની નિયતથી એક શાનદાર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ તેમાં તા. ૨૦–૪–૦૭ ઈશા બાદ, કાલાવાડ ગેટ રોડ ખાતે હિંદુસ્તાનના મશ્હૂરો મઅરૂફ ખતીબે ઝીશાન મુકર્રિરે શોઅલા બયાન, ખાનદાને અહલે બયતના ફૂલ હઝરત હઝરત અલ્લામા મૌલાના સૈયદ શીરાઝ અઝહર સાહબ (મુંબઈ) શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના અલ્હાજ સૈયદ સલીમ બાપુ રઝવી, નૂરી સાહબે તશરીફ લાવી પોતાના મખ્સૂસ અંદાજમાં બાતિલ ફિર્કાઓની ગલત માન્યતાઓ પર રોશની નાખી તેમનો પર્દાફાશ કર્યો હતો.

## અલ્લાહનું ઘર બનાવવા મદદની અપીલ

મુ. આંતી, તા. પાદરા , જિ. વડોદરા ખાતે ૧૦૦ વર્ષ જૂની જુમ્આ મસ્જિદ છે. હાલમાં મસ્જિદ જર્જરિત હાલતમાં છે. ચોમાસામાં વરસાદનું પાણી અંદર પડે છે. તો તેને શહીદ કરી નવી બનાવવાની ઘણી જ જરૂર છે. કારણ કે વસ્તીના ધોરણે મસ્જિદ પણ નાની પડે

છે. તો નવુ બાંધકામ કરવાનું હોઈ ખર્ચ મોંઘવારીના હિસાબે મોટો થવા સંભવ છે અને ગામ લોકો ખેતી ઉપર નિભાવ કરે છે તેથી ગામની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે. તો કૌમનાં સખીદાતાઓને દર્દમંદાનાં ગુજારિશ છે કે સદર મસ્જિદના બાંધકામમાં ભરપુર ઈમદાદ આપી, અપાવી જન્નતમાં આપનો આલીશાન મહેલ બનાવો. મદદ મોકલવા સપંર્ક કરો :–

પ્રમુખ જુમ્આ મસ્જિદ ટ્રસ્ટ (રજી. નં. બી–૧૬૨) (૧) પીરઝાદા હાજી શૌકતઅલી હસનઅલી (મો. ૯૮૨૫૨ ૪૬૩૯૯) (૨) મલેક નૂરમુહમ્મદ હસનભાઈ (શફીભાઈ) મુતવલ્લી, મુા.પો. આંતી, તા. પાદરા, જિ. વડોદરા, બેન્ક A/c. ૫૦૭૧, બેન્ક ઓફ બરોડા (સેજાકુવા શાખા)

## શાદી મુબારક થજો !

**તરસાલી (ભાલોદ)** : થી મલેક કાસમ ગુલામ રસૂલ જણાવે છે કે તેમના નેક ફરઝંદ ગુલામ મુહ્યુદ્દીનની શાદી સૂરત મીઠી ખારીના રહેવાસી શેખ વજીરભાઈની નેક દુખ્તર ખાતૂનબાનુ સાથે તા. ૧૬–૪–૦૭ના રોજ રાખવામાં આવી.

**દીવ** : થી (અલ ફિઝઝા ટ્રેડર્સ) મુહમ્મદ અબ્દુલ્લાહ વોરા એન્ડ ફેમેલી જણાવે છે કે તેમની નેક પૌત્રી સમીના (**D/o.** વોરા ઈકબાલ મુહમ્મદ)ની શાદી મોહ્યુદ્દીન (**S/o.** વોરા નૂર મુહમ્મદ એડનવાળા–મુંબઈ) સાથે ૭–૫–૨૦૦૭ના રોજ રાખવામાં આવી.

**મુંબઈ** : મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ મુહમ્મદ (S/o. સૈયદ હબીબુર્રહમાન)ની શાદી રિઝવાના (D/o. શબ્બીર મુહ્યુદ્દીન મુલ્લા) સાથે જુમ્આના રોજ ૯ રબી. આખર હિ.સ. ૧૪૨૮ અંગ્રેજી તા. ૨૭–૪–૨૦૦૭)ના રોજ અસર બાદ ગુલીકર મસ્જિદ–રાજપુર જિ. રત્નાગીરી ખાતે રાખવામાં આવી. રિસેપ્શન કમ ડીનર તા. ૨–૫–૦૭ના રોજ મુંબઈમાં રાખવામાં આવેલ. (સૈયદ સાહબ તથા કુટુંબીજનોને અમારા ખાસુલ ખાસ મુબારકબાદ !)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**ભરૂચ** : બાયપાસ શાહ ઉર્જુન રેસ્ટોરન્ટ & અમદાવાદી તવા ફ્રાયવાળા જનાબ આશિકઅલી બાવા (પેટલાદવાળા)ની નેક દુખ્તર શબનમબાનુની શાદી ઈમરાન (S/o. રસીદભાઈ કાઝી ન્યુ કોહિનૂરવાળા–ભરૂચ) સાથે તા. ૧૫–૫–૨૦૭ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**દહેગામ** : (તા. જંબુસર)થી મલેક ઈકબાલ અહમદ મુરાદ જણાવે છે કે તેમના ભાઈ મુહમ્મદ ફીરોઝની શાદી દહેગામ નિવાસી અબ્દુલ હસન મુરાદની નેક દુખ્તર ઝયનબ બાનુ સાથે તા. ૧૪–૫–૨૦૦૭ના રોજ રાખવામાં આવે. (મુબારકબાદ !) ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

## ઈન્તેકાલ પુરમલાલ

**મછાસરા** : ખાતે હજીયાણી બીબીબેન હાજી મુહમ્મદભાઈ પટેલનો તા. ૨૬–૪–૨૦૦૭ના રોજ જુમેરાતે ઈન્તેકાલ થઈ ગયો. તેમના ફરઝંદ જનાબ અબ્દુલ અઝીઝભાઈ તરફથી બરકાતે ખ્વાજા (માસિક)ને મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૨૦૦/– મળ્યા છે. રબ્બે કરીમ તેમની આ નેકીને કબૂલ ફર્માવે અને મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**દયાદરા** : ખાતે મર્હૂમ મૂસા વલી ખાન તા. ૧૭–૪–૨૦૦૭ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ ચુસ્ત સુન્ની તથા નેક નમાઝી હતા. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે.

**નબીપુર** : મુકામે અ. ગફૂર દસુ તા. ૩/૫/૦૭ના રોજ ઈન્તેકાલ કરી ગયા, હાઈવે પર સ્કૂટર અકસ્માતમાં બે દિવસ હોસ્પિટલમાં રહ્યા. મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળાએ મર્હૂમની નમાઝે જનાઝા પઢાવી હતી.

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

➔ પટેલ યુવતી, જ. તા. ૨૧/૧૦/૧૯૮૬, એજ્યુ. હાલ F.Y.B.A, પ્રાથમિક દીની તા'લીમ, કોમ્પ્યુટર બેઝીક–ટેલરીંગની પ્રાથમિક તા'લીમ.

➔ પટેલ યુવતી, જ. તા. ૧૯૮૨, એજ્યુ. B.A.Bed સ્પે. ઈંગ્લિશ, હાલ : ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ટીચર, દીની પ્રાથમિક તા'લીમ, નમાઝ વગેરેની પાબંદી.

➔ પટેલ યુવતી : ઉંમર–૨૭ વર્ષ, ઘઉંવર્ણી, S.S.C. પાસ, ટેલરીંગ જાણકાર, ઉંચાઈ : ૫.૫', પ્રાથમિક દીની તા'લીમ, દીનદાર નમાઝની પાબંદ.

➔ સંઘી યુવતી , જ.તા. ૨૬/૬/૧૯૭૫, અભ્યાસ M.Com, રંગ ઘઉંવર્ણો, ઊંચાઈ : ૫.૩', ફેમેલી સ્થિતિ : બે ભાઈઓ, પૈકી એક U.K.માં, એક ઈન્ડિયામાં અનમેરીડ.

➔ શેખ યુવતી, જ. તા. ૧૪–૯–૧૯૭૪ એજ્યુ. B.A., ઊંચાઈ : ૫.૧", જાણકારી : સ્ટીચીંગ, પેઈન્ટિંગ, નીટીંગ, હેન્ડીક્રાફટ, કુકીંગ, કુર્આનની તિલાવત વગેરે. પિતા. રિટા. ગવર્નમેન્ટ ઓફીસર

➔ કુરૈશી યુવતી (સિપાઈ), ઉમર : ૨૮, અભ્યાસ : ૧૨ પાસ, નમાઝની તિલાવતની પાબંદ, રસોઈ ઘરકામ, લેડીઝ સિલાઈ કામની જાણકાર, દીની શોખ, ઔરતોમાં ઈજતેમા કરવા વગેરે શોખ, દીનદાર નોકરીયાત કે ધંધાદારી યુવાન પસંદગીને પાત્ર.

➔ સૈયદ યુવાન, જ.તા. ૨૬/૪/૧૯૭૯, ઊંચાઈ : ૬", એજ્યુ. M.Com. 1st class, ડિપ્લોમા ઈન બિઝનેસ મેનેજમેન્ટ 1st class, જોબ : એકાઉન્ટન્ટ (હાલ : કુવૈત) કોન્ટ્રાકટ બાદ ઈન્ડિયા સ્થાયી થશે.

➔ સૈયદ યુવાન, જ. તા. ૮/૪/૧૯૮૩, એજ્યુ. B.Com., કોમ્પ્યુટર FAC, જોબ : એકાઉન્ટન્ટ–પ્રા. કંપની, પિતા : સેન્ટ્રલ એકસાઈટ ઈન્સપેકટર.

➔ કાઝી યુવાન, જ.તા. ૩/૬/૭૮, એજ્યુ. ધો. ૧૨ પાસ, ITI કોમ્પ્યુટર કોર્સ, ધંધો : એડવર્ટાઝિંગ

➔ કાઝી યુવાન, જ. તા. ૨૨/૧૦/૧૯૮૧ (અન્ય વિગત ઉપર મુજબ)

➔ કાઝી યુવતી, જ.તા. ૩૦/૫/૧૯૮૫, એજ્યુ. ૧૨ પાસ, ઘરકામ, દીની તા'લીમ, કુર્આનની તિલાવત વગેરે

**સંપર્ક સ્થળ** : બરકાતે ખ્વાજા મંથલી (કાર્યાલય) C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન, **સુન્ની મેરેજ બ્યૂરો સેકશન**, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email** : anjuman2006@hotmail.com

**નોંધ** : યોગ્ય સુન્ની પાત્ર મેળવવા માટે યુવાનો–યુવતીઓ આ **"સુન્ની મેરેજ બ્યૂરો"** કોર્નર ખાતે પોતાના બાયોડેટા મોકલી દેશ વિદેશથી અમારો સંપર્ક કરી શકે છે. [U.K. ખાતે મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન), ફોન : ૮૮૭૮૬૧, U.S.A. ખાતે મૌલાના મક્કી–ચિકાગો, મો. ૦૦૧૭૭૩૮૬૫૨૩૧૬]